


## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **ખેડુતોની આવક 2022 સુધીમાં બમણી કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય કૃષિ અને ખેડુત કલ્યાણ મંત્રાલયે 1 જૂનથી 31 જુલાઇ, 2018 દરમિયાન કૃષિ કલ્યાણ અભિયાનનો આરંભ કર્યો છે.**

→ જે અંતર્ગત ખેડુતોને ઉત્તમ ટેકનિક અને આવક વધારવા અંગે સહાયતા અને સલાહ સુચનો અપાશે.

→ કૃષિ કલ્યાણ અભિયાન 111 આકાંક્ષી જીલ્લાઓના 1,000 થી વધુ વસતી ધરાવતા પ્રત્યેક 25 ગામોમાં ચલાવાઇ રહ્યું છે. આ ગામડાંઓની પસંદગી ગ્રામીણ વિકાસ મંત્રાલયે નીતિ આયોગની માર્ગદર્શિકા અનુસાર કરી છે. જે જીલ્લાઓમાં 1,000 થી વધુ વસતી ધરાવતા ગામોની સંખ્યા 25 થી ઓછી છે તેના તમામ ગામોને અભિયાન હેઠળ આવરી લેવાશે.

➢ **કૃષિ કલ્યાણ અભિયાનની પ્રવૃત્તિઓ...**

- મૃદા (જમીન) સ્વાસ્થય કાર્ડોનું તમામ ખેડુતોમાં વિતરણ. પ્રત્યેક ગામમાં પ્રાણીઓ (ઢોરઢાંખર) ને ખરી અને મોઢાના રોગ (FMD) થી બચવા માટે 100% બોવાઇન રસીકરણ, ઘેટાં અને બકરામાં બીમારીથી બચરા માટે 100% કવરેજ.
- તમામ ખેડુતોમાં દાળ તથા તેલીબિયાંની મિની કિટનું વિતરણ. પ્રતિ પરિવાર 5 બાગબાની / કૃષિ ફોરેસ્ટ્રી વાંસના છોડવાઓનું વિતરણ, કૃત્રિમ ગર્ભાધાન અંગે જાણકારી આપવી, સૂક્ષ્મ સિંચાઇ સાથે જોડાયેલા કાર્યક્રમોનું પ્રદર્શન, બહુ નીપજ કૃષિ પદ્ધતિઓનું પ્રદર્શન.

❖ **રજીસ્ટર જનરલ ઓફ ઇન્ડિયાએ ભારતમાં માતૃ મૃત્યુ દરમાં મહત્વનો ઘટાડો દર્શાવતા નવા આંકડા જારી કર્યા છે. જે અનુસાર ભારતમાં વર્ષ 2011-13 માં માતૃ મૃત્યુ દર 167 હતો તે વર્ષ 2014-16 માં ઘટીને 130 થઇ ગયો હતો. જે માતૃ મૃત્યુ દરમાં વિક્રમી 22% નો મહત્વપૂર્ણ ઘટાડો સુચવે છે.**

→ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) અનુસાર, માતૃ મૃત્યુદર એટલે કોઇ મહિલા ગર્ભવતી હોય અથવા તો ગર્ભાવસ્થાની સમાપ્તિના 42 દિવસમાં તેનું મોત નીપજે તો તેને માતૃ મૃત્યુ કહેવાય છે. માતૃ મૃત્યુ દરને પ્રતિ 1,00,000 જીવિત જન્મોના માતૃ મૃત્યુની સંખ્યા તરીકે વ્યાખ્યાતિ કરાય છે.

→ આ ઘટાડો એમ્પાવર્ડ એક્શન ગ્રુપ (EAG) રાજયો (246 થી ઘટીને 188) માં સૌથી મહત્વપૂર્ણ છે. જેમાં બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને આસામ સામેલ છે.

→ ઉત્તર પ્રદેશ 30% ઘટાડો સાથે રાજયોના રેન્કિંગમાં સૌથી ઉપર છે. માતૃ મૃત્યુ દર અંગેના અહેવાલમાં જણાવાયુ હતું કે દક્ષિણના રાજયોમાં તે 93 થી ઘટીને 77 અને અન્ય રાજયોમાં 115 થી ઘટીને 93 થયો છે.

❖ **લિમ્ફેટિક ફાઇલેરિયા (હાથીપગા) ની બિમારીને નાબુદ કરવા અંગે વૈશ્વિક ગઠબંધનની 10 મી બેઠક ભારતની રાજધાની નવી દિલ્હીમાં યોજાઇ હતી જેનું ઉદ્ઘાટન કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ કર્યું હતું. ભારતે બીજી વખત આ બેઠકની મેજબાની કરી છે. અગાઉ 2002 માં ભારતે લેમ્ફેટિક ફાઇલેરિયા (હાથીપગા) અંગેના વૈશ્વિક ગઠબંધનની પ્રથમ બેઠક યોજી હતી.**

→ લિમ્ફેટિક ફાઇલેરિયા (LF) સામાન્ય રીતે હાથીપગા તરીકે ઓળખાય છે. હાથીપગો કેટલીક સૌથી જૂની અને સૌથી ઉપેક્ષિત ઉષ્ણકટિબંધીય બીમારીઓ પૈકીની એક છે જે ભારત સહિત વિશ્વના 73 દેશોમાં હાલમાં ફેલાયેલી છે. હાથીપગાનો રોગ મુખ્યત્વે વુશેરેરિયા બેનક્રોફટી પટ્ટીકૃમિ દ્વારા થાય છે તથા કયુલેક્ષ મચ્છર દ્વારા ફેલાય છે. આ મચ્છર જમા થયેલ ગંદા પાણીમાં ઉછરે છે.

❖ **સુપ્રિમ કોર્ટે નવી રોસ્ટર સિસ્ટમની ઘોષણા કરી ...**

→ ન્યાયમૂર્તિ **જે.ચેલમેશ્વરની** નિવૃત્તિના બે દિવસ બાદ સુપ્રિમ કોર્ટે કેસોની ફાળવણી માટે 24 જૂન, 2018 ના **નવી રોસ્ટર પ્રથા** જારી કરી છે. જે 2 જુલાઇ, 2018 થી લાગુ થઇ ગઇ છે.

➢ **સુપ્રિમ કોર્ટનું નવું રોસ્ટર ...**

- મુખ્ય ન્યાયમુર્તિ **દીપક મિશ્રાની** અધ્યક્ષતા હેઠળની બેન્ચ તમામ જાહેર હિત અરજીઓ, સામાજીક ન્યાય, ચુંટણી, હેબિયસ કોર્પસ તથા કોર્ટના અનાદર સંબંધિત અરજીઓની સુનાવણી હાથ ધરશે.
- ન્યાયમૂર્તિ ચેલમેશ્વરની નિવૃત્તિ બાદ સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમુર્તિ બની ચુકેલા **રંજન ગોગોઇ** શ્રમ કાનુનો, પરોક્ષ વેરાઓ, પર્સનલ લો તથા કંપની કાયદા સાથે સંકળાયેલા મામલાઓની સુનાવણી હાથ ધરશે.

Banking Academy

- ન્યાયમુર્તિ **મદન બી. લોકુરની** અધ્યક્ષતા હેઠળની બેન્ચને સેવા, સામાજીક ન્યાય, પર્સનલ લો, જમીન સંપાદન, ખાણ તથા ખનિજ, ગ્રાહક રક્ષણ તથા સશસ્ત્ર અને અર્ધસૈનિક દળો સાથે સંકળાયેલા કેસોની સુનાવણી કરવાની જવાબદારી સોંપાઇ છે.
- ન્યાયમુર્તિ **મદન બી. લોકુર** પર્યાવરણીય અસંતુલન, વન સંરક્ષણ, વન્યજીવ સંરક્ષણ, વૃક્ષોનું છેદન તથા ભુગર્ભ જળ સ્તર સાથે સંકળાયેલા મામલાઓની સુનાવણી પણ કરશે.
- ન્યાયમુર્તિ **જોસેફ**ની બેન્ચને શ્રમ કાયદાઓ, ભાડુઆત કાનુન, પારિવારિક કાયદો, કોર્ટની તિરસ્કાર તથા પર્સનલ લો સંબંધી મામલાઓ સોંપાયા છે. તેઓ ધાર્મિક તથા પરમાર્થ દાન સિવાય તમામ ભુમિ કાયદાઓ અને કૃષિ ભાડુતોના કેસોની સુનાવણી પણ કરશે.
- સુપ્રિમ કોર્ટની 5 સભ્યોની કોલેજિયમના નવા સદ્દસ્ય ન્યાયમુર્તિ **સિકરી**ની બેન્ચ પ્રત્યક્ષ અને પરોક્ષ વેરાઓ, ચુંટણી તથા આપરાધિક મામલાઓ, પર્સનલ લો, અદાલતની અવમાનના, સામાન્ય દીવાની બાબતો તથા ન્યાયિક અધિકારીઓની નિમણુંકોના મામલાઓની સુનાવણી સંભાળશે.

### ❖ રાષ્ટ્રપતિએ 'સૌર ચરખા મિશન' લોન્ચ કર્યું ...

→ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 27 જૂન, 2018 ના સંયુકત રાષ્ટ્ર MSME દિવસના અવસરે 'સૌર ચરખા મિશન' લોન્ચ કર્યું છે, જેથી સુક્ષ્મ, લઘુ તથા મધ્યમ સાહસો (MSME) દ્વારા નિભાવવામાં આવેલી મહત્વપૂર્ણ ભુમિકાને દર્શાવી શકાય. વિશ્વ MSME દિવસ 27 જૂનના અવસરે આયોજીત ઉદ્યમ સંગમ દરમિયાન ઉપરોકત મિશન શરૂ કરાયું હતું.

- સૌર ચરખા મિશનમાં MSME મંત્રાલય ઇશાન ભારત સહિત સમગ્ર દેશમાં 50 કલસ્ટર્સને સામેલ કરશે. પ્રત્યેક કલસ્ટર 400 થી 2,000 કારીગરોને નિયુકત કરશે. તેનો આખરી ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી ઊભી કરવાનો તથા હરિત અર્થતંત્રમાં યોગદાન આપવાનો છે.
- તેનો વધુ ઉદ્દેશ પહેલમાં દેશભરની 5 કરોડ મહિલાઓને પણ સાંકળી લેવાનો છે. સૌર ચરખા મિશન પ્રથમ બે વર્ષ દરમિયાન એક લાખ નોકરીઓનું સર્જન કરશે તેવી અપેક્ષા છે.
- આ ઉપરાંત આ પ્રસંગે MSME ક્ષેત્ર માટે સંપર્ક પોર્ટલ (sampark. msme.gov.in) નામનું પોર્ટલ પણ શરુ કરાયુ હતું. જેની મદદથી રોજગાર આપનાર અને મેળવનારને જોડવામાં આવશે.

### ❖ અટલ ભૂજળ યોજના માટે વિશ્વ બેંક ભંડોળ મંજુર કર્યું ...

→ વિશ્વ બેંક જળ સંસાધન અને નદી વિકાસ મંત્રાલયની રૂા. 6,000 કરોડની કેન્દ્રીય ક્ષેત્રની **અટલ ભૂજળ યોજનાને** મંજુરી આપી છે. અટલ ભૂજળ યોજના **વર્લ્ડ બેંકની સહાયથી 2018-19 થી 2022-23 ના 5 વર્ષના** સમયગાળામાં અમલી બનાવાશે.

- આ યોજના દેશના મોટાભાગના વિસ્તારોમાં **ભૂગર્ભ જળના સ્ત્રોતની ગંભીરતાનો ઉકેલ લાવવા** જળ સંસાધન મંત્રાલયે ઘડી કાઢી છે.
- યોજના અંતર્ગત ઓળખી કઢાયેલા પ્રાથમિકતાના ક્ષેત્રો **ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ** રાજયોના છે. આ રાજયો ભારતમાં ભૂગર્ભ જળની દ્રષ્ટિએ વધુ પડતા વપરાઇ ગયેલા, ગંભીર અને ઓછા ગંભીર જીલ્લાઓની કુલ સંખ્યાના આશરે 25% નું પ્રતિનિધિત્વ કરે છે.

### ❖ વાયુ પ્રદુષણની 2016 માં 42 લાખ લોકોના મોત : સંયુકત રાષ્ટ્ર ...

→ સંયુકત રાષ્ટ્ર દ્વારા તાજેતરામં જારી કરાયેલા અહેવાલમાં ચોંકાવનારો દાવો કરાયો છે કે **વર્ષ 2016 માં વાયુ પ્રદુષણના ઊંચા સ્તરને** કારણે **વિશ્વભરમાં 42 લાખ લોકોનાં** મોત થયા છે.

➢ **2.5 માપદંડ સ્તર ...**

- **વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન** (WHO) દ્વારા હવાનું પ્રદુષણ માપવા માટે **PM સ્તર 2.5 ને** માપદંડ બનાવાયો છે જેના આધારે વિશ્વભરમાં વાયુ પ્રદુષણનું સ્તર નિર્ધારિત કરવામાં આવે છે. PM 2.5 હવામાં ફેલાયેલા અતિ સુક્ષ્મ ખતરનાક કણ છે. **2.5 માઇક્રોગ્રામથી** પણ નાના આ કણોને **પાર્ટિકયુલેટ મેટર** 2.5 અથવા PM 2.5 કહેવામાં આવે છે. પ્રત્યેક કયુબિક મીટર હવામાં PM 2.5 કણોના સ્તરના આધારે હવામાં પ્રદુષણનું મુલ્યાંકન કરાય છે.

### ❖ કેન્દ્ર સરકારે ગામડાંઓમાં 5,000 વાઇ-ફાઇ ચૌપાલોનો આરંભ કર્યો ...

→ કેન્દ્રીય ઇલેકટ્રોનિક અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે (Meity) 11 જૂન, 2018 ના સમાન સેવા કેન્દ્રો (કોમન સર્વિસ સેન્ટર -CSCs) ની ભાગીદારીમાં ગામડાંઓમાં **5,000 વાઇ-ફાઇ ચૌપાલો** તથા **રેલ ટિકિટોની ડિલિવરીનો** શુભાંરભ કર્યો છે. આ સેવાઓનું ઉદ્દઘાટન નવી દિલ્હીમાં કેન્દ્રીય પ્રધાનો **રવિશંકર પ્રસાદ તથા પીયુષ ગાયલે** કર્યો હતો.

- આ સેવાનો મુખ્ય ઉદ્દેશ ભારત નેટના માધ્યમથી **ગ્રામીણ ઇન્ટરનેટ કનેકિટવિટીને** બદલવાનો છે. તે ગ્રામીણ વિસ્તારોમાં **60,000 વાઇ-ફાઇ હોટ સ્પોટ** પ્રદાન કરશે. આ વાઇ-ફાઇ ચૌપાલો ભારતનેટ અંતર્ગત **ઓપ્ટિકલ ફાબઇર નેટવર્ક** મારફત ગ્રામ પંચાયતોને પુરી પડાતી બ્રોડબેન્ડ કનેકિટવિટી ઉપરાંત હશે.
- ભારતનેટ એ કેન્દ્ર સરકારનો **ગ્રામીણ ઇન્ટરનેટ કનેકિટવિટી કાર્યક્રમ** છે જેનો અમલ **ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિ.** (BBNL) દ્વારા કરાઇ રહ્યો છે. તે ઓપ્ટિકલ ફાઇબરના ઉપયોગ થકી હાથ ધરાયેલો વિશ્વનો સૌથી મોટો ગ્રામીણ બ્રોડબેન્ડ કનેકિટવિટી કાર્યક્રમ છે, તેનો હેતુ 2 Mbps થી 20 Mbps સુધીની બ્રોડબેન્ડ કનેકિટવિટી કિફાયતી દરે પુરી પાડીને ડિજિટલ ઇન્ડિયાનું સપનું સાકાર કરવાનો છે.

### ❖ સ્વચ્છ આઇકોનિક પ્લેસ પ્રોજેકટ અંતર્ગત NTPC એ ચારમીનારને દત્તક લીધો ...

→ **NTPC લિ.** (નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન) એ ભારતના **સ્વચ્છ આઇકોનિક પ્લેસ પ્રોજેકટ** અંતર્ગત **હેદરાબાદના ઐતિહાસિક ચારમીનારને** દત્તક લીધો છે. આ પ્રોજેકટ કેન્દ્ર સરકારના **સ્વચ્છ ભારત મિશન** હેઠળ એક વિશેષ અભિયાનનો હિસ્સો છે.

Banking Academy

❖ **ન્યૂક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (NSG) ની પૂર્ણ બેઠક લાતવિયાએ વર્ષ 2018-19 માટે NSG નું અધ્યક્ષપદ સ્વીકાર્યા બાદ જુર્મલામાં યોજાઇ હતી. આ સાથે લાતવિયા NSG નું અધ્યક્ષપદ હાંસલ કરનારો પ્રથમ બાલ્ટિક દેશ બની ગયો છે.**

→ NSG **એક બહુરાષ્ટ્રીય સંસ્થા** છે જે પરમાણું શસ્ત્રોના વિકાસ માટે ઉપયોગમાં આવી શકે તેવી સામગ્રીની નિકાસ તથા પુનઃ હસ્તાંતરણને નિયંત્રિત કરી પરમાણુ પ્રસાર ઘટાડવાનું કાર્ય કરે છે. તેની **સ્થાપના 1974 માં** ભારતે **'સ્માઇલિંગ બુદ્ધ'** એવા સાંકેતિક નામથી રાજસ્થાનના પોખરણમાં 18 મે, 1974 માં કરેલા દેશના સૌપ્રથમ સફળ પરમાણુ પરીક્ષણોની પ્રતિક્રિયારૂપે શાંતિપૂર્ણ હેતુઓ માટેની પરમાણુ સામગ્રીનો કહેવાતો દુરૂપયોગ અટકાવવા માટે કરાઇ હતી. વર્તમાનામાં **NSG ના સભ્ય દેશોની સંખ્યા 48 છે.**

❖ **સેન્ટ્રલ વોટર કમિશન** (CWC) **દ્વારા લોકોને પૂરની આગાહી પહોંચાડવા તથા પૂર સંબંધી માહિતીના સમયસર પ્રસારણ માટે સર્ચ એન્જિન ગૂગલ સાથે સહયોગ સમજૂતી કરવામાં આવી છે.**

→ CWC ની આ પહેલ **નેશનલ હાઇડ્રોલોજી પ્રોજેક્ટ (NHP)** અંતર્ગત ભારતમાં અસરકારક **પૂર વ્યવસ્થાપન માટે આપદા પ્રબંધન સંસ્થાઓને** સહાયક બનશે.

→ CWC એ કેન્દ્રીય જળ સંસાધનો, નદી વિકાસ તથા ગંગા પુનરુદ્ધાર મંત્રાલય હસ્તક કામ કરી રહેલી જળ સંસાધનો અંગેની **ભારતની સર્વોચ્ચ ટેકનિકલ સંસ્થા** છે.

❖ **પીવાના પાણી તથા સ્વચ્છતા મંત્રાલયે પીવાનું ચોખ્ખું પાણી પુરું પાડવા ભારતના 115 આકાંક્ષી જીલ્લાઓમાં સ્વજલ યોજના શરૂ કરી છે. સ્વજલ યોજાનનો રૂા.700 કરોડનું ભંડોળ વર્તમાન નેશનલ રુરલ ડ્રિન્કિંગ વોટર પ્રોગ્રામ (NRDWP) ના બજેટ હેઠળ ફ્લેક્સી-ફંડ્સ મારફત પુરું પડાશે.**

→ સ્વજલ એ **સામુદાયિક માલિકીની** પીવાના પાણીની યોજના અથવા કાર્યક્રમ છે જે પીવાના પાણીના સતત પુરવઠા માટે શરૂ કરાઇ છે. તેની અંતર્ગત પ્રોજેક્ટ ખર્ચના **90% સરકાર ભોગવે** છે જયારે શેષ **10% નું યોગદાન લાભાર્થી સમુદાયે** આપવાનું રહે છે. પ્રોજેક્ટનું સંચાલન તથા વ્યવસ્થાપન **સ્થાનિક ગ્રામજનો** દ્વારા સંભાળવામાં આવશે. યોજના હેઠળ, સરકારનો ઉદ્દેશ ગામડાંઓને સૌર ઊર્જા થકી નળ વાટે પાણી પુરવઠો પુરો પાડવાનો છે.

➢ **આકાંક્ષી જીલ્લાઓ ...**

- કેન્દ્ર સરકારે **'ન્યૂ ઇન્ડિયા'** (નવભારત) ની રચના માટેના તેના સપનાને સાકાર કરવાની તર્જ પર **વર્ષ 2022 સુધીમાં** ત્વરિત પરિવર્તન માટે 115 પછાત (આકાંક્ષી) જીલ્લાઓ પસંદ કર્યા છે.

❖ **કેન્દ્ર સરકારે નવી 'સેવા ભોજ યોજના' નો આરંભ ...**

→ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે નાણાં વર્ષ 2018-19 તથા 2019-20 માટે કુલ 325 કરોડ રૂપિયાના ખર્ચે **'સેવા ભોજ યોજના'** નામની નવી યોજના શરૂ કરી છે. આ યોજના અંતર્ગત ભોજન/પ્રસાદ/લંગર (સામુદાયિક રસોઇ) ભંડારા માટે ઘી/ તેલ/ લોટ/ મેંદો/ રવો, ચોખા, દાળ, ખાંડ, ગોળ જેવી કાચી સામ્રગીની ખરીદી પર કેન્દ્રીય GST (CGST) અને એકીકૃત GST(IGST) નો કેન્દ્ર સરકારનો ભાગ પરત આપવામાં આવશે. આ યોજાનનો ઉદ્દેશ લોકો / શ્રદ્ધાળુઓને કોઇ જાતના ભેદભાવ વગર **વિનામુલ્યે ભોજન/ પ્રસાદ/ લંગર/ ભંડારા પ્રદાન કરનારી પરોપકારી ધાર્મિક સંસ્થાઓનો નાણાકીય બોજ ઓછો કરવાનો છે.**

❖ **સરકારે આરોગ્યસંભાળ સંસ્થાઓની દેશની સૌપ્રથમ રાષ્ટ્રવ્યાપી ગણતરી હાથ ધરી ...**

→ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે **નેશનલ હેલ્થ રિસોર્સ રિપોઝિટરી (NHRR)** પ્રોજેક્ટ શરૂ કર્યો છે. બધી જ જાહેર અને ખાનગી આરોગ્ય સંભાળ સંસ્થાઓની માહિતી/આંકડા એકત્ર કરવા સમગ્ર ભારતમાં સ્વાસ્થ્યસંભાળ સંસ્થાઓની આ સૌપ્રથમવાર ગણતરી હાથ ધરાઇ છે.

- આરોગ્ય સંભાળ સંસ્થાનોની ગણતરી કલેકશન ઓફ સ્ટેટિસ્ટિક્સ એક્ટ, 2008 હેઠળ યોજવામાં આવશે.

❖ **ગાંધીજીને ટ્રેનમાંથી ધકકો મારી ઉતારી મુકવાની ઘટનાના 125 વર્ષ ...**

→ **વર્ષ 1893 ની 7 મી જૂનની** એ રાત્રે જયારે બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધીને ટ્રેનના પ્રથમ વર્ગના કોચમાંથી ધકકો મારીને હાંકી કાઢવામાં આવ્યા ત્યારે દક્ષિણ આફ્રિકાના **પીટરમેરિત્સબર્ગ સ્ટેશનના પ્લેટફોર્મના** વેઇટિંગ રૂમમાં તેમણે કડકડતી ઠંડીમાં આખી રાત પસાર કરી હતી. આ રીતે તે વેઇટિંગરૂમ રંગભેદ સામેના અહિંસક સત્યાગ્રહનું જન્મસ્થળ બન્યો.

❖ **આવકવેરા વિભાગ નવી બેનામી લેવડ-દેવડ બાતમીદાર ઇનામ યોજના શરૂ કરી ...**

→ **આવક વેરા ખાતેએ** કાળું નાણું શોધી કાઢવા તથા **કરચોરીમાં ઘટાડો** કરવાના તેના પ્રયાસોમાં લોકભાગીદારી પ્રાપ્ત કરવા એક નવી ઇનામી યોજના **'બેનામી વ્યવહારો બાતમીદાર ઇનામ યોજના, 2018'** જાહેર કરી છે. આ યોજના અંતર્ગત, **બેનામી પ્રોપર્ટી ટ્રાન્ઝેકશન્સ એક્ટ, 1988** ના સુધારેલા કાયદા **બેનામી ટ્રાન્ઝેકશન્સ (પ્રોહિબિશન) એમેન્ડમેન્ટ એક્ટ, 2016** અન્વયે કાર્યવાહીને પાત્ર બેનામી આર્થિક વ્યવહારો તથા અસ્કયામતો તેમજ આવી મિલકતોમાંથી પ્રાપ્ત કમાણીની માહિતી જોઇન્ટ અથવા એડિશનલ કમિશનર્સ ઓફ બેનામી પ્રોહિબિશન યુનિટ્સ (BPUs) ને આપશે તેને **1 કરોડ રૂપિયાનું** ઇનામ આપવામાં આવશે. જરૂરી ચોકકસ માહિતી પુરી પાડનાર **વિદેશી મુળના લોકો** પણ ઇનામ માટેના હક્કદાર રહેશે.

❖ **20 દેશોએ આયુષમાન ભારત-નેશનલ હેલ્થ પ્રોટેકશન મિશન માટે MoU કર્યા ...**

→ દેશના **20 રાજયોએ** કેન્દ્રની **આયુષમાન ભારત-નેશનલ હેલ્થ પ્રોટેકશન મિશન** (AB-NHPM) ના અમલીકરણ માટે કેન્દ્રના સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રાલય સાથે MoUs કર્યા છે.

➢ **આયુષમાન ભારત-નેશનલ હેલ્થ પ્રોટેકશન મિશન (AB-NHPM) ...**

- AB-NHPM નો ઉદ્દેશ 2011 ની સામાજીક-આર્થિક અને જાતિ આધારિત વસતી ગણતરીના આંકડાના આધારે ગરીબ અને નબળાં વર્ગના 10 કરોડ પરિવારોને વીજા કવચ પુરુ પાડવાનો છે.
- તે દર વર્ષે પ્રતિ પરિવાર **રૂા. 5 લાખની વીમા કવચ** પુરું પાડશે.
- યોજનામાં પરિવારના કદ અને સભ્યોની વય પર કોઇ મર્યાદા નથી.
- AB-NHPM માં અત્યારે કેન્દ્ર સરકારની ચાલુ બે યોજનાઓ **રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના** (RSBY) તથા સિનિયર સિટિઝન હેલ્થ ઇન્સ્યોરન્સ સ્કીમ (SCHIS) ને સામેલ કરી દેવાઇ છે.

❖ **સ્વચ્છ ભારત મિશન : ગ્રામીણ સ્વચ્છતા આવરણ 85% થી વધુ થયું...**

→ પીવાના પાણી તથા સ્વચ્છતા મંત્રાલયે જણાવ્યા અનુસાર, **સ્વચ્છ ભારત મિશન** હેઠળ ગ્રામીણ સ્વચ્છતા આવરણ 85% થી અધિક થઇ ગયું છે.

❖ **સરકારે (કેન્દ્રીય નાણાં મંત્રાલય) ગ્રામીણ માર્ગ યોજનાઓને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) અંતર્ગત વધારાના નાણાં પુરા પાડવા વર્લ્ડ બેંક સાથે 50 કરોડ ડોલર (રૂા. 3,371 કરોડ) ની લોન સમજુતી કરી છે.**

→ વર્લ્ડ બેંક MSGSY ને **ઇ.સ.2000 માં** તેની શરૂઆતથી ટેકો આપ્યો છે. અત્યાસુધીમાં તેણે મોટા ભાગે ભારતના **બિહાર, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મેઘાલય, રાજસ્થાન, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ** જેવા આર્થિક રીતે નબળા અને પર્વતીય રાજ્યોમાં લોન પેટે 1.8 અબજ ડોલરનું રોકાણ કર્યું છે.

➢ **પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) અંગે ...**

- PMGSY એ **સન-2000 માં** શરૂ કરાયેલી **કેન્દ્ર સરકારના** સંપૂર્ણ ભંડોળથી પ્રાયોજીત યોજના છે. તેનો ઉદ્દેશ મેદાની વિસ્તારોમાં **500 કે તેથી વધુ લોકોની** તથા પર્વતીય રાજયો, રણ વિસ્તારો, આદિવાસી ક્ષેત્રો અને પસંદગીના આદિવાસી તથા પછાત જીલ્લાઓમાં 250 કે તેથી વધુ વસતી ધરાવતા તમામને ગામડાંઓમાં બધી જ ઋતુઓમાં ઉપયોગમાં લઇ શકાય તેવા માર્ગો બનાવવાનો છે. **કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય** આ યોજાનના અમલીકરણ માટેની નોડલ એજન્સી છે.
- આ યોજના માટે હાઇ સ્પીડ ડીઝલ પર **75 પૈસા પ્રતિ લિટર સેસ** વસુલવામાં આવે છે.

❖ **ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમ લોન્ચ કરતા ફેસબુકે NCW સાથે ભાગીદારી કરી ...**

→ સોશિયલ નેટવર્કિંગ જાયન્ટ **ફેસબુકે ઇન્ટરનેટ** અને સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ અંગે **મહિલાઓને તાલીમબદ્ધ** કરવા માટે **ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમ** આરંભવા **રાષ્ટ્રીય મહિલા પંચ** (NCW) સાથે ભાગીદારી કરી છે. આ કાર્યક્રમ માટે ફેસબુક સાયબર સુરક્ષાના તમામ પાસાઓ સંબંધિત તાલીમ સાથે સંકળાયેલા એક સિવિલ સોસાયટી સંગઠન **ઝારખંડના રાંચી સ્થિત સાયબર પીસ ફાઉન્ડેશન** (CPF) સાથે સહયોગ સાધ્યો છે.

➢ **નેશનલ કમિશન ફોર વીમેન** (NCW) **અંગે...**

- NCW એટલે કે **નેશનલ કમિશન ફોર વીમેન એક વૈધાનિક સંસ્થા** છે. જેની સ્થાપના નેશનલ કમિશન ફોર વીમેન એકટ, **1990** અંતર્ગત **જાન્યુઆરી 1992 માં** મહિલાઓ માટેના બંધારણીય તથા કાનુની સુરક્ષા ઉપાયોની સમીક્ષા કરવા કરાઇ હતી. વર્તમાનામં NCW ના **અધ્યક્ષ રેખા શર્મા** છે.

❖ **રાજયપાલો અને ઉપરાજયપાલોનું બે દિવસીય સંમેલન ...**

→ **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે** 4 જૂન, 2018 ના રાષ્ટ્રપતિ ભવનમાં **રાજયપાલો અને ઉપરાજયપાલોના** બે દિવસીય સંમેલનનું ઉદ્દઘાટન કર્યું હતું. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજીત આ **49 મું** તથા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં બીજું સંમેલન છે.

→ રાજયપાલોનું પ્રથમ સંમેલન **ઇ.સ. 1949 માં** રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયું હતું. જેની અધ્યક્ષતા ભારતના તત્કાલિન **ગર્વનર જનરલ સી.રાજગોપાલાચારીએ** કરી હતી.

❖ **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) : સરકારે 1.50 લાખ કિફાયતી આવાસો મંજુર કર્યા ...**

→ **કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે** શહેરી ગરીબોના લાભાર્થે **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)** અંતર્ગત વધુ **1.5 લાખ કિફાયતી મકાનોના** નિર્માણની મંજુરી આપી છે.

➢ **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ...**

- PMAY (U) નો ઉદ્દેશ **વર્ષ 2022** સુધીમાં શહેરી વિસ્તારોમાં બધા જ ગરીબોને આવાસો પુરાં પાડવાનો છે. તે **વડાપ્રધાનના 2022 સુધીમાં સૌને ઘરના સ્વપ્નની** નવી આવૃત્તિ છે. તેનો આશય આખા દેશમાં **બે કરોડ મકાનોના નિર્માણનો** છે.

❖ ભારતના ચૂંટણી પંચે 6 જૂન, 2018 ના માહિતી અધિકાર કાનૂન અંતર્ગત માહિતી ઇચ્છી રહેલા અરજદારોને મદદરૂપ બનવા એક **ઓનલાઇન RTI પોર્ટલ** લોન્ચ કર્યું છે. આ અવસરે **મુખ્ય ચુંટણી કમિશનર ઓ.પી. રાવત** તથા બે ચૂંટણી કમિશનરો **સુનીલ અરોરા અને અશોક લવાસા** ઉપસ્થિત રહ્યા હતા. પોર્ટલનો ઉપયોગ સામાન્ય પ્રજા ચુંટણી પંચની વેબસાઇટ **'eci.nic.in'** ના હોમ પેજ પરથી કરી શકાશે.

❖ **રેલવે મંત્રાલય હવે રેલવેના રૂપરંગ બદલવાની તૈયારી કરી રહ્યું છે. અત્યારસુધી જે ટ્રેનો બ્લૂ રંગમાં જોવા મળતી હતી તે હવે ઘેરા પીળા અને કથ્થાઇ રંગમાં જોવા મળશે. જેમાં સૌપ્રથમ દિલ્હી-પઠાણકોટ એકસપ્રેસને નવો રંગ લગાવાશે.**

Banking Academy

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં સંપૂર્ણ કાગળરહિત વાણિજ્ય ભવનનો શિલાન્યાસ કર્યો ...**

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 22 જૂન, 2018 ના **રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના અકબર રોડમાં વાણિજ્ય ભવનના** નવા કાર્યાલય પરિસરની શિલારોપણ વિધિ કરી હતી. **ડિસેમ્બર 2019 સુધીમાં બનીને તૈયાર થઇ જનારૂં** આ વાણિજ્ય ભવન સંપૂર્ણ રીતે કાગળરહિત હશે. નિર્માણાધીન વાણિજ્ય ભવનની આખી છતનો ઉપયોગ **સૌર ઊર્જા ઉત્પન્ન** કરવામાં આવશે. વાણિજ્યના બધા જ વિભાગોને એક છત હેઠળ લાવીને આ વાણિજ્ય ભવન **ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં** મદદરૂપ બનશે.

❖ **નીતિ આયોગે અટલ ટિન્કરિંગ લેબ માટે વધુ 3,000 શાળાઓ પસંદ કરી ...**

→ **નીતિ આયોગના અટલ ઇનોવેશન મિશને (AIM) અટલ ટિન્કરિ.ગ લેબ્સ** (ATLs) ની સ્થાપના માટે વધારાની 3,000 શાળાઓની પસંદગી કરી છે. આ સાથે જે ATLs શાળાઓની કુલ સંખ્યા વધીને **5,441** થઇ જશે. આ ATLs શાળાઓ થકી વર્ષ **2020 સુધીમાં 10 લાખથી વધુ આધુનિક બાળ અન્વેષકો (સંશોધકો)** તૈયાર કરવાનો માર્ગ પ્રશસ્ત યશે.

- અટલ ટિન્કરિંગ લેબનો લક્ષ્યાંક **છથી આઠ** ધોરણ સુધીની શાળાઓમાં લેબ (પ્રયોગશાળા) ની સ્થાપના કરવાનો છે.
- આ કેન્દ્રો વિદ્યાર્થીઓને **3D પ્રિન્ટિંગ, રોબોટિક્સ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ** (IoT) તથા **માઇક્રોપ્રોસેસર્સ** જેવી ટેકનોલોજીઓ સુધી પહોંચાડશે.

❖ **નેશનલ ટેસ્ટિંગ એજન્સી પેપર સેટર્સને તાલીમ આપશે ...**

→ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે ઘોષણા કરી છે કે **નેશનલ ટેસ્ટિંગ એજન્સી** (NTA) બહેતર પ્રશ્ન પત્રો સેટ કરવા તથા બહેતર આદર્શ જવાબો પુરા પાડવા **પેપર સેટરોને તાલીમ પૂરી પાડશે.** NTA ની સ્થાપના **સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન** (CBSE) તથા અન્ય શૈક્ષણિક નિયામક સંસ્થાઓને વિવિધ પરીક્ષાઓ યોજવાના બોજમાંથી રાહત આપવા માટે કરાઇ છે.

- NTA IITs તથા NITs જેવી એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે પ્રતિષ્ઠિત **જોઇન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન** (JEE) તથા દેશમાં બધી જ મેડિકલ અને ડેન્ટલ કોલેજો (AIIMS અને JIPMER પુડુચેરી સિવાય) માં પ્રવેશ માટે **નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ** (NEET) ની પરીક્ષાઓ પણ યોજશે.

❖ **ખાદી અને ગ્રામોદ્યોગ આયોગે (ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન -KVIC) એક દિવસમાં સર્વાધિક મધમાખી પાલન બોક્સનું વિતરણ કરીને વર્લ્ડ રેકોર્ડ કર્યો છે.** KVIC એ **કાશ્મીરના કુપવાડા** સ્થિત સેના ક્ષેત્રમાં આ વિતરણ કર્યું હતું. આ પૂર્વે વિશ્વ મધમાખી દિવસના અવસરે KVIC એ **કાઝિરંગા વન ક્ષેત્રમાં મિશીંગ જનજાતિ સમુદાયમાં 1,000 મધમાખી બોક્સનું** વિતરણ કરી રેકોર્ડ નોંધાવ્યો હતો.

→ KVIC એ આ યોજના (કાર્યક્રમ) નું નામ **શહદ (મધ) મિશન** રાખ્યું છે જેનો લક્ષ્યાંક વડાપ્રધાન નરેન્દ્ર મોદી મીઠી ક્રાંતિના સપનાને પૂર્ણ કરવાનો છે.

❖ **કેબિનેટે નાલંદા યુનિવર્સિટી (સુધારા) વિધેયક, 2013 પાછું ખેંચવાની મંજુરી આપી ...**

→ નાલંદા યુનિવર્સિટી એ વર્તમાન **બિહારના નાલંદા જીલ્લામાં રાજગીર** ખાતે સ્થિત પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયની પુનર્જીવિત આવૃત્તિ છે. તે એક બિનરાજકીય, બિનનફાકારક, બિનસાંપ્રદાયિક અને સ્વસંચાલિત આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. 2006 માં તત્કાલિન **રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે** તેને પુનઃ સજીવન કરવાનો વિચાર વહેતો મુકયો હતો.

→ **ઓકટોબર 2009 માં થાઇલેન્ડમાં** આયોજીત 4થી ઇસ્ટ એશિયા શિખર બેઠક ખાતે એક સંયુકત અખબારી નિવેદનના આધારે નાલંદા યુનિવર્સિટી એક્ટ, 2010 મારફતે તેની સ્થાપના કરાઇ હતી. તે (નાલંદા યુનિવર્સીટી) **વિદેશ મંત્રાલય** હેઠળ કામ કરે છે. આ યુનિવર્સિટીમાં **શૈક્ષણિક કાર્ય સપ્ટેમ્બર 2014 માં** શરૂ કરાયું હતું.

- **નોંધઃ** પ્રાચીન નર્મદા યુનિવર્સિટીની સ્થાપના ગુપ્ત રાજા **કુમારગુપ્તે** કરી હતી.

❖ ભારતીય ઇન્ફર્મેશન ટેકનોલોજી (IT) ઉદ્યોગની સર્વોચ્ચ સંસ્થા **NASSCOM (નેશનલ એસોસિએશન ઓફ સોફટવેર એન્ડ સર્વિસીઝ કંપનીઝ)** દ્વારા IT ઉદ્યોગમાં વરિષ્ઠ સ્તરે મહિલાઓની સંખ્યા વધારવા **'વીમેન વિઝાર્ડ્સ રુલ ટેક'** કાર્યક્રમ શરૂ કરાયો છે. આ કાર્યક્રમની ઘોષણા માર્ચ 2018 માં **ચેન્નાઇ** ખાતે આયોજીત **નાસ્કોમ ડાઇવર્સિટી એન્ડ ઇન્કલુઝન સમિટમાં** કરાઇ હતી.

❖ **ભારતીય સૈન્ય વર્ષ 2018 ને ફરજ દરમિયાન શરીરનાં અંગો ગુમાવીને દિવ્યાંગ (વિકલાંગ) બની જતા સૈનિકોના સન્માનમાં 'ફરજ વખતે દિવ્યાંગ બનતા સૈનિકોના વર્ષ' તરીકે ઉજવશે.**

→ આ પહેલનો મુખ્ય પ્રયાસ તબીબી કારણોસર સેવામાંથી દુર કરાયેલા તથા તેઓની શારીરિક અક્ષમતાઓને કારણે ધંધો/રોજગાર નહીં કરી શકતા દિવ્યાંગ સૈનિકોને એક સમયની **નાણાકીય સહાય** કરવાનો છે.

❖ **ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ દ્વારા ડેટામાઇન તરીકે ઓળખાતા માદક દ્રવ્યોની દાણચોરીના આંતરરાષ્ટ્રીય તરકટનો પર્દાફાશ કરવા ઓપરેશન વિટામિન ચલાવાયું હતું.**

→ મુંબઇમાંથી ત્રણ વિદેશી નાગરિકોને આ પ્રકારના ડેટામાઇન સાથે ગિરફતાર કરવામાં આવ્યા હતા. જે ડેટામાઇન ગુજરાત અને ગોવાના માર્ગે ઇંગ્લેન્ડ અને કેનેડા મોકલતા હતા.

❖ ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવાની દિશામાં મોટું પગલું ભરતાં, કેન્દ્ર સરકારે દેશની સઘળી યુનિવર્સિટીઓનું નિયમન કરનારી સંસ્થા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) સ્થાને **હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઇન્ડિયા** (HECI) ની રચના કરવાની કવાયત તેજ બનાવી છે. માનવ સંસાધન વિકાસ મંત્રાલયે આ માટે એક મુસદ્દો તૈયાર કર્યો છે. જે અનુસાર ભારતનું પ્રસ્તાવિત નવું હાયર એજ્યુકેશન કમિશન (HECI) સંપૂર્ણ રીતે શૈક્ષણિક મામલાઓ પર ધ્યાન કેન્દ્રીત કરશે જ્યારે યુનિવર્સિટીઓને અપાતી આર્થિક સહાયની બાબત હવે નાણાં મંત્રાલય હસ્તક રહેશે.

Banking Academy

- **30,000 સ્વસહાય જૂથોને સાંકળી 3,000 વન ધન કેન્દ્રો સ્થાપવા સરકારની દરખાસ્ત ...**
  → સરકારે તેની વન ધન યોજના હેઠળ સમગ્ર દેશમાં 30,000 સ્વસહાય જુથો (સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ-SHG) ને સાંકળી લઇ 3,000 વન ધન કેન્દ્રો સ્થાપવાની દરખાસ્ત કરી છે.
  - વન ધન યોજના વધાપ્રધાન નરેન્દ્ર મોદીએ 14 એપ્રિલ, 2018 ના રોજ છત્તીસગઢના બીજાપુર ખાતે આંબેડકર જયંતી ઉજવણી દરમિયાન આરંભી હતી. તેનો ઉદ્દેશ બિનઇમારતી નાના વન ઉત્પાદનો (MEP), જે વનની ખરી સંપત્તિ (વન ધન) છે તેના ઉપયોગ થકી આદિવાસીઓ માટે આજીવિકા ઊભી કરવાનો છે.

- **મોબાઇલ ફોન મેસેંજિગ એપ વ્હોટ્સએપ પર મોકલવામાં આવેલી કાનૂની નોટિસો કોર્ટમાં માન્ય પુરાવા તરીકે ધ્યાનમાં લેવાશે, તેવી સ્પષ્ટતા બોમ્બે હાઇકોર્ટે કરી છે. નોટિસની ફિઝિકલ કોપીની જેમ આ નોટિસ પણ માન્ય રહેશે.**
  → આ કેસમાં સ્ટેટ બેંકે હાઇકોર્ટને માહિતી આપી હતી કે મુંબઇનો રહેવાસી રોહિત જાધવ તેમના ફોનકોલ્સ તથા નોટિસોનો જવાબ આપવામાંથી છટકી રહ્યો છે. સ્ટેટ બેંક કોર્ટને જણાવ્યું હતું કે 8 જૂન, 2018 ના એક અધિકૃત અધિકારીઓ જાધવને વ્હોટ્સએપ થકી કાનૂની નોટિસ મોકલી હતી.

- કેન્દ્ર સરકારે પરંપરાગત તથા આધુનિક સોશિયલ મીડિયામાં **મહિલાઓને અભદ્ર તથા અશિષ્ટ રૂપે પ્રસ્તુત** કરતા લોકોને અંકુશિત કરવા **રાષ્ટ્રીય મહિલા પંચ અંતર્ગત એક કેન્દ્રીય એજન્સી** બનાવવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે 4 જૂન, 2018 ના **મહિલા અશિષ્ટ નિરુપણ (નિષેધ) કાનૂન (IRWA), 1986 માં** સુધારો કરવાની સંસદીય સમિતિની ભલામણ સ્વીકારી લીધી છે.

- **સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી અશ્વિનીકુમાર ચૌબએ રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) ના તાજેતરમાં રજુ કરેલા 11મા સમાન સમીક્ષા મિશન અહેવાલ (CRM) અનુસાર, મહિલાઓ પરિવાર નિયોજનમાં અસમાન બોજનું વહન કરે છે કેમકે દેશમાં 93% નસબંધી મહિલાઓની જ કરવામાં આવે છે.**
  → ભારતે માતૃ મૃત્યુ દરમાં વર્ષ 2013 થી **વિક્રમી 22% નો ઘટાડો** નોંધાવ્યો છે.
  → તેમણે ઉમેર્યું હતુ કે 2011-13 માં દેશમાં માતૃ મૃત્યુ દર 167 હતો તે 2013-16 માં ઘટીને **130** થઇ ગયો છે.

- **કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે દૂધાળા ઢોરઢાંખરમાંથી વધુ દુધ મેળવવા માટે મોટા પાયે ઉપયોગમાં લેવાતી દવા ઓકસીટોસિનનો દુરૂપયોગ અટકાવવા ખાનગી ક્ષેત્રમાં તેના ઘરેલુ ઉત્પાદન અને વેચાણ પર 1 જુલાઇ, 2018 થી પ્રતિબંધ લાદી દીધો છે.**
  → હવેથી કર્ણાટક એન્ટિબાયોટિક્સ & ફાર્માસ્યુટિકલ્સ લિ. જ માત્ર ઓકસીટોસિનનું ઉત્પાદન કરશે તથા નોંધણી પામેલી ખાનગી તેમજ જાહેર હોસ્પિટલોને સીધી સપ્લાય કરી શકશે.

## ગુજરાત

- **ગુજરાત સરકારની પવન-સૌર હાઇબ્રિડ ઊર્જા નીતિ ...**
  - ગુજરાત સરકારે 21 જૂન, 2018 ના **પવન-સૌર હાઇબ્રિડ વીજ (ઊર્જા) નીતિ 2018** (પવન અને સૌર ઊર્જા સંબંધી મિશ્રિત નીતિ) જાહેર કરી છે. રાજયમાં એક જ સ્થળે સૌર અને પવન ઊર્જાનું એક સાથે ઉત્પાદન કરવા તથા તેના માટે પ્રોત્સાહક સહાયતા આપવા માટે રાજય સરકારે 5 વર્ષ સુધી અમલમાં રહેનારી આ નીતિ લાગુ કરી છે.
  - આ મિશ્રિત નીતિ અંતર્ગત વર્તમાન સૌર ઊર્જા પ્રોજેકટની જમીનમાં જ એક ટ્રાન્સમિશન લાઇનનો ઉપયોગ કરી પવન ઊર્જા પ્રોજેકટ પણ સ્થાપિત કરી શકાશે. એવી જ રીતે પવન ઊર્જા પ્રોજેકટ સ્થાપી શકાશે.
  - બિલકુલ નવા સૌર-પવન હાઇબ્રિડ પ્રોજેકટ પણ સ્થાપિત કરી શકાશે. આવા હાઇબ્રિડ પાવર પ્રોજેકટમાં પવન ઊર્જા અને સૌર ઊર્જા અલગ મીટરથી માપવામાં આવશે. પવર સૌર હાઇબ્રિડ પ્રોજેકટોથી ઉત્પન્ન વિજળીને ઊર્જા દરોમાંથી છુટ અપાશે.
  - વર્તમાનમાં ગુજરાત લગભગ **7,100 મેગાવોટ બિનપરંપરાગત ઊર્જાનું** ઉત્પાદન કરે છે જેમાં **5,500 મેગાવોટ પવન ઊર્જા** તથા **1,600 મેગાવોટ સૌર ઊર્જાનો** સમાવેશ થાય છે.
  - થર્ડ પાર્ટીને વિજળીના વેચાણના કિસ્સામાં ક્રોસ સબસિડી સરચાર્જ અને એડિશનલ સરચાર્જમાં 50% રાહત અપાશે જયારે કેપ્ટિવ પાવર પ્લાન્ટ એટલે કે પોતાના ઉપયોગ માટે વિજળી ઉત્પન્ન કરતાં એકમોને ક્રોસ સબસિડી તેમજ એડિશનલ સરચાર્જમાંથી સંપૂર્ણ મુકિત ઉપરાંત વ્હીલિંગ ચાર્જીસ તથા વિતરણ ખોટમાં 50% ની રાહત અપાશે.

- **ગુજરાતમાં વિશ્વના પ્રથમ માનવતાવાદી ફોરેન્સિક કેન્દ્રનો આરંભ ...**
  → **વિશ્વના પ્રથમ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી ફોરેન્સિક કેન્દ્રનો** 20 જૂન, 2018 ના ગુજરાતના પાટનગર શહેર **ગાંધીનગરમાં** પ્રારંભ થયો છે. આ કેન્દ્ર ભારત, ભુટાન, નેપાળ તથા માલદીવમાં રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિના ક્ષેત્રીય પ્રતિનિધિ મંડળ તથા ગુજરાત ફોરેન્સિક સાયન્સીઝ યુનિવર્સિટીનું સંયુકત સાહસ છે.
  ➢ **ગુજરાત ફોરેન્સિક સાયન્સીઝ યુનિવર્સીટી (GFSU) ...**
  - GFSU ફોરેન્સિક તથા સંલગ્ન સેવાઓને સમર્પિત **વિશ્વની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી** છે. તેની સ્થાપના ગુજરાત રાજય **સરકારે સપ્ટેમ્બર 2008 માં** રાજય વિધાનસભામાં પસાર કાયદા મારફત કરી છે. GFSU એ વિવિધ અભ્યાસક્રમો, વૈજ્ઞાનિક કાર્યક્રમો તથા ટ્રેઇનિંગ મોડયુલ્સ સાથે તેની કામગીરી જુલાઇ 2009 માં ગુજરાતની રાજધાની **ગાંધીનગરમાં** શરૂ કરી હતી.

Banking Academy

- **ચાલીરૂપ તથ્યો ...**
  - આ કેન્દ્ર આપત્તિઓ અથવા કટોકટીની ઘડીએ માત્ર મૃતકોનું પ્રબંધન જ નહીં કરે પરંતુ તેઓની ઓળખવિધિમાં પણ સહાયક ભુમિકા ભજવશે. આ કેન્દ્ર વિવિધ શૈક્ષણિક તથા વ્યાવસાયિક કાર્યક્રમો, તાલીમ તથા સંશોધન કાર્યો હાથ ધરશે.

❖ **CM ડેશબોર્ડ આખા ગુજરાત પર જુલાઇથી મોનિટરિંગ કરશે ...**

→ **CM ડેશ બોર્ડ** એક એવું **હાઇટેક બોર્ડ** છે કે જેની ટેકનોલોજીથી મુખ્યમંત્રી તેમના નિવાસસ્થાને બેઠાં બેઠાં રાજયની કઇ કચેરીમાં કેવો વહીવટ ચાલે છે તેની સીધી દેખરેખ રાખી શકશે. પછી તે કલેકટર કચેરીના કયા અધિકારીના ટેબલ પર કેટલી, કયા કાર્ય માટેની, કેટલા દિવસથી ફાઇલ પડી છે તેની જાણકારી હોય કે પછી અંબાજી કે સોમનાથ મહાદેવ મંદિરમાં રોજ થતી સફાઇની કામગીરી થઇ કે નહીં? એટલુ જ નહીં, ST બસ કયા રૂટ પર મોડી વહેલી ચાલે છે, કયા રૂપ પર ઊભી નથી રહી, કયાં પંકચર પડયું, તેની રજેરજની, પળેપળની માહિતી મુખ્યમંત્રી અદ્યતન ટેકનોલોજીથી મેળવશે. મુખ્યમંત્રી નિવાસસ્થાને પ્રથમ માળે કાર્યરત **CM ડેશ બોર્ડ રાજયનું વહીવટી સંચાલન** કરતા વિવિધ 26 વિભાગને 18 સેકટર્સમાં સમાવીને **1,700 જેટલા પેરામીટર્સ ઇન્ડિકેટર્સ** દર્શાવતું બન્યું છે.

❖ **ગુજરાત સરકારે ખેડુતો માટે 'સ્કાય' યોજના જાહેર કરી ...**

→ ગુજરાતમાં ખેડુતો તેમના ખેતરોમાં **સોલાર પેનલો** લગાવીને વિજળીનું ઉત્પાદન કરી તેના થકી પંપ વડે પાણી મેળવવાની સાથે વધારાની સૌર ઊર્જા વેચી આવક પણ મેળવી શકે તેવી **સુર્યશકિત કિસાન યોજના** (SKY) ની જાહેરાત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી છે. રાજયના તમામ 33 જીલ્લાના 137 ફીડરોને પાઇલટ પ્રોજેકટમા સમાવી લેવાયા છે. જે અંતર્ગત 12,400 ખેડુતોને 1.4 લાખ હોર્સ પાવરની 175 મેગાવોટ સૌર ઊર્જા પૂરી પડાશે.

→ **જયોતિગ્રામ બાદ આ સૌથી મોટી યોજના છે** અને આ પ્રકારની યોજના અમલમાં લાવનારું **ગુજરાત સમગ્ર દેશનું પ્રથમ રાજય** છે. કુલ ખર્ચની માત્ર 5% રકમ ખેડુતોએ જમા કરાવવાની રહેશે. 35% રકમ નાબાર્ડ **(નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચરલ એન્ડ રુરલ ડેવલપમેન્ટ)** 4.5% થી 6.5% વ્યાજના દરે લોન સ્વરૂપે આપશે. 60% રકમ કેન્દ્ર અને રાજય સરકાર સબસિડી પેટે ભાગવશે.

→ ખેડુતોને તેમના હાલના વીજ વપરાશના હોર્સપાવરની ક્ષમતા કરતા સવાગણી વધારે એટલે કે 10 હોર્સ પાવર હોય તો 12.5 કિલોવોટની સોલાર પેનલ અપાશે. વધેલી વિજળી ગ્રિડમાં સપ્લાય કરશે તેના **યુનિટ દીઠ 7 રૂપિયા પ્રથમ સાત વર્ષ સુધી** ચુકવાશે. જે પૈકીના 3.50 રૂપિયા વીજ વિતરણ કંપની ચુકવશે જયારે તેટલી જ રકમ સરકાર સબસિડી પેટે ચુકવશે.7 વર્ષનો સમયગાળો પુરો થયા બાદ **યુનિટ દીઠ 3.50 રૂપિયા** ચુકવાશે. આ સંપૂર્ણ યોજના **25 વર્ષ** સુધી અમલમાં રહેશે.

- **સ્કાય યોજનાથી ખેડુતોને શું ફાયદો ?...**
  - વિજળીના બિલમાં રાહત મળશે, ગ્રિડમાં વધારાની વિજળી વેચવાથી કાયમી આવક થશે, લોન પૂરી થઇ ગયા બાદ સોલાર સસ્ટિમની માલિકી ખેડુતની થશે, લોનનો હપ્તો વેચેલી વિજળીની આવકમાંથી જ ચુકવી શકાશે, સોલાર પેનલની ચોરી સામે સરકાર વીમા કવચ આપશે, ખેડુતોને તેમના મુડીરોકાણનું વળતર **8 થી 18 મહિનામાં** પરત મળશે.

❖ **ગુજરાતનું જળ વ્યવસ્થાપન શ્રેષ્ઠ, ઝારખંડનું સૌથી ખરાબ : નીતિ આયોગ ...**

→ **નીતિ (નેશનલ ઇન્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોમિંગ ઇન્ડિયા)** આયોગે જળ સંસાધનોના કાર્યદક્ષ વ્યવસ્થાપનના મુલ્યાંકન તથા તેની કામગીરીમાં સુધારો કરવાના એક ઉપયોગી સાધન તરીકે સમગ્ર જળ વ્યવસ્થાપન સૂચકાંક રજુ કર્યો છે. ઇન્ડેકસ (સૂચકાંક) નો ઉદ્દેશ પાણીના કાર્યદક્ષ અને મહત્તમ ઉપયોગ તથા રિસાઇકિલંગની દિશામાં કામ કરવા રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તાકીદની સમજથી પ્રેરિત કરવાનો છે.

❖ **ઇન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ્સ 2018 : સુરત 'સિટી એવોર્ડ' માટે પસંદ થયું ...**

→ ગુજરાતના **સુરત** સ્માર્ટ શહેરની વરણી શહેરી પર્યાવરણ, પરિવહન તથા ટકાઉ સંકલિત વિકાસની શ્રેણીઓમાં વિવિધ પ્રોજેકટોની અમલીકરણમાં અસાધારણ ઝડપ દર્શાવવા બદલ **ઇન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ્સ 2018 માં 'સિટી એવોર્ડ'** માટે થઇ છે. કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ઇન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ્સ 2018 અંતર્ગત **ઇનોવેટિવ આઇડિયા એવોર્ડ, પ્રોજેકટ એવોર્ડ અને સિટી એવોર્ડ** સહિત ત્રણ શ્રેણીઓમાં કુલ નવ એવોર્ડ્સ જાહેર કરાયા છે.

  - **મેઘાલયની રાજધાની શિલોંગની** પસંદગી **100 મા સ્માર્ટ શહેર** તરીકે કરવામાં આવી છે.

❖ ગુજરાત પોલીસના **ઇ-ગુજકોપ પ્રોજેકટ** અંતર્ગતની **મોબાઇલ પોકેટ કોપ એપ્લિકેશનને** ભારતભરમાંથી મળેલા કુલ 200 નોમિનેશન્સ પૈકી **FICCI સ્પેશિયલ જયુરી એવોર્ડ** પ્રાપ્ત થયો છે. નવી દિલ્હીમાં યોજાયેલી કોન્ફરન્સમાં કેન્દ્રના રાજય કક્ષાના મંત્રી **વિજય ગોયલના** હસ્તે આ એવોર્ડ **સ્ટેટ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોને** એનાયત કરાયો હતો. ગુજરાત સરકાર દ્વારા ગત **એપ્રિલ 2018 માં પોકેટ કોપ પ્રોજેકટ** લોન્ચ કરાયો હતો.

❖ **આગામી વન મહોત્સવમાં કચ્છ ખાતે રાજયનું સૌથી મોટું વન બનાવવાની જાહેરાત કરાશે.**

→ આ વર્ષે રાજયકક્ષાના વન મહોત્સવની ઉજવણી **ભુજમાં** થવાની છે.

→ રાજય સરકાર દ્વારા **દરેક જીલ્લામાં એક, રક્ષિત વનનું નિર્માણ** કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત અત્યાસુધીમાં **17 જીલ્લામાં રક્ષિત વનનું** નિર્માણ થઇ ગયું છે. કચ્છમાં ભુજ નજીકના માધાપર ગામમાં 18 મું રક્ષિત વન બનાવવામાં આવશે. જેને **શૌર્ય વન** નામ આપવામાં આવશે.

→ ગુજરાતનું આ સૌથી મોટુ વન માધાપરની બહાદુર મહિલાઓને સમર્પિત થશે. 1971 માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં આ પરાક્રમી મહિલાઓએ પાકિસ્તાને તોડી નાખેલા રન-વેને ફરીથી બનાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

Banking Academy

- ❖ **કેન્દ્રીય સ્વચ્છ સર્વેક્ષણ -2018 માં પ્રથમ ક્રમે મધ્ય પ્રદેશના બે શહેરો ઇન્દોર અને ભોપાલ આવ્યા છે. ગુજરાતનું એકપણ શહેર ટોપ-10 ની યાદીમાં નથી.**
  - → અમદાવાદમાં સ્વચ્છતાનું સ્તર સુધરતા રેન્ક ગત વર્ષે 14 હતો તેના બદલે આ વર્ષે 12 મળ્યો છે. જ્યારે સ્વચ્છતાનું સ્તર કથળતા સુરત 6 નંબર પરથી 14 માં નંબરે ધકેલાયું છે.

- ❖ આંતરરાષ્ટ્રીય બજારમાં દુધના પાવડરના ભાવ ઘટી જતા પશુપાલકોની હાલત ઘણી કફોડી થઇ છે ત્યારે ગુજરાતમાં પશુપાલકને મદદ કરવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે. જેના ભાગરૂપે દુધ પાવડરની નિકાસ કરવા માટે અમુલને પ્રતિ **કિલો રૂ.50** ની સહાય આપવાનું નક્કી કરાયું છે.

- ❖ ગુજરાતના **16 મા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો** પ્રચાર મુખ્યમંત્રી વિજય રૂપાણીએ **સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના લાંબડિયા સ્થિત પારસ વિદ્યાલયથી** અને શહેરી કાર્યક્રમ **ગાંધીનગર** થી શરૂ કરાવ્યો હતો.

- ❖ **વડોદરાની વડસર GIDC** પર આવેલા ઓપન ડમ્પિંગ લેન્ડ સાઇટમાં 100 પ્રજાતિના 12,663 જેટલા છોડોનું પ્લાન્ટેશન કરી દેશનું પ્રથમ ટ્રી મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે.

- ❖ **ગુજરાત સરકારે રાજયમાં 12 નવી આયુર્વેદિક હોસ્પિટલો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.**
  - → **સુરેન્દ્રનગરમાં સૌપ્રથમ મોડલ આર્યુર્વેદિક** (આયુષ) હોસ્પિટલની સ્થાપના દ્વારા સરકાર આ ડ્રીમ પ્રોજેક્ટમાં આગળ ધપી રહી છે. ગુજરાતમાં હાલમાં **36 સરકારી આયુર્વેદિક હોસ્પિટલો** છે પણ રાજયના **12 જીલ્લા** એવા છે કે જ્યાં એકપણ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ નથી.
  - → જે 12 જીલ્લામાં સરકારી આયુર્વેદ હોસ્પિટલ સ્થપાવાની છે તેમાં તાપી, સુરત, મહેસાણા, પાલનપુર, લુણાવાડા, મોડાસા, ગીર, સોમનાથ, છોટા ઉદેપુર, દેવભૂમિ દ્વારકા, બોટાદ, ખેડા અને આણંદનો સમાવેશ થાય છે.

- ❖ રાજયમાં સંસ્કૃતમાં બી.એડ. કરાવતી અને **અમદાવાદમાં આવેલી એકમાત્ર કોલેજ બંધ** કરી દેવામાં આવી છે.
  - → છેલ્લા 10 વર્ષથી કાર્યરત્ આ બી.એડ. કોલેજમાં પ્રવેશ માટે ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓએ હવે અન્ય કોલેજમાં પ્રવેશ માટે રઝળપાટ કરવો પડે તેવી સ્થિતિ ઊભી થઇ છે.

- ❖ **ગુજરાતમાં પર્યાવરણ માટે ભારે ખતરનાક અને જોખમી બની ગયેલી ગેરકાયદે ખાણ ખનન પ્રવૃત્તિઓ પર રોક લગાવવા, તેના ઉપર બાજ નજર રાખવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તાજેતરમાં ગાંધીનગરથી ત્રિનેત્ર ડ્રોન સર્વેલન્સ સિસ્ટમનો પ્રારંભ કરાવ્યો છે.**
  - → પ્રાથમિક તબક્કે **સાબરમતી, તાપી, ઓરસંગ, ભાદર નદીઓમાંથી** બિનઅધિકૃત રીતે રેતી કાઢનારાઓ પર વોચ રાખવા અને તેમાં સંડોવાયેલા લોકોને નિષ્ક્રિય કરવા ત્રિનેત્ર ડ્રોન સર્વેલન્સ પ્રણાલીનો ઉપયોગ કરાશે.

- ❖ **સૂર્યનો ક્રાંતિવૃત અને આકાસી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે.** આ છેદ બિંદુને **સંપાત દિવસ** કહે છે. ભારતના લોકો 20 માર્ચનો દિવસ અને રાત સરખી હોવાનો અનુભવ કરે છે. સાથોસાથ 21 જૂનનો દિવસ વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે. આ વર્ષે અમદાવાદમાં **21 જૂન, 2018 નો દિવસ 13 કલાક અને 30 મિનિટ** જયારે ભાવનગરમાં **13 કલાક અને 27 મિનિટ તથા 45 સેકન્ડનો** અને **રાત્રિ 10 કલાક અને 31 મિનિટની** રહી હતી.

- ❖ **કેન્દ્ર સરકારે જાહેર કરેલા સ્માર્ટ એવોર્ડમાં અમદાવાદને 'સેફ એન્ડ સિક્યોર' ઇનોવેટિવ આઇડિયા એવોર્ડ જાહેર કરાયો છે.**
  - → અમદાવાદના **પાલડી વિસ્તારમાં 2,000 ચોરસમીટરથી વધુ ફ્લોર એરિયામાં 4 માળનું કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર** શરૂ કરાયું છે. શહેરમાં CCTV, નંબર પ્લોટ ઓળખી શકે તેવા AMPR કેમેરા, ટ્રાફિક સિગ્નલનો ભંગ રોકવા RLVD કેમેરા, વાહનોની સંખ્યા આધારિત ટ્રાફિક સિગ્નલનું સંચાલન, હવાની શુદ્ધતા માપવાના સેન્સર, સ્માર્ટ પાર્કિંગના ફીચર્સ ઊભાં કરાયા છે. જેની દેખરેખ રાખવા માટે કન્ટ્રોલ રૂમ 239 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે.

- ❖ 2011 ના આંકડા પ્રમાણે ભારતમાં સૌથી વધારે બોલાતી ભાષાઓમાં ગુજરાતી **છઠ્ઠા ક્રમે છે.** 2001 ની વસતી ગણતરીના આંકડા જોઇએ તો ત્યારે ગુજરાતી ભાષાનો ક્રમ સાતમો હતો. આ વખતે ઉર્દૂ બોલતા લોકો કરતા ગુજરાતી બોલતા લોકોની સંખ્યામાં વધારો થતાં તે છઠ્ઠા ક્રમે રહી છે.

- ❖ કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે 19 જૂન, 2018 ના જારી કરેલા દેશના કુલ 87 શહેરોના સ્માર્ટ સિટી રેન્કિંગ્સમાં **વડોદરા** બીજા તથા **અમદાવાદ** ત્રીજા ક્રમે છે. યાદીમાં ગુજરાતના અન્ય શહેરો રાજકોટ, ગાંધીનગર અને દાહોદનો પણ સમાવેશ થયો છે. મહારાષ્ટ્રનું નાગપુર શહેર 259.96 ના સ્કોર સાથે પ્રથમ ક્રમે જયારે પુણે190.59 ના સ્કોર સાથે ચોથા ક્રમે છે.

- ❖ વલસાડ જીલ્લાના **ઉટડી ગામે લોકવિદ્યાલય** ખાતે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ટિન્કરિંગ લેબનું ઉદ્ઘાટન કર્યું હતું. નીતિ આયોગ દ્વારા શાળાઓમાં બાળકોની વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તેમજ નવું સંશોધન થાય તે માટે અટલ ટિન્સરિંગ લેબ શરૂ કરવાનો લક્ષ્યાંક છે. ગુજરાતમાં સૌથી વધુ ટિન્કરિંગ લેબ **અમદાવાદ જીલ્લાની** શાળાઓને ફાળવાયેલી છે.

GOVT. JOBS

# ગુજરાત સરકારમાં આવનાર ભરતી

Non- stop Preparation under Single Roof

Up to December -2018

Free SMS ALERT !

| | | | |
|---|---|---|---|
| (ગુજરાત હાઈકોર્ટ ભરતી) ગુજરાત હાઈકોર્ટ (Assistant / Clerk) | Qualification: Any Graduate | Total Vacancies: 767+ | Last Date: 14th July - 2018 |
| (ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ભરતી) રેવન્યૂ તલાટી | Qualification: 12th Pass | Expected Total Vacancies: 3533+ | Expected Declaration Month: May/June - 2018 |
| (ગુજરાત લોકરક્ષક ભરતી બોર્ડ) કોન્સ્ટેબલ | Qualification: 12th Pass | Expected Total Vacancies: 13500+ | Expected Declaration Month: May/June - 2018 |
| (ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ભરતી) જુનિયર ક્લાર્ક સિનિયર ક્લાર્ક / તલાટી કમ મંત્રી | Qualification: તલાટી કમ મંત્રી/Jr. Clerk - 12th Pass Sr. Clerk - Any Graduate | Expected Total Vacancies: 1000+ | Expected Declaration Month: Jun/Jul - 2018 |
| (ગુજરાત પોલીસ ભરતી બોર્ડ) PSI - ASI | Qualification: Any Graduate | Expected Total Vacancies: 500+ | Expected Declaration Month: Jun/July - 2018 |
| (ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ભરતી) બિન સચિવાલય ક્લાર્ક સચિવાલય ક્લાર્ક | Qualification: 12th Pass | Expected Total Vacancies: 2500+ | Expected Declaration Month: Jun/Jul - 2018 |
| (GPSC Class - III ભરતી) નાયબ મામલતદાર/Dy.So નાયબ ચીટનીસ | Qualification: Any Graduate | Expected Total Vacancies: 287+ | Expected Declaration Month: Sep - 2018 |
| (ગુજરાત રાજ્ય પરીક્ષા મંડળ ભરતી) TET - I (Std. 1 to 5) TET - II (Std. 6 to 8) | Qualification: TET-I (12th + PTC) or (D.EL.Ed) TET-II (Graduate + B.Ed) or (PTC + Graduate) | Expected Total Vacancies: 7000+ | Expected Declaration Month: Jun/Jul - 2018 |
| (GPSC ભરતી) GPSC - I/II | Qualification: Any Graduate | Expected Total Vacancies: 100+ | Expected Declaration Month: Jul - 2018 |

નવા વર્ગો તેમજ વધુ માહિતી માટે આજે જ સંસ્થાની મુલાકાત લો. વર્ગોનો સમય 8 to 10 | 10 to 12 | 6 to 8

(Creating A Way For Govt. Jobs)

Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

Follow us on

**Ahmedabad** Opp. H. K. College Ph. : 70460 55566

**Surat (Head Office)** Sosyo Circle Ph. : 96629 00564

**Surat (Varachha)** Silver Business Hub, Nr. Yogi Chowk Ph. : 70464 16555

**Vyara** Opp. New Bus Stand Ph. : 90998 64658

**Navasari** J. P. Plaza, Nr. Sushrusha Hospital Ph. : 70466 41555

**Vapi** Fortune Mall, G.I.D.C. Ph. : 75750 03664

For Latest Vacancies & Updates Kindly visit @ www.bankingacademy.co.in

- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જૂન 2018 **ઇઝરાયેલ**ની વિદેશ યાત્રા કરી હતી, જેના ભાગરૂપે ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સાથે ફળદાયી શુભેચ્છા મુલાકાત કરી હતી. જે યાત્રા દરમિયાન ઇઝરાયલના વડાપ્રધાને ગુજરાતને પ્રાયોગિક ધોરણે **100 ડિજિટલ ફાર્મિંગ યુનિટ**ની ભેટ આપી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી રૂપાણીએ નેતાન્યાહુને ગુજરાતમાં યહુદીઓને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપવાના સૈદ્ધાંતિક નિર્ણયની વાત કરી હતી.
  - → ગુજરાત સરકાર સાયબર ક્રાઇમને નાથવા આ વર્ષે 4 સાયબર સેલ સ્થાપવાનો તથા તેમાં ઇઝરાયેલની ક્ષમતાનો ઉપયોગ કરશે. આ પ્રસંગે 2009 માં ગાંધીનગરમાં સ્થપાયેલી વિશ્વની પ્રથમ ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની વાત પણ ઉચ્ચારી હતી.
  - → મુખ્યમંત્રી રૂપાણીએ શેદટેનના ડેન રિજિયન વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની નિરીક્ષણ મુલાકાત લીધી હતી.

- **નીતિ આયોગનો પ્રથમ ડેલ્ટા રેન્કિંગ્સ: 108 મહત્વાકાંક્ષી જીલ્લાઓમાં દાહોદ પ્રથમ, નર્મદા 13 મા સ્થાને ...**
  - → ગુજરાતનો દાહોદ જીલ્લો દેશના પછાત (મહત્વાકાંક્ષી) જીલ્લાઓમાં વિકાસના વિવિધ માપદંડોમાં સૌથી ઝડપથી આગળ વધી રહ્યો છે.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વડોદરા ખાતે ત્રણ દિવસની **9મી ચિંતન શિબિર-2018** ને ખુલ્લી મુકી હતી. જેમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, મુખ્ય સચિવ જે.એન. સિંઘ તેમજ 200 જેટલા IAS અને સચિવો, કલેકટરો, DDO એ વિચારોની આપ-લે કરી હતી.

- **કેન્દ્ર સરકારે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે 590 કિ.મી. લાંબો અંતર્દેશીય જળમાર્ગ બનાવવાનો પ્રસ્તાવ મુક્યો છે. આ જળમાર્ગ ગુજરાત અને રાજસ્થાનને જવાઇ નદી, લુણીની અને કોરી ખાડી દ્વારા જોડવામાં આવશે અને 10,000 કરોડના ખર્ચથી બનાવવામાં આવશે.**
  - → દેશમાં કુલ 111 અંતર્દેશીય જળમાર્ગ બનાવવાની યોજના છે જેમાં આ કચ્છ અને રાજસ્થાનને જોડતો 48 નંબરનો જળમાર્ગ 10,000 કરોડ રૂપિયાના ખર્ચથી બનાવવાની યોજના છે. Wapcos Ltd. જે પહેલા વોટર એન્ડ પાવર કન્સલ્ટન્સી સર્વિસીસના નામે ઓળખાતી હતી. આ કંપનીએ એક રીપોર્ટ તૈયાર કર્યો છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **દ્વારકા** ખાતે **દેશની સૌપ્રથમ મરીન પોલિસ તાલીમ સંસ્થા** સ્થાપવાની વાત ઉચ્ચારી હતી ત્યારે ગુજરાત સરકારે દ્વારકાથી 10 કિ.મી. દુર આવેલા મોજપ ગામે 100 હેકટર એટલે કે 200 એકર જમીન ફાળવી છે. જે ભારત સરકારના ગૃહ મંત્રાલયને કબજા સાથે વિનામુલ્યે સોંપવામાં આવી છે.

- ટુંક સમયમાં મિલ્ક સિટી તરીકે જાણીતા **આણંદમાં** મધ માટેની હાઇટેક ટેસ્ટિંગ લેબ સ્થાપશે. નેશનલ ડેરી ડવલપમેન્ટ બોર્ડ (NDDB) તેના માટે પ્રયાસ કરી રહ્યું છે.
  - → આણંદમાં લાઇવસ્ટોક અને ખાદ્ય બાબતોના સેન્ટ્રલ ફોર એનાલિસિસ હેઠળ આ મધ ટેસિટંગ સુવિધા ઊભી થશે.

## આંતરરાજય

- **મુંબઇનું વિકટોરિયન ગોથિક તથા આર્ટ ડેકો બિલ્ડીંગ UNESCO દ્વારા વિશ્વ ધરોહર સ્થળ ઘોષિત ...**
  - → મહારાષ્ટ્રના મહાનગર મુંબઇમાં સ્થિત બે બ્રિટિશકાલીન ઇમારતો વિકટોરિયન ગોથિક તથા આર્ટ ડેકો સ્થાપત્યશૈલીને એ UNESCO એ સંયુકત રીતે તેની વિશ્વ વિરાસત યાદીમાં સ્થાન આપ્યું છે. આ નિર્ણય બેહરીનના મનામામાં યોજાયેલી યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કમિટી (WHC) ની 42 મી બેઠકમાં લેવાયો હતો.
  - ➢ **માન્યતા પ્રાપ્ત ઇમારતો ...**
    - ▪ 19 મી સદીની વિકટોરિયન ગોથિક ઇમારત તથા 20 મી શતાબ્દીની આર્ટ ડેકો ઇમારતનું મિશ્રણ ધરાવતી આ સૌપ્રથમ વિશ્વ વિરાસત સાઇટ (સ્થળ) છે. મુંબઇમાંથી યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત આ બે ઇમારત ઝુમખાઓમાં 19 મી સદીની વિકટોરિયન ગોથિક શૈલી તથા 20 મી સદીની આર્ટ ડેકો સ્થાપત્ય શૈલીની 94 ઇમારતોનો સમાવેશ થાય છે.
  - ➢ **ચાવીરૂપ તથ્યો ...**
    - ▪ આ સાથે ભારતમાં વિશ્વ ધરોહર સ્થળોની સંખ્યા વધીને 37 થઇ ગઇ છે. જે પૈકીના 29 સાંસ્કૃતિક, સાત પ્રાકૃતિક અને એક મિશ્રિત સ્થળ છે. ભારતમાં મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ 5 સ્મારકોને યુનેસ્કોની વિશ્વ વિરાસત સ્થળોની યાદીમાં સ્થાન મળ્યું છે.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 10મું ઇન્ટેગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર નયા રાયપુરમાં રાષ્ટ્રને સમર્પિત કર્યું ...**
  - → વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરામાં **છત્તીસગઢના નયા રાયપુર** ખાતે દેશનું 10 મું સ્માર્ટ સિટી ઇન્ટેગ્રેટેડ કમાન્ડ સેન્ટર (ICCC) ભારતને સમર્પિત કર્યું છે, કેન્દ્ર કરનારના મહત્વાકાંક્ષી સ્માર્ટ સિટી મિશન અંતર્ગત વર્તમાનમાં અમદાવાદ, વડોદરા, સુરત, પુણે, નાગપુર, રાજકોટ, વિશાખાપટ્ટનમ, ભોપાલ અને કાકિનાડામાં નવા ICCC કાર્યરત્ છે.
  - ➢ **નયા રાયપુર ...**
    - ▪ નયા રાયપુર એ **છત્તીસગઢની આગામી રાજધાની તથા દેશનું પ્રથમ સ્માર્ટ ગ્રીનફિલ્ડ શહેર છે. સૌપ્રથમ ડિજિટલી એકસેસિબલ સ્માર્ટ સિટી** છે જે યુનિવર્સલ એકસેસ IT સિસ્ટમના અમલીકરણનું પ્રણેતા છે.

Banking Academy

❖ **કેન્દ્રીય મંત્રીમંડળે પૂર્વોત્તર પરિષદની પુનર્રચનાને મંજુરી આપી ...**

→ કેન્દ્રીય મંત્રીમંડળે **પૂર્વોત્તર પરિષદના** અધ્યક્ષ પદે હોદ્દાની રૂએ **કેન્દ્રીય ગૃહ મંત્રીનો** સમાવેશ કરવા માટેની પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રાલયની દરખાસ્ત મંજુર કરી છે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રાલયના રાજયમંત્રી (સ્વતંત્ર હવાલો) ને પૂર્વોત્તર પરિષદના નાયબ અધ્યક્ષ તરીકે કાર્ય કરવાની પણ અનુમતિ અપાઇ છે.

➢ **પૂર્વોત્તર પરિષદ (નોર્થ ઇસ્ટર્ન કાઉન્સિલ –NEC) વિશે ...**

- પૂર્વોત્તર પરિષદ (NEC) ભારતના ઇશાન રાજયોના આર્થિક અને સામાજિક વિકાસ માટે રચાયેલી **એક બુનિયાદી સંસ્થા** છે. NEC ની સ્થાપના **પૂર્વોત્તર પરિષદ કાનુન, 1971** અંતર્ગત કરાઇ છે. તેની સ્થાપના સંતુલિત અને સમન્વિત વિકાસ સુનિશ્ચિત કરવા માટે કરાઇ છે.
- પૂર્વોત્તર પરિષદ (NEC) **એક વૈધાનિક સંસ્થા** છે જેમાં બધા જ **આઠ ઇશાન ભારતીય રાજયોના રાજયપાલો તથા મુખ્યમંત્રીઓનો** સમાવેશ તેના સભ્યો તરીકે કરાયો છે. આ પરિષદ રાજય અને કેન્દ્રીય સંસ્થાઓ મારફત વિવિધ યોજનાઓ/પ્રોજેકટોનું અમલીકરણ કરે છે.
- **ગૃહ મંત્રીને અધ્યક્ષ તથા પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રીને નાયબ અધ્યક્ષ** તરીકે સમાવતી નવી વ્યવસ્થા આંતરરાજય બાબતોને વધુ સર્વગ્રાહી રીતે ચર્ચવાનું મંચ પુરું પાડશે.

❖ 28 જૂન, 2018 થી શરૂ થયેલી **બર્ફાની બાબા અમરનાથની યાત્રાની સુરક્ષાની** જવાબદારી પહેલીવાર NSG કમાન્ડોના શિરે મુકાઇ છે.

→ આ કમાન્ડો ગ્લોક **પિસ્તોલ તથા દીવાલની આરપાર** અથવા **જમીનની અંદર** પણ નિરીક્ષણ કરી શકે તેવા **વોલ પેનિસ્ટ્રેશન રડારથી** સજજ હશે.

❖ **જયોગ્રાફીકલ ઇન્ડિકેશન રજીસ્ટ્રી અને ભારત બૌદ્ધિક સંપદાએ પશ્ચિમ બંગાળ**ના 5 ગ્રામીણ શિલ્પોને GI ટેગ અર્થાત ભૌગોલિક સાંકેતકમ પ્રદાન કર્યું છે. આ 5 ગ્રામીણ શિલ્પોમાં **પુરુલિયાના છઉ મુખૌટા, પટચિત્ર, કુશમાંડીના કાષ્ઠમુખૌટા, બંગાળના દોક્રાસ તથા મધુરકાઠી** (એક પ્રકારની ચટાઇ) નો સમાવેશ થાય છે. છઉ મુખૌટા (મહોરું) **છઉ નૃત્યમાં** પહેરવામાં આવે છે. **પુરુલિયાના બાગમુંડી બ્લોકના કલાકાર** આ મહોરા બનાવે છે. મુખ્ય નૃત્ય દરમિયાન પહેરવામાં આવતા કાષ્ઠ મહોરા **કુશમાંડીમાં** બનાવવામાં આવે છે. **પશ્ચિમી મિંદનાપુરના પિંગલા ગામના લોકો પટચિત્ર** બનાવે છે. જે એક રંગીન સુચિપત્ર છે.

→ **ખાસ નોધ:** ભારતમાં પશ્ચિમ બંગાળની **દાર્જીલિંગ ચા ટેગ મેળવનારું સૌપ્રથમ ઉત્પાદન** (વસ્તુ) છે.

❖ હરિયાણાની **મનોહરલાલ ખટ્ટર** સરકારે **સાત સામાજીક માપદંડોના** આધારે તેની **પંચાયતને સ્ટાર રેટિંગ્સ** આપવા માટે તાજેતરમાં **7-સ્ટારગ્રામ પંચાતય રેઇનબો યોજના** શરૂ કરી છે. આ યોજના અન્વયે પંચાયતોની વરણી સાત સામાજિક માપદંડો **લિંગ પ્રમાણ, શિક્ષણ, સ્વચ્છતા, અપરાધ મુકિત, પર્યાવરણ જાળવણી, સુશાસન તથા સામાજીક ભાગીદારીના** આધારે કરવામાં આવે છે. બધા જ માપદંડોમાં મહત્તમ સ્કોર કરનારી **ગ્રામ પંચાયતોને ઇન્દ્રધનુષ ગ્રામ પંચાયતો** તરીકે ઓળખવામાં આવશે.

❖ **ઉત્તરાખંડ હાઇકોર્ટે** રાજયમાં વ્હાઇટ રિવર રાફ્ટિંગ, પેરાગ્લાઇડિંગ સહિત તમામ વોટર સ્પોર્ટ્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. એડવેન્ચર સ્પોર્ટ્સને લઇને રાજયમાં પારદર્શક નીતિ તૈયાર ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધ ચાલુ રહેશે.

❖ **ઓડિશામાં** રાજય સરકાર દ્વારા એક નવી સ્વાસ્થ્ય વીમા યોજના **ગોપાબંધુ સમ્બદિકા સ્વાસ્થ્ય વીમા યોજના** શરૂ કરવામાં આવી છે જે વિશેષ રીતે પત્રકારો માટે જ છે. આ યોજના રાજયના બધા જ ફરજ પરના પત્રકારોને **વાર્ષિક રૂા.2 લાખનું આરોગ્ય વીમા કવચ** આપશે.

→ યોજનાનું નામ ઓડિશાના એક અગ્રણી સામાજીક કર્મશીલ, સુધારક, રાજકીય કાર્યકર, પત્રકાર, કવિ અને નિબંધકાર જેવી બહુમુખી પ્રતિભા ધરાવતા **ગોપાલબંદુ દાસ** (1877-1928) ના નામ પરથી રખાયું છે. ઓડિશાની કલા, સંસ્કૃતિ તથા સમાજને તેમણે આપેલા પ્રદાનની કદરરૂપે તેઓ (ગોપાલબંધુ) **ઉત્કલમણિ (ઓડિશાના રત્ન) નું** ઉપનામ ધરાવતા હતા. રાજયના પત્રકારત્વને તેમનું યોગદાન ખુબ ટુંકું પણ નોંધપાત્ર હતું. 1910 ના દશકમાં તેમણે **સત્યાબાદી** નામનું સાહિત્યિક સામયિક શરૂ કર્યું હતું જેના માધ્યમથી તેમણે જનસમુહને શિક્ષિત કરવા પ્રયાસ કર્યો હતો.

❖ રાષ્ટ્રપતિ **રામનાથ કોવિંદે ત્રિપુરાના રાજય ફળ તરીકે કવીન પાઇનેપલ** જાહેર કર્યું હતું. અત્રે યાદ અપાવવું રહ્યુ કે દેશમાં પાઇનેપલ (અનાનસ) ઉગાડતા સૌથી મોટા રાજયોમાં **ત્રિપુરાનો** પણ સમાવેશ થાય છે.

→ **2015 માં કવીન પાઇનેપલને GI ટેગ** પણ મળેલું છે.

❖ ચેપ ફેલાતો અટકાવવા બધા જ તબીબી ઉદેશ માટે **ઓટો-ડિસેબલ સિરિંજનો** ઉપયોગ કરનારું **આંધ્ર પ્રદેશ ભારતનું પ્રથમ રાજય** બનવા જઇ રહ્યું છે. આંધ્ર પ્રદેશ આ નિર્ણય દર વર્ષની **28 જુલાઇએ ઉજવાતા વિશ્વ હિપેટાઇટિસ દિવસથી** લાગુ કરી દેશે. ઓટો-ડિસેબલ સિરિંજ એક એવી મેડિકલ સિરિંજ છે જેનો પુન: ઉપયોગ થઇ શકતો નથી. આ સિરિંજમાં એવી યંત્રણાનો ઉપયોગ કરાયો છે કે તેનાથી એક વ્યકિતને ઇન્જેકશન અપાયા બાદ બીજી વ્યકિતને તે જ સિરિંજથી કોઇ કાળે ઇન્જેકશન આપી શકાતું નથી.

❖ મુનોથ ઇન્ડસ્ટ્રીઝ લિ. **આંધ્ર પ્રદેશના તિરુપતિમાં** ત્રણ તબકકામાં 799 કરોડ રૂપિયાનું રોકાણ કરીને **ભારતની પ્રથમ લિથિયમ આયન સેલ ઉત્પાદન ફેકટરી** સ્થાપશે. આ પ્રોજેકટ ભારતમાં મોબાઇલના ભાગોના ઉત્પાદનને પ્રોત્સાહન પુરુ પાડશે જે એકંદરે મોબાઇલ ફોન ઉત્પાદનમાં મુલ્ય વર્ધન તરફ પણ દોરી જશે.

❖ **મહિલા સંબંધિત કેસોને સમર્પિત ભારતની સૌપ્રથમ એડવાન્સ્ડ ફોરેન્સિક લેબ ચંદીગઢમાં બનશે ...**

→ સખી સુરક્ષા એડવાન્સ્ડ DNA ફોરેન્સિક લેબોરેટરીનો શિલાન્યાસ **ચંદીગઢમાં સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબ** (CFSL) ના કેમ્પસમાં તાજેતરામાં કરાયો છે. તે મહિલાઓ સાથે સંબંધિત અપરાધો સબબ સમયસર ન્યાય આપવા સમર્પિત **ભારતની સૌપ્રથમ એડવાન્સ્ડ ફોરેન્સિક લેબ** હશે.

Banking Academy

➢ **ચાવીરૂપ તથ્યો …**
- આંતરરાષ્ટ્રીય ધારાધોરણો સાથેની એડવાન્સ્ડ લેબ દેશમાં પડતર જાતિય હુમલાના કેસોના ફોરેન્સિક DNA વિશ્લેષણમાં રહેલા અંતરને દુર કરશે.
- આ લેબ આદર્શ ફોરેન્સિક લેબ તરીકે સ્થપાશે અને દેશના અન્ય ભાગોમાં પણ આવી લેબ્સ ઊભી કરાશે.
- આગામી ત્રણ મહિનામાં **મુંબઇ, ચેન્નાઇ, ગુવાહાટી, પુણે અને ભોપાલમાં** આવી 5 વધુ એડવાન્સ્ડ ફોરેન્સિક લેબ નિર્માણ પામશે.
- મુંબઇ અને ચેન્નાઇની લેબ્સ **મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના** ભંડોળ વડે જયારે શેષ 3 લેબ્સ **ગૃહ મંત્રાલયના** ભંડોળથી બનાવાશે.

❖ **ઓપરેશન 'નિસ્તાર' દ્વારા યમનના સોકોત્રામાં ફસાયેલા ભારતીયોને બચાવાયા …**

→ **એડનની ખાડીમાં** એક મિશન માટે તૈનાત ભારતીય નૌકાદળના જહાજ **સુનયનાએ ચક્રવાત મેકુનુમાં** યમનના ટાપુ સોકોત્રામાં ફસાયેલા 38 ભારતીય નાગરિકોને સલામત બહાર કાઢી ગુજરાતના પોરબંદર પહોંચાડયા હતા.

❖ મહારાષ્ટ્રના બે અગ્રણી શહેરો **મુંબઇ અને પુણે** વચ્ચે **1** જૂન, **1930 થી દોડતી ડેકકન કવીન (દખ્ખન કી રાની)** ટ્રેન સેવાએ 1 જૂન, 2018 ના રોજ તેની સેવાના **88 વર્ષ** પૂર્ણ કર્યા છે. મહારાષ્ટ્રના બે મહત્વના શહેરોની સેવા માટે રેલવે દ્વારા દાખલ કરાયેલી તે **પ્રથમ ડિલક્ષ ટ્રેન** હતી અને તેને યથાર્થ રીતે જ ડેકકન કવીન તરીકે ઓળખાતા શહેર **પુણેનું** નામ અપાયું હતું.

❖ **મેટ્રો રેલ પ્રણાલી માટે માપદંડો ઘડવા ઇ.શ્રીધરન સમિતિ રચવા વડાપ્રધાનની લીલીઝંડી …**

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 24 જૂન, 2018 ના **દેશમાં મેટ્રો રેક પ્રણાલી** માટેના માપદંડો/ધારાધોરણો નક્કી કરવા **'ભારતના મેટ્રો મેન'** તરીકે ઓળખાતા **ઇ.શ્રીધરનના** નેતૃત્વમાં એક સમિતિની રચના કરવા મંજુરી આપી દીધી છે. કોકણ રેલવે અને દિલ્હી મેટ્રોના નિર્માણમાં તેમની અગ્રણી ભુમિકા બદલ શ્રીધરનને ભારતમાં જાહેર પરિવહનનો ચહરો બદલવાનું શ્રેય પ્રાપ્ત છે.

❖ **કેન્દ્ર સરકારે દિલ્હીમાં દેશનું સૌપ્રથમ પાલીસ મ્યુઝિયમ સ્થાપવાનો નિર્ણય કર્યો છે. રાષ્ટ્રીય રાજધાનીના ચાણકયપુરી વિસ્તારમાં નેશનલ પાલીસ મેમોરિયલ પરિસરમાં ભૂમિગત (ભૂગર્ભ) સવલત તરીકે તેની સ્થાપના કરાશે.**

→ દેશમાં અમુક રોજયોના પાલીસ દળો અને અર્ધલશ્કરી દળોના પોતપોતાના નાના મ્યુઝિયમ છે પરંતુ **નેશનલ લેવલ અર્થાત રાષ્ટ્રીય સ્તરનું** આ પ્રથમ જ મ્યુઝિયમ હશે.

❖ **કેન્દ્ર સરકારે સ્થાનિક યુવાનોને નોકરીઓ પુરી પાડવાના ઉદ્દેશ સાથે જમ્મુ અને કાશ્મીરમાં ઇંન્ડિયન રિઝર્વ પોલીસ (IRP)ની 5 બટાલિયનો રચવાનો નિર્ણય લીધો છે.**

→ જમ્મુ અને કાશ્મીરમાં 5 IPR બટાલિયનોમાં **5000 જવાનો** હશે જે પૈકીની 60% જગ્યાઓ સરહદી વિસ્તારમાં **0 થી 10 કિ.મી. ની રેન્જમાં** વસતા લોકો માટે આરક્ષિત રખાશે. તે ઉપરાંત **1,000 મહિલા કર્મચારીઓને સમાવતી બે મહિલા બટાલિયનો** પણ રચાશે.

❖ **ભારતીય સૈન્ય જૈસલમેર સૈન્ય મથકને સ્માર્ટ સવલત તરીકે વિકસાવશે …**

→ ભારતીય સૈન્યએ **રાજસ્થાનમાં સ્થિત જૈસલમેર** સૈન્ય મથકને કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટીઝ મિશનની તર્જ પર **સ્માર્ટ સવલત** તરીકે વિકસાવવાની વિસ્તૃત યોજના તૈયાર કરી છે.

→ આ યોજના સ્માર્ટ શહેરોના વિકાસ માટે કેન્દ્ર સરકારે ઓળખી કાઢેલા **આઠ મહત્વના ક્ષેત્રો** સાથે તાલમેળ સાધીને ઘડવામાં આવી છે. તેમાં **વરસાદના પાણીની જાળવણી, કેન્દ્રીયકૃત કચરા નિકાલ વ્યવસ્થા, સૌર ઊર્જા સંચાલિત સુરક્ષા લાઇટો, ભૂગર્ભ સ્થિત ઇલેકટ્રિક વાયરિંગ, સૌર ઊર્જા સંચાલિત વોટર હીટર, LED લાઇટિંગ તથા પાઇપલાઇન દ્વારા LPG પુરવઠો** પૂરો પાડવા માટેની જોગવાઇઓ છે.

- યોજનામાં પર્યાવરણીય સંતુલનની જાળવણી પર વિશેષ ધ્યાન અપાઇ રહ્યું છે. તેણે (ભારતીય સૈન્યએ) દર વર્ષે 1 લાખ વૃક્ષો વાવવા માટે વિશેષ પર્યાવરણીય દળ રચવાનો આદેશ આપ્યો છે. તે અંતર્ગત, **જૈસલમેરમાં સૌપ્રથમ હર્બલ ગાર્ડન પણ આ સૈન્ય મથકમાં** વિકસાવાશે.

❖ **આગ્રામાં પ્લાસ્ટિક પ્રદુષણને હરાવવા તાજ ઘોષણાપત્ર અપનાવાયું …**

→ ઐતિહાસિક **તાજમહલ આસપાસના 500 મીટરના વિસ્તારને** કચરા મુકત બનાવવા તથા એક વખતના ઉપયોગના **પ્લાસ્ટિકને** નાબુદ કરવા કેન્દ્રીય પ્રધાન મહેશ શર્માએ આગ્રાના રહેવાસીઓને પ્રતિજ્ઞા લેવડાવી હતી. **'તાજ ડેકલેરેશન ટુ બીટ પ્લાસ્ટિક પોલ્યુશન'** (પ્લાસ્ટિકના પ્રદુષણને હરાવવા તાજ ઘોષણાપત્ર) નામનો સંકલ્પ સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) ના એકિઝકયુટિવ ડાયરેકટર એરિક સોલ્હૈમ તથા UNEP ના શુભેચ્છા દુત **દિયા મિર્ઝાની** ઉપસ્થિતિમાં લેવડાવાયો હતો. 5 જૂન ઉજવાતા **વિશ્વ પર્યાવરણ દિવસ** પૂર્વે જ આ ઘોષણાપત્ર જારી કરાયું હતું.

❖ **માહિતી અને પ્રસારણ રાજય મંત્રી (સ્વતંત્ર હવાલા) તથા રમતગમત અને યુવા બાબતોના મંત્રી કર્નલ રાજયવર્ધન રાઠોડે નવી દિલ્હીના સિરિ ફોર્ટ ઓડિટોરિયમમાં 18 જૂન, 2018 ના રોજ 23 મા યુરોપિયન યુનિયન ફિલ્મ ઉત્સવનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.**

➢ **યુરોપિયન યુનિયન (EU) વિશે …**

→ EU અર્થાત યુરોપીય સંઘ **28 યુરોપિયન દેશોનો** સમાવેશ કરતું એક આર્થિક અને રાજકીય સંગઠન છે. યુરોપિયન સંસદમાં ઘડાતા કાયદા EU ના બધા જ સભ્યો દેશોને બંધનકર્તા છે અને સીધા જ લાગુ પડે છે. EU પાસે તેની પોતાની કરન્સી (ચલણ) **યુરો** છે જેનો ઉપયોગ **19 સભ્ય દેશો** કરી રહ્યા છે. EU ની રાજધાની **બેલ્જિયમના બ્રસેલ્સમાં** સ્થિત છે.

❖ **106 ઠ્ઠી ઇંન્ડિયન સાયન્સ કોંગ્રેસ** 3 થી 7 જાન્યુઆરી, 2019 દરમિયાન **પંજાબના જાલંધરમાં લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી** (LPU) માં યોજાશે. તેનું ઉદ્દ્ઘાટન વડાપ્રધાન **નરેન્દ્ર મોદી** કરશે. 5 દિવસીય ઇંન્ડિયન સાયન્સ કોંગ્રેસની થીમ **'ફ્યુચર ઇંન્ડિયાઃ સાયન્સ એન્ડ ટેકનોલોજી'** રખાઇ છે. તેનું આયોજન ભારતના એક પ્રીમિયર વૈજ્ઞાનિક સંગઠન **ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિએશન** (ISCA) દ્વારા કરાયું છે.

Banking Academy

❖ **તમિલનાડુની રાજધાની ચેન્નાઇમાં સ્થિત ઇન્ટેગ્રલ કોચ ફેક્ટરી** (ICF) એ સ્ટેઇનલેસ સ્ટીલમાંથી બનેલી પ્રથમ આઠ ડબાની મેઇનલાઇન ઇલેક્ટ્રીક મન્ટિપલ યુનિટ (MEMU) ટ્રેન લોન્ચ કરી. છે. MEMU એ મધ્યમ અંતરના ઇન્ટર-સિટી મુસાફરોની જરૂરિયાત સંતોષતી ઉપનગરીય ટ્રેન વ્યવસ્થા છે. સ્ટેઇનલેસ સ્ટીલ મેમુ ટ્રેનમાં બન્ને છેડે ડ્રાઇવિંગ મોટર કોચ છે જેના પ્રત્યેક ડબામાં 55 મુસાફરો બેસીને તથા 171 મુસાફરો ઊભાં ઊભાં (કુલ 226 મુસાફરો) પ્રવાસ કરી શકે છે.

❖ **ઓડિશાના કોણાર્ક તટ પર આવેલો ચંદ્રભાગા સમુદ્રતટ (બીચ) દેશનો એવો પ્રથમ તટ બની હયો છે જેને બ્લૂ ફ્લેગ સર્ટિફિકેશન પ્રાપ્ત થયું છે.**

→ આ પ્રમાણપત્ર એવા સમુદ્રીતટોને આપવામાં આવે છે જે **પર્યાવરણ અનુકુળ** હોય, **સ્વચ્છ** હોય અને પર્યટકો માટે આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબની સવલતો ધરાવતા હોય. ભારતીય બીચનો વિકાસ તટીય વિસ્તારોના પ્રબંધન માટે કામ કરતી પર્યાવરણ મંત્રાલયની એક સંસ્થા **સોસાયટી ફોર ઇન્ટેગ્રેટેડ કોસ્ટલ મેનેજમેન્ટ** (SICOM) દ્વારા કરાઇ રહ્યો છે.

➢ **બ્લૂ ફ્લેટ સર્ટિફિકેશન માટે વિકસાવાઇ રહેલા દેશના અન્ય 12 સમુદ્રતટો ...**

1. શિવરાજપુર (દ્વારકા), ગુજરાત,
2. ઘોઘલા, દીવ
3. ભોગવે (સિંધુદુર્ગ), મહારાષ્ટ્ર
4. મીરામાર (પંજીમ), ગોવા
5. પડુબિદરી, ઉડ્ડપી, કર્ણાટક
6. કાપડ, કોઝીકોડ, કેરળ
7. એમિરાલ્ડ, કરાઇકલ, પુડુચેરી
8. મહાબલીપુરમ્, તમિલનાડુ
9. ઋષિકોન્ડા, વિશાખાપટ્ટનમ
10. તેજપુર, પૂર્વ મિદનાપુર, પશ્ચિમ બંગાળ
11. રાધાપુર, હેવલોક, આંદામાન-નિકોબાર
12. બંગારામ, લક્ષદ્વીપ

નોંધઃ બ્લૂ ફ્લેગ સર્ટિફિકેશનની સ્થાપના કોપનહેગન સ્થિત ફાઉન્ડેશન ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન દ્વારા 1985 માં કરાઇ હતી.
કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે ડિસેમ્બર- 2017 માં બ્લૂ ફ્લેગ પ્રોજેક્ટનો આરંભ કર્યો હતો.

## આંતરરાષ્ટ્રીય

❖ **ચીનનાં કિંગદાઓમાં 18 મું SCO શિખર સંમેલન....**

→ **તારીખ : 9, 10, જૂન, 2018**

→ **સ્થળ : કિંગદાઓ (શાનડોગ પ્રાન્ત)**

→ **ભાગીદાર દેશોઃ** ચીન, રશિયા, કઝાખસ્તાન, કિર્ગસ્તાન, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ભારત **(વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌ પ્રથમવાર પ્રતિનિધિત્વકર્યુ)** અને પાકિસ્તાન...

→ આતંકવાદ સામે લડવા 3 વર્ષની યોજના માટે આહ્વાન કરતું ઘોષણાપત્ર અપનાવાયું....

→ SCO જૂથના પૂર્ણ સભ્ય તરીકે **ભારત અને પાકિસ્તાનનું આ સૌ પ્રથમ શિખર સંમેલન હતું.**

→ SCO ના સદસ્ય દેશો વચ્ચે લાંબાગાળાના પાડોશી સંબંધો, મૈત્રીપૂર્ણ વ્યવહાર અને સહયોગ માટે સંધિને અમલી બનાવવા **2018-2022 એકશન પ્લાન (પગલાં યોજના)**ને માન્યતા આપતા તથા આતંકવાદ, અલગાવવાદ અને કટ્ટરવાદને લડત આપવામાં સહયોગ માટેનો 2019-2020 કાર્યક્રમના અમલના દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

→ તેઓએ **2018-2023 માદક દ્રવ્યો વિરોધી રણનીતિ** તથા તેના અમલ માટેની પગલાં યોજનાને મંજૂરી આપવાના નિર્ણય પર પણ હસ્તાક્ષર કર્યા હતા.

→ ભારતે ચીનના મહત્વાકાંક્ષી **વન બેલ્ટ, વન રોડ** (OBOR) પ્રોજેક્ટને નકાર્યો.

→ SCO શિખર બેઠકમાં OBOR ને માન્યતા ન આપનાર ભારત એકમાત્ર દેશ.

→ SCO સમિટના અંકુશિત સત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **SECURE નો વિચાર** તરતે મૂકયો હતો. તેમણે સિક્યોર (SECURE) ની નવી પરિભાષા પણ આપી હતી. જે 'S' **ફોર સિક્યુરિટી ફોર સિટિઝન્સ, 'E' ફોર ઈકોનૉમિક ડેવલપમેન્ટ, 'C' ફોર કનેકટીવિટી ઈન રિજિયન, 'U' ફોર યુનિટી 'R' ફોર રિસ્પેકટ ઓફ સોવરેનિટી એન્ડ ઈન્ટેગ્રિટી અને 'E' ફોર એન્વાયર્નમેન્ટ પ્રોટેકશન છે.**

▪ **શાંઘાઈ કોઓપરેશન ઑર્ગેનાઈઝેશન (SCO) અંગે...**

→ SCO એ એક યુરેશિયન (યુરોપ + એશિયન) આર્થિક, રાજકીય અને સુરક્ષા સંબંધિત સંગઠન છે જેનું મુખ્યાલય ચીનના પાટનગર શહેર બીજિંગમાં છે. SCO ની સ્થાપના અંગેના ઘોષણાપત્ર પર જૂન 2001 માં ચીનના શાંઘાઈ ખાતે 6 સ્થાપક દેશો–રશિયા, ચીન, કઝાખસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાને સહીસિક્કા કર્યા હતા.

→ SCO જૂથનો મુખ્ય હેતુ સભ્યો વચ્ચે સૈન્ય સહકારનો છે. તે ગુપ્ત બાતમીની આપ–લે, મધ્ય એશિયામાં આતંકવાદને નાથવાના અભિયાનો વગેરે અંગે પણ સંયુકત રીતે કાર્ય કરે છે.

→ ભારત અને પાકિસ્તાનને જૂન 2017 માં SCO નું સભ્યપદ અપાયું હતું.

❖ **ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા (IBSA) ના વિદેશ મંત્રીઓની બેઠક દક્ષિણ આફ્રિકાના પ્રિટોરિયામાં યોજાઇ હતી.**

→ આ મંત્રીસ્તરીય બેઠકની અધ્યક્ષતા ભારતના વિદેશી મંત્રી સુષ્મા સ્વરાજે કરી હતી.
IBSA સંવાદ ફોરમ ભારત, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકાને સમાવતું એક ત્રિપક્ષીય જુથ છે, જેની સ્થાપના 2003 માં ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રીઓ દ્વારા બ્રાસિલિયા ઘોષણાપત્ર દ્વારા કરાઇ છે.

❖ **ભારતે ગેઝપ્રોમ રશિયા પાસેથી સૌથી સસ્તા LNG નો પ્રથમ જથ્થો પ્રાપ્ત કર્યો ...**

→ ભારતે 4 જૂન, 2018 ના **રશિયન સપ્લાયર ગેઝપ્રોમ લિકિવફાઇડ નેચરલ ગેસ** (LNG) નો પ્રથમ જથ્થો હાંસલ કર્યો છે.

→ અત્યારે, **કતાર** ભારતનો સૌથી મોટો નેચરલ ગેસ સપ્લાયર છે.

❖ **મોદી શાંગરી–લા મંત્રણામાં મુખ્ય ભાષણ આપનારા પ્રથમ ભારતીય PM**

→ પોતાના ત્રણ દેશોના પ્રવાસના આખરી પડવામાં સિંગાપુર પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 1 જૂન, 2018ના **શાંગરી–લા મંત્રણામાં** મુખ્ય વકતવ્ય આપ્યું હતું અને આ સાથે તેઓ આમ કરનારા **પ્રથમ ભારતીય વડાપ્રધાન** બની ગયા છે.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદી થોડા સમય માટે મલેશિયામાં નવનિયુકત વડાપ્રધાન મહાતિર મેહમ્મદને મળીને ચૂંટણીમાં તેમના ભવ્ય વિજય બદલ શુભકામના પાઠવી હતી. મહાતિર દુનિયાના સૌથી વૃદ્ધ વડાપ્રધાન છે.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **સિંગાપુરના રાષ્ટ્રીય ઓર્કિડ ગાર્ડનની** મુલાકાત લીધા બાદ સિંગાપુરે નરેન્દ્ર મોદીના નામ પર એક ઓર્કિડનું નામ રાખ્યું છે. સિંગાપુર બોટાનિક ગાર્ડનમાં ઉગાડવામાં આવેલા ઓર્કિડનું નામ વડાપ્રધાનની મુલાકાતને યાદગાર બનાવવા **ડેન્ડ્રોબિયમ નરેન્દ્ર મોદી** રાખ્યું છે. **યુનેસ્કોના** વિશ્વ ધરોહર સ્થળ તરીકે સૂચિબદ્ધ થનારું આ **એકમાત્ર ઉષ્ણકટિબંધીય ઉદ્યાન છે.**

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા **સિંગાપુરના પૂર્વ વડાપ્રધાન ગોહ ચોક ટાંગે વોટરફ્રન્ટ કિલફોર્ડ ઘાટ** પર મહાત્મા ગાંધીના અસ્થિ વિસર્જન સ્થળ પર તેમને શ્રદ્ધાંજલિ અર્પવા માટે એક તકતીનું અનાવરણ સંયુકત રીતે કર્યુ હતું.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **સિંગાપુરના પૂર્વ રાજનીતિજ્ઞ ટોમી કોહને** ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારો પૈકીના એક **પદ્મશ્રી** થી અલંકૃત કર્યા હતા.

→ સિંગાપુરના પ્રવાસે ગયેલા **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના** ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મસનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાના ઉદ્દેશથી **સિંગાપુરમાં ભારતની ત્રણ મોબાઈલ પેમેન્ટ એપ્લિકેશન્સ** ભીમ (ભારત ઈન્ટરફેસ ફોર મની), રૂપે તથા SBI ની UPI એનેબલ્ડ રેમિટન્સ એપ લોન્ચ કરી હતી.

→ ભારતની રૂપે ડિજિટલ ચૂકવણી પ્રણાલીને સિંગાપુરના 33 વર્ષે જૂના **નેટવર્ક ફોર ઈલેકટ્રોનિક ટ્રાન્સફર્સ (NETS)** સાથે જોડવામાં આવી છે.

→ **SBI ની UPI આધારિત રૂપી રેમિટન્સ એપ :** તેનું લોન્ચિંગ પણ **SBI ની સિંગાપુર શાખામાં** કરાયું હતું.

→ તે વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (VPA) ની સહાયથી સિંગાપુરમાં કામ કરી રહેલા કર્મચારીઓને **રૂ.1,00,000** સુધીની રકમ ઝડપી, સરળ અને સુગમ રીતે ભારતમાં મોકલવામાં મદદરૂપ બનશે.

❖ **અમેરિકા સહિત G7 ના દેશોના નેતાઓની બે દિવસીય 44 મી શિખર બેઠક બાદ જારી કરાયેલા સંયુકત નિવેદનમાં સંરક્ષણવાદનો મુકાબલો કરવા તથા વ્યાપારના માર્ગમાં આવતા અંતરાયો ઓછા કરવાનો સંકલ્પ વ્યકત કરાયો હતો.**

• **તારીખ:** 8-9 જૂન 2018 • **સ્થળ:** લા માલબાઇ, કયૂબેક, કેનેડા

→ 1981 પછી કેનેડાએ આ છઠ્ઠી વખત બેઠકની મેજબાની કરી છે.

- G7 અર્થાત ગ્રુપ-7 મુળ અમેરિકા, કેનેડા, બ્રિટન, જર્મની, ઇટાલી, ફ્રાન્સ અને જાપાન જેવા આર્થિક રીતે સદ્ધર દેશોનું જુથ છે. અગાઉ આ G8 તરીકે ઓળખાતું હતું. પરંતુ માર્ચ 2014 માં G7 એ ઘોષણા કરી કે G8 ના સંદર્ભમાં રશિયા સાથે એક સાર્થક ચર્ચા સંભવ નથી. ત્યારથી G7 પ્રક્રિયા હેઠળ બેઠક યોજાય છે. સંમેલનમાં લેવાયેલા નિર્ણય ન તો કોઇ સંધિ સમજુતીની જેમ બંધનકર્તા હો છે ન તો કોઇ ઔપચારિક મહત્વ ધરાવે છે.

❖ **ભારત અને ચીને બ્રહ્મપુત્રા નદીના પ્રવાહની માહિતીની આપ-લે તથા બિનબાસમતી ચોખાના નિકાસ સંબંધમાં બે MoU પર હસ્તાક્ષર કર્યા છે.**

→ એપ્રિલ 2018 માં આયોજીત અનૌપચારિક વુહાન શિખર બેઠક દરમિયાન નિર્ધારિત એજન્ડાને આગળ ધપાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય તથા વૈશ્વિક મુદ્દાઓ અંગે તાજેતરમાં હાથ ધરાયેલી વિસ્તૃત વિચારણાના અંતે આ MoU ને મૂર્તરૂપ અપાયું હતું.

Banking Academy

❖ **મોરશિયસ આગામી 18 થી 20 ઓગષ્ટ, 2018 દરમિયાન તેના પાટનગર પાર્ટ લુઇસ ખાતે 11 મા વિશ્વ હિન્દી સંમેલનની મેજબાની કરશે.**

→ 11 મા વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન ભારત સરકારના વિદેશ મંત્રાલયે મોરેશિયસ સરકારના સહયોગમાં કર્યું છે. આ વિશ્વ હિન્દી સંમેલનની થીમઃ 'વૈશ્વિક હિન્દી ઔર ભારતીય સંસ્કૃતિ' રખાઇ છે. સંમેલનનું સ્થળ મોરેશિયસના પેઇલ્સ ખાતેનું સ્વામી વિવેકાનંદ ઇન્ટરનેશનલ કન્વેશન સેન્ટર છે.

→ વિશ્વ હિન્દી સંમેલન વૈશ્વિક રીતે હિન્દી ભાષાની લોકપ્રિયતા વધારવા માટે વિદેશ મંત્રાલય દ્વારા દર ત્રણ વર્ષ યોજવામાં આવતો મોટો કાર્યક્રમ છે. પ્રથમ વિશ્વ હિન્દી સંમેલન મહારાષ્ટ્રના નાગપુરમાં 10-12 જાન્યુઆરી, 1975 માં યોજાયું હતું અને તેનુ ઉદ્‌ઘાટન તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ કર્યું હતું.

❖ **આતંકવાદને નાણાં પ્રવાહ બંધ ન કરવા સબબ પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં મુકાયું ...**

→ ફાઇનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સે (FATF) ફ્રાન્સના પાટનગર પેરિસમાં આયોજીત તેની પૂર્ણ બેઠકમાં આતંકવાદને નાણાંકીય સહાય પૂરી પાડવા તથા પોતાની ધરતી પર આતંકવાદીઓનો નાણાં પ્રવાહ ખોરવવાનો નિષ્ફળ રહેવા બદલ પાકિસ્તાનને સત્તાવાર રીતે તેની ગ્રે યાદીમાં સામેલ કરી દીધું છે. FATF દ્વારા આ સાથે પાકિસ્તાનને બીજીવાર ગ્રે લિસ્ટમાં મુકવામાં આવ્યું છે. અગાઉ 2012 થી 2015 સુધીના ત્રણ વર્ષ માટે FATF તેને પ્રથમવાર ગ્રે લિસ્ટમાં મુક્યું હતું.

- FATF ના ગ્રે લિસ્ટમાં સ્થાન પામનાર દેશને બાહ્ય વિશ્વની બેંકોમાથી લોન/ધિરાણ મેળવવામાં ખુબ મુશ્કેલી પડે છે.

❖ **અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે ઐતિહાસિક શાંતિ કરાર ...**

→ અમેરિકાના પ્રમુખ **ડોનાલ્ડ ટ્રમ્પ** અને ઉત્તર કોરિયાના સરમુખત્યાર **કિમ જોંગ ઉન** 12 જૂન, 2018 **ના સિંગાપુરના સેન્ટોસા ટાપુની હોટેલ કેપેલામાં** એકબીજાને ઉષ્માપૂર્ણ રીતે મળ્યા હતા. 71 વર્ષના ટ્રમ્પે 34 વર્ષના કિમને **પરમાણુ શસ્ત્રોનો સંપૂર્ણ નાશ** કરવા સહમત કર્યા હતા. ટ્રમ્પે બદલામાં કિમને સંપૂર્ણ સલામતીની ખાતરી આપી હતી. વધુમાં ઉત્તર કોરિયાની મોટી માંગ/મહત્વની માંગ સ્વીકારીને ટ્રમ્પે દક્ષિણ કોરિયા સાથે સંયુકત યુદ્ધ અભ્યાસ બંધ કરવાની જાહેરાત કરી હતી. જો કે, પરમાણુ પરીક્ષણો હાથ ધરવા બદલ ઉત્તર કોરિયા પર લાદવામાં આવેલ વિવિધ પ્રતિબંધો **પરમાણુ નિઃશસ્ત્રીકરણ** શરૂ થતાં સુધી ચાલુ રહેશે.

❖ **પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસન હેઠળ અમેરિકાએ** 19 જૂન, 2018 **ના રોજ સંયુકત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (યુનાઇટેડ નેશન્સ હ્યુમન રાઇટ્સ કાઉન્સિલ -UNHRC) માંથી હજાર નીકળી જવાની ઘોષણા કરી હતી.**

➢ **યુનાઇટેડ નેશન્સ હ્યુમન રાઇટ્સ કાઉન્સિલ (UNHRC) અંગે...**

- UNHRC સંયુકત રાષ્ટ્ર પ્રણાલી અંતર્ગતની **એક આંતર સરકારી સંસ્થા** છે. વૈશ્વિક ધોરણે માનવાધિકારોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે 15 માર્ચ, 2006 ના સંયુકત રાષ્ટ્રની મહાસભાએ તેની સ્થાપના કરી છે. તેણે માનવ અધિકારો અંગેના પૂર્વ UN કમિશનનું સ્થાન લીધું છે. તેનું મુખ્યાલય **સ્વિઝરલેન્ડના જીનિવા** ખાતે છે.
- **સભ્યોઃ** UNHRC સંયુકત રાષ્ટ્રના 47 **સભ્ય દેશોની** બનેલી છે.

❖ **માત્ર બે દેશો પાસે વિશ્વના 92% પરમાણુ શસ્ત્રો : SIPRI ...**

→ સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ (SIPRI) દ્વારા કરાયેલી નવી ગણતરી અનુસાર, માત્ર બે દેશો પાસે દુનિયાભરના **92% પરમાણુ શસ્ત્રો** છે. નવ પરમાણુ શસ્ત્ર દેશો પાસે 2017 ના આરંભ **14,935 પરમાણુ** શસ્ત્રો હતા જે 2018 ની શરૂઆતમાં ઘટીને 14,665 રહ્યા હતા. આ નવ દેશો **અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઇઝરાયેલ અને ઉત્તર કોરિયા** છે. SIPRI એક **સ્વતંત્ર વૈચારિક સંસ્થા** છે જે **1966 થી** આવા આંકડાકીય અહેવાલો બહાર પાડે છે.

→ **SIPRI ના અહેવાલના મુખ્ય અંશો અનુસાર** રશિયા પાસે 6,850 જયારે અમેરિકા પાસે લગભગ 6,450 પરમાણુ શસ્ત્રો છે.

❖ **ભારત સપ્ટેમ્બર 2018 માં પ્રથમ BIMSTEC સૈન્ય અભ્યાસની મેજબાની કરશે...**

→ ભારત આગામી સપ્ટેમ્બર 2018 માં **મહારાષ્ટ્રના પુણેમાં BIMSTEC (બે ઓફ બેંગાલ ઇનિશિયેટિવ ફોર મલ્ટિ સેકટોરલ ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કો-ઓપરેશન)** દેશોની સૌપ્રથમ સૈન્ય કવાયતની મેજબાની કરશે. કવાયતની થીમમાં **અર્ધ શહેરી વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી, ઘેરાબંધી તથા શોધખોળનો** સમાવેશ થાય છે.

➢ **અન્ય શ્રેણીઓના પુરસ્કાર વિજેતાઓ ...**

- **ઇનોવેટિવ આઇડિયા એવોર્ડઃ** આ પુરસ્કાર મધ્ય પ્રદેશની રાજધાની **ભોપાલ** તથા **ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદને** અનુક્રમે સંકલિત કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (ICCC) તથા સેફ એન્ડ સિકયોર અમદાવાદ (SASA) પ્રોજેકટ બદલ સંયુકત રીતે અપાયો છે.
- **પ્રોજેકટ એવોર્ડ્સઃ** પ્રોજેકટ પુરસ્કારો સાત શ્રેણીઓમાં સર્વાધિક નવોન્મેષી અને સફળ પ્રોજેકટનોને અર્પણ કરવામાં આવે છે, જે 1 એપ્રિલ, 2018 સુધી પુરા થઇ ચુકયા હોય.
- પરિવહન તથા ગરિશીલતા શ્રેણીઃ અમદાવાદ અને સુરતમાંથી ઇન્ટેગ્રેટેડ ટ્રાન્ઝિટ મેનેજમેન્ટ સિસ્ટમ (TMS)
- જળ અને સ્વચ્છતા શ્રેણીઃ અમદાવાદમાંથી SCADA દ્વારા સ્માર્ટ વોટર મેનેજમેન્ટ.

❖ **પ્રવાસન રાજયમંત્રી (સ્વતંત્ર હવાલો) કે.જે. આલ્ફોન્સે** 18 થી 22 જૂન, 2018 સુધી અમેરિકામાં આયોજીત **'ઇન્ક્રડિબલ ઇન્ડિયા રોડ શૉ'** (અતુલ્ય ભારત રોડ શૉ) ની શ્રેણીમાં હાજરી આપી હતી. આ રોડ શૉ ન્યૂયોર્ક, શિકાગો તથા હ્યુસ્ટન સહિત અમેરિકાના અનેક મોટા શહેરોમાં યોજાયા હતા અને તેમાં ભારતીય પ્રતિનિધિમંડળ દ્વારા B2B વાર્તાલાપો, પ્રેઝન્ટશન્સ & પ્રેસ બ્રીફિંગ્સ પણ યોજાયું હતું.

Banking Academy

❖ **મેસેડોનિયાએ દેશનું નામ બદલીને ઉત્તર મેસેડોનિયા ગણરાજય રાખ્યું ...**

→ **મેસોડોનિયાના** સત્તાવાળાએ 17 જૂન, 2018 ના તેમના દેશનું નામ બદલીને **ઉત્તર મેસેડોનિયા ગણરાજય (રિપબ્લિક ઓફ નોર્થ મેસેડોનિયા)** રાખ્યું છે. મેસેડોનિયાના આ નિર્ણયથી ગ્રીસ સાથે તેમના વર્ષોથી ચાલ્યા આવતા વિવાદનો અંત આવી ગયો છે.

- યુરોપના બે દેશો **ગ્રીસ અને મેસેડોનિયાએ** તેઓ વચ્ચે 27 વર્ષથી જારી વિવાદ ઉકેલવા આ નિર્ણય લીધો છે. વર્ષ 1991 માં **યુગોસ્લાવિયાથી** અલગ થઇને નવો દેશન **રિપબ્લિક ઓફ મેસેડોનિયા** બન્યો હતો.

❖ **ભારત અને રશિયા વચ્ચે સંયુકત ટપાલ ટિકિટ જારી કરવા મંત્રીમંડળની મંજુરી ...**

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે **ભારતીય ટપાલ વિભાગ અને રશિયા પોસ્ટ** (રશિયન સંઘની સંયુકત ભાગીદારીવાળી કંપની માર્કા) વચ્ચે **સંયુકત ટપાલ ટિકિટ** જારી કરવા સંબંધમાં થયેલી સમજુતીને મંજુરી આપી છે.

❖ **સાઉદી અરેબિયામાં** 24 જૂન, 2018 ના મહિલાઓને સત્તાવાર રીતે માર્ગો પર **કાર ડ્રાઇવિંગની** મંજુરી મળી ગઇ. અત્યારસુધીની **સાઉદી અરેબિયા** એકમાત્ર એવો દેશ હતો જયાં મહિલાઓ કાર ચલાવી શકતી ન હતી.

❖ **ભારત વિશ્વમાં ઇ-વેસ્ટનો 5 મો સૌથી મોટો યોગદાનકર્તા : એસોચેમ – NEC નો અભ્યાસ...**

→ ભારતમાં **ઇલેકટ્રિકલ્સ & ઇલેકટ્રોનિકસ મેન્યુફેકચરિંગ** અંગે **એસોચેમ તથા NEC** દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલા અભ્યાસે ઘટસ્ફોટ કર્યો છે કે ભારત તેના ઇ-વેસ્ટ અર્થાત ઇલેકટ્રોનિક કચરાનું માત્ર **5% જ રિસાઇકલ** કરે છે અને વિશ્વમા ઇ-વેસ્ટના કેટલાક સૌથી મોટા યોગદાનકર્તાઓમાં ભારત પણ સામેલ છે.

→ ભારત **વર્ષે આશરે 20 ટન ઇ-કચરો** પેદા કરે છે જે પૈકીનો **12% ઇ-કચરો એકલી ટેલિકોમ** સામગ્રીનો હોય છે.

→ ભારત ઉપરાંત ઇ-વેસ્ટ ઉત્પન્ન કરતા ટોચના દેશોમાં ચીન, અમેરિકા, જાપાન અને જર્મનીનો સમાવેશ થાય છે.

→ ભારતમાં સૌથી વધુ માત્રામાં ઇ-વેસ્ટ ઉત્પન્ન કરતા રાજયોમાં **મહારાષ્ટ્ર** (19.8%), **તમિલનાડુ** (13%), **ઉત્તર પ્રદેશ** (10.1%), **કર્ણાટક** (8.9%), **ગુજરાત** (8.8%) અને **મધ્ય પ્રદેશ** (7.6%) છે.

→ ભારતમાં 20 લાખ ટન ઇ-વેસ્ટમાંથી માત્ર **4.38 લાખ ટન ઇ-વેસ્ટનું જ રિસાઇકિલંગ** થાય છે.

❖ **ઇન્સ્ટિટયૂટ ફોર ઇકોનોમિકસ એન્ડ પીસ** (IEP) **દ્વારા જારી કરાયેલા ગ્લોબલ પીસ ઇન્ડેકસ** 2018 **માં ભારત 163 દેશોની યાદીમાં 137 માં સ્થાને છે. ભારત વર્ષ** 2017 **માં આ યાદીમાં** 141 **માં ક્રમે હતું.**

→ આ યાદી મુજબ વિશ્વનો સોથી શાંતિપૂર્ણ દેશ આઇસલેન્ડ છે. શાંતિપૂર્ણતાના મામલે આઇસલેન્ડની આ સર્વોચ્ચ સ્થિતિ **વર્ષ 2008 થી** છે.

→ વિશ્વનો સૌથી અશાંત દેશ **સીરિયા** છે. તે આ સ્થાને **છેલ્લા 5 વર્ષથી** છે.

❖ **ચીન વગર વિશ્વની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય દરિયાઇ યુદ્ધ કવાયત RIMPAC-2018 નો હવાઇ ટાપુ પર આરંભ ...**

→ 27 જૂન, 2018 થી હવાઇ ટાપુ તથા દક્ષિણી કેલિફાર્નિયામાં ભારત સહિત 26 દેશોના વિશ્વના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય સમુદ્રી યુદ્ધ અભ્યાસ RIM ઓફ ધ પેસિફિક (RIMPAC-2018) નો ચીનના સમાવેશ વગર જ પ્રારંભ થયો છે. આ વર્ષના RIMPAC-2018 ની થીમ 'કેપેબલ, એડેપ્ટિવ, પાર્ટનર્સ' છે. ચાર દેશો બ્રાઝિલ, ઇઝરાયેલ, શ્રીલંકા તથા વિયેતનામ આ કવાયતમાં પ્રથમવાર ભાગ લઇ રહ્યા છે.

❖ **ભારત, જાપાન અને અમેરિકા વચ્ચેની ત્રિપક્ષીય નૌકાદળ કવાયત મલાબાર 2018 નો આરંભ પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં ફિલિપાઇન્સના સમુદ્રમાં ગુઆમ ટાપુના કિનારે થયો છે.**

→ નૌકાદળકવાયતની આ **22 મી આવૃત્તિ** છે. અમેરિકાએ હવાઇ સ્થિત તેના પેરિફિક કમાન્ડ (PACOM) નું નામ બદલીને **ઇન્ડો પેસિફિક કમાન્ડ** (INDOPACOM) કર્યા બાદ આ સૌપ્રથમ નૌકાદળ સૈન્ય અભ્યાસ છે.

→ મલાબાર કવાયતનો આરંભ **1992 માં ભારત-અમેરિકા નૌકાદળ કવાયત** તરીકે કરાયો હતો. ત્યારથી તે દર વર્ષે યોજવામાં આવતી હતી પરંતુ ભારતે 1998 માં પોખરણ ખાતે પરમાણુ પરીક્ષણો કર્યા બાદ **1998 થી 2002** સુધી તેને સ્થગિત કરી દેવાઇ હતી. **જાપાન 2015** માં તેનો કાયમી ભાગીદાર દેશ બન્યો હતો.

❖ **SAARC (સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન) ડેવલપમેન્ટ ફંડ** (SDF) **તેની સામાજીક બારીના ભાગરૂપે 'સામાજીક સાહક વિકાસ કાર્યક્રમ'** (SEDP) **શરૂ કરવા જઇ રહ્યું છે.**

→ SDF ની સ્થાપના **એપ્રિલ 2010 માં ભૂટાનના થિમ્પુમાં** 16 મી SAARC શિખર બેઠક દરમિયાન બધા જ આઠ SAARC સભ્ય દેશોના વડાઓએ કરી હતી. SDF ની ગવર્નિંગ કાઉન્સિલમાં તમામ આઠ સભ્ય દેશોના નાણાં મંત્રીઓનો સમાવેશ કરાયો છે. **SDF નું સચિવાલય ભૂટાનની રાજધાની થિમ્પુમાં** છે.

❖ **નીતિન ગડકરીએ દુશાંબેમાં સ્વામી વિવેકાનંદ સંસ્કૃતિ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું ...**

→ કેન્દ્રીય જળ સંસાધન, નદી વિકાસ તથા ગંગા પુનરુદ્ધાર, માર્ગ મરિવહન, રાજમાર્ગ તથા જહાજ ઉદ્યોગ મંત્રી નીતિન ગડકરીએ **તાજિકિસ્તાનની રાજધાની અને સૌથી મોટા શહેર દુશાંબે** ખાતે **ભારતીય દૂતાવાસમાં સ્વામી વિવેકાનંદ સંસ્કૃતિ કેન્દ્રનું ઉદ્‌ઘાટન** કરી ભારતીય સમુદાયને સંબોધ્યો હતો. તેમણે કહ્યું હતું કે **ભારત 2019 સુધી ઇરાનમાં ચાબહાર બંદરને** કાર્યરત્ કરવાના પ્રયાસ કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે ચાબહાર બંદર શરૂ થઇ જતા **CIS (કોમનવેલ્થ ઓફ ઇન્ડિપેન્ડન્ટ સ્ટેટ્સ)** દેશો માટે પહોંચ ખુબ સરળ થઇ જશે.

Banking Academy

❖ **અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પેસ ફોર્સ રચવાનો આદેશ જારી કર્યો ...**

→ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 19 જૂન, 2018 ના **પેન્ટાગોનને સ્પેસ ફોર્સ** તૈયાર કરવાનો આદેશ જારી કર્યો છે. અમેરિકાનો ઉદ્દેશ અંતરિક્ષમાં તેનો દબદબો સ્થાપવા માટે સ્પેસ ફોર્સ સ્થાપિત કરવાનો છે. અમેરિકાનું કહેવુ છે કે તે **સ્પેસ ફોર્સ બનાવનારો વિશ્વનો પ્રથમ દેશ હશે.** અલબત્ત, રશિયા પાસે પણ આવી જ ફોર્સ છે, જેનું બાદમાં તેણે **એરફોર્સમા** વિલીનીકરણ કર્યું હતું. સ્પેસ ફોર્સ **અમેરિકાની સેનાની છઠ્ઠી શાખા** હશે.

❖ **મહિલાઓની સુરક્ષાના મામલે તાજેતરમાં થોમસન રોયટર્સ ફાઉન્ડેશન વૈશ્વિક સર્વે હાથ ધર્યો હતો જે અનુસાર ભારત મહિલાઓ માટે દુનિયાનો સૌથી ખતરનાક દેશ બની ગયો છે.**

→ સર્વે અનુસાર, ભારતમાં માનવ તસ્કરી, જાતિય હિંસા, સાંસ્કૃતિક તથા ધાર્મિક પરંપરાઓના કારણે તથા મહિલાઓને યૌન અપરાધોમાં ધકેલવાના લીધે તે **વિશ્વનો સૌથી ખતરનાક દેશ** છે.

❖ **એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) ની ત્રીજી વાર્ષિક બેઠક તાજેતરમાં મહારાષ્ટ્રના મુંબઇમાં સંપન્ન થઇ.**

→ બેઠકનું આયોજન કેન્દ્રીય નાણાં મંત્રાલય હેઠળના આર્થિક બાબતોના વિભાગ તથા AIIB દ્વારા સંયુક્ત રીતે કરાયું હતું. આ તૃતીય બેઠકની થીમ: 'મોબિલાઇઝિંગ ફાઇનાન્સ ફોર ઇન્ફ્રાસ્ટ્રક્ચર : ઇનોવેશન એન્ડ કોલોબોરેશન' હતી.

❖ **ભારતનાં પ્રવાસે આવેલા સેશેલ્સના રાષ્ટ્રપતિ ડેની ફૌરે 25 જુલાઈ, 2018 ના રોજ નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા.**

→ તેમની આ ભારત યાત્રાની સૌથી મોટી ફળશ્રુતિ એ હતી કે તેમણે ભારતને **સેશેલ્સના અઝમ્પશન** ટાપુ પર ભારત માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ અતિ મહત્વના નૌકાદળ મથકના નિર્માણને ફરીથી મંજુરી આપી દીધી છે.

→ ભારતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ષ 2015 ની સેશેલ્સ ટાપુ મુલાકાત દરમિયાન આપેલા વચન મુજબ બીજું **ડોર્નિયર વિમાન** સુપ્રત કરવાની પણ ઘોષણા કરી હતી. આ વિમાન 29 જૂન, 2018 ના સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના અવસર પૂર્વે ત્યાં પહોંચી ગયું હતું..

→ **અઝમ્પશન ટાપુ સેશેલ્સની રાજધાની વિક્ટોરિયાથી 1,135 કિ.મી. દૂર નૈઋત્યમાં આવેલો છે.**

→ ભારતની 5 દિવસની મુલાકાતે આવેલા **સેશેલ્સના રાષ્ટ્રપતિ ડેની ડૌરેએ** શુભચેષ્ટારૂપે ભારતને **બે જાયન્ટ અલ્ફાબ્રા કાચબા** ભેગ સ્વરૂપે આપ્યા છે. કાચબાની આ જોડીને **હૈદરબાદ ખાતે નહેરુ ઝુલેજિકલ પાર્કમાં** રખાશે.

→ **સેશલ્સના રાષ્ટ્રપતિ ડેની ફૌરેએ** નવી દિલ્હી જતાં પૂર્વે 22 જૂન, 2018ના **અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ** પર આવી પહોંચ્યા હતા જ્યાં ગુજરાત સરકારના અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યુ હતું.

❖ **સ્વિત્ઝરલેન્ડની ઇન્વેસ્ટમેન્ટ બેંક UBS ના** અભ્યાસ અનુસાર, મુંબઇમાં એક કર્મચારી વર્ષે સરેરાશ **3,314.7** કલાક કામ કરે છે. જે દુનિયાના 77 મુખ્ય શહેરોમાં સૌથી વધુ છે.

❖ **વિશ્વની ટોચની યુનિવર્સિટીઓની યાદીમાં બેંગલુરુની પ્રતિષ્ઠિત ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ સાયન્સ (IISc)** એ વાપસી કરી છે. છેલ્લે IISc **એ આ યાદીમાં 2011 માં સ્થાન હાંસલ કર્યું હતું. 91 મા ક્રમે આવેલી IISc આ પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય યુનિવર્સિટી છે. યાદીમાં મોખરાના ક્રમે હાર્વર્ડ યુનિવર્સિટી છે.**

❖ દુનિયાભરના વૈજ્ઞાનિકો એ સવાલનો જવાબ શોધવામાં લાગ્યા છે કે **સમુદ્રોમાં પ્લાસ્ટિકનો કચરો** કેવી રીતે વધી રહ્યો છે? જેનો જવાબ વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF) ના તાજેતરના એક અભ્યાસ પરથી મળી ગયો છે.

→ અભ્યાસના તારણમાં જાણવા મળ્યું છે કે વિશ્વના સમુદ્રોમાં ભળતા કચરા માટે **10 નદીઓ** જ સૌથી વધુ જવાબદાર છે. તેમાં **ચીનની યાંગત્જે નદી પ્રથમ ક્રમે છે. તે ચીનની સૌથી લાંબી નદી** છે. ભારતની ગંગા **નદી બીજા નંબરે** છે. સમુદ્રોમાં જે પ્લાસ્ટિક કચરો ભળી રહ્યો છે તેમાંથી અંદાજે 90% આ 10 નદીઓમાંથી જ આવી રહ્યો છે. સૌથી મોટી વાત એ છે કે આ **10 માંથી 8 નદીઓ એશિયાની** છે.

**સમુદ્રમાં કચરો ફેલાવવા માટે જવાબદાર 10 નદીઓ**

| ક્રમ | નદી | દેશ | ક્રમ | નદી | દેશ |
|---|---|---|---|---|---|
| 1. | યાંગત્જે | ચીન | 2. | ગંગા | ભારત |
| 3. | યેલો | ચીન | 4. | પર્લ | ચીન |
| 5. | એમર રુસ | ચીન | 6. | સિંધુ | ભારત |
| 7. | મેકોંગ | ચીન | 8. | હે હી | ચીન |
| 9. | નાઇલ | આફ્રિકા | 10. | નાઇઝર | આફ્રિકા |

## અર્થતંત્ર

❖ **વ્યકિતઓ અને કોર્પોરેટ ગૃહોને આપેલા ધિરાણ અંગેની માહિતી માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ એક માહિતી સંગ્રહ પબ્લિક ક્રેડિટ રજીસ્ટ્રી (PCR) સ્થાપવાની ઘોષણા કરી હતી. આ નિર્ણય કેન્દ્રીય બેંક દ્વારા રચાયેલી વાય.એમ.દેવસ્થલી સમિતિ દ્વારા કરાયેલી ભલામણને આધારે લેવાયો છે.**

→ કેન્દ્રીય બેંક આવી રજીસ્ટ્રીને અલાયદી બિનનફાકારક સંસ્થામાં પણ પરિવર્તિત કરી શકે છે. પ્રસ્તાવિત PCR બધા જ ધિરાણોના માહિતી ભંડાર તરીકે કાર્ય કરશે જેની યોગ્ય સમયે નિયમિત ચકાસણી રીપોર્ટીંગ સંસ્થાઓ કરશે, પછી ભલે ગમે તેટલી રકમની લોન આપેલી હોય.

→ PCR એ બાહ્ય વાણિજિયક ધિરાણો, બજારના ધિરાણો અને તમામ આકસ્મિક દેવાઓ જેવી માહિતીઓ પણ એકત્ર કરીને ધિરાણ લેનારા વ્યકિતઓ/કોર્પોરેટ ગૃહોની પુનઃ ચુકવણીની ક્ષમતા અંગેનું સમગ્રતયા ચિત્ર રજુ કરવુ પડશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ચોથી બેઠક નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે 17 જૂન, 2018 ના યોજાઇ હતી.**

➢ **નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલ અંગે ...**

- ગવર્નિંગ કાઉન્સિલ એ નીતિ આયોગની સર્વોચ્ચ સંસ્થા છે. ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા વડાપ્રધાન કરે છે તથા તેમાં દેશના બધા જ રાજયો અને વિધાનસભા ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય પ્રધાનો તથા આંદામાન નિકોબાર ટાપુઓ તેમજ ચાર કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજયપાલો હોદ્દાની રૂએ તથા ત્રણ કેન્દ્રીય મંત્રીઓ વિશેષ આમંત્રિતો તરીકે ઉપસ્થિત રહે છે.

➢ **ગવર્નિંગ કાઉન્સિલની પાછલી બેઠકો ...**

- ગવર્નિંગ કાઉન્સિલની પ્રથમ બેઠક ફેબ્રુઆરી **2015** માં યોજાઇ હતી, જેમાં સહકારી સમવાયતંત્રનું પાલનપોષણ તથા રાષ્ટ્રીય મુદ્દાઓની ઉકેલ રાજયોની સક્રિય ભાગીદારીથી લાવવા જેવા નીતિ આયોગના ચાવીરૂપ કાર્યો નકકી કરાયા હતા.

❖ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ નરેન્દ્ર મોદી સરકારના ચાર વર્ષના શાસનમાં તથા 28 જાન્યુઆરી, 2014 બાદથી પ્રથમવાર ચાવીરૂપ વ્યાજ વધારો કર્યો છે.**

→ 6 જૂન, 2018 ના RBI ની સભ્યોની મોનેટરી પોલિસી કમિટી (MPC) ની બેઠકમાં રેપો રેટ (ટુંકાગાળાનો ધિરાણ દર) 6% થી વધારી 6.25% કરવાનો નિર્ણય લેવાયો હતો. ચાલુ નાણાકીય વર્ષની બીજી દ્વિમાસિક નાણા નીતિ સમીક્ષાના નિવેદન અનુસાર RBI ના વર્તમાન નીતિ દરો નીચે મુજબ છે.

- રેપો રેટ 0.25 % વધારીને 6.25%
- રિવર્સ રેપો રેટ પણ 0.25% વધારી 6% કરાયો
- માર્જીનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) રેટ 6.50%
- કેશ રિઝર્વ રેશિયો (CRR) : 4% ના દરે યથાવત્ રખાયો.
- 2018-19 નો GDP વૃદ્ધિ દરનો અંદાજ 7.4% યથાવત્ રખાયો.
- એપ્રિલ-સપ્ટેમ્બર રીટેલ ફુગાવાનો દર 4.8-4.9%
- બેંક દર : 6.50%

❖ ફુડ સિકયોરિટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ 26 જૂન, 2018 ના **ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા લોકોને ઉમરકેદની સજા તથા 10 લાખ રૂપિયા સુધીનો દંડ** આપવાની જોગવાઇ કરવાની ભલામણ કરી છે.FSSAI એ **2006 ના અન્ન સુરક્ષા તથા ધારાધોરણ કાનૂનમાં સુધારા** અંગે મોકલેલી તેની ભલામણોમાં ઉકત પ્રસ્તાવ રજુ કર્યો હતો.

❖ બેકિંગ ક્ષેત્રમાં સતત થઇ રહેલા નુકશાન ખોટમાં સુધારો કરવાના ઉદેશથી કેન્દ્ર સરકાર ચાર સરકારી બેંકોનુ વિલીનીકરણ કરવાની દિશામાં વિચારી રહી છે. આ ચાર બેંકો IDBI, ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ (OBC), સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા તથા બેંક ઓફ બરોડા(BOB)ને વિલીન કરીને એક મોટી બેંક બનાવવામાં આવે તેવી સંભાવના છે. જો એમ થશે તો તે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) બાદ બીજી સૌથી મોટી બેન્ક હશે.

❖ કેન્દ્રીય સ્ટીલ મંત્રી ચૌધરી બીરેન્દ્રસિંહે **સેઇલ** (સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા લિ.) ને રાઉરકેલા સ્ટીલ પ્લાન્ટ (RSP) ની પુનર્નિર્મિત બ્લાસ્ટ ફર્નેસ-1 **'પાર્વતી'** રાષ્ટ્રને સમર્પિત કરી છે. **'પાર્વતી' સેઇલ** ની પ્રથમ બ્લાસ્ટ ફર્નેસને પુનર્નિર્માણ માટે 6 ઓગસ્ટ, 2013 ના સંપૂર્ણ બંધ કરાઇ હતી. જૂના ફાઉન્ડેશન પર ઊભી કરાયેલી આ ફર્નેસ બહેતર ટેકનોલોજીથી સુસજ્જ છે અને તેની ઉત્પાદન ક્ષમતા ઊંચી છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં દેશના વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલા ખાંડ ઉદ્યોગ માટે Rs.8,500 કરોડના બેઇલઆઉટ પેકેજને મંજૂરી આપવામાં આવી હતી.**

→ બ્રાઝિલ બાદ ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ખાંડ ઉત્પાદક દેશ છે. જે પ્રતિવર્ષ આશરે 2 થી 2.5 કરોડ ટન ખાંડ ઉત્પાદન કરે છે.

→ વર્તમાનમાં ઉત્તર પ્રદેશ ભારતનું અગ્રણી ખાંડ ઉત્પાદક રાજ્ય છે અને તે આગામી બે વર્ષ સુધી આ દરજ્જો જાળવી રાખે તેવી સંભાવના છે. મહારાષ્ટ્ર શેરડી તેમજ ખાંડ બન્નેના ઉત્પાદનમાં બીજા ક્રમે છે.

❖ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 14 જૂન, 2018 ના **ભિલાઇ સ્ટીલ પ્લાન્ટ** આધુનિકીકરણ પ્રોજેકટ પણ રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. આ પ્લાન્ટ દેશમાં રેલના પાટા તથા ભારે સ્ટીલ પ્લેટોને એક માત્ર નિર્માતા છે. દેશમાં 260 મીટરના સૌથી લાંબા રેલ પાટાનુ એક માત્ર ઉત્પાદન અહીયાં થાય છે. આ સ્ટિલ પ્લાન્ટની ક્ષમતા 31.53 લાખ ટન છે. ભિલાઇ સ્ટીલ પ્લાન્ટ દેશનું એવુ એક માત્ર કારખાનું છે જેને તમામ ક્ષેત્રોમાં પ્રમાણપત્રો મળ્યાં છે.

Banking Academy

❖ તાજેતરના એક અધ્યયનથી માલુમ પડયું છે કે, **દિલ્હી, મુંબઇ અને બેંગલુરુ** સહિત ત્રણ ભારતીય મહાનગરોનો સમાવેશ વૈશ્વિક સ્તરે આતંકવાદથી સકલ ઘરેલું ઉત્પાદન (Gross Domestic Product = GDP) ને જોખમ ઊભુ થતું હોય તેવા **વિશ્વ ટોચના 10 શહેરોમાં** કરાયો છે. **લોયડ્સ ઇન્ડિયાઝ સિટી રિસ્ક ઈન્ડેક્સ** (CRI) ની તાજી આવૃત્તિમાં દિલ્હી, મુંબઈ અને બેંગલુરુને અનુક્રમે પાંચમું, છઠ્ઠુ અને સાતમુ સ્થાન અપાયું છે.

❖ **'બાળપણનો અંત' સૂચકાંકમાં ભારત 133 મા ક્રમે ...**

→ **એ સેવ ધ ચિલ્ડ્રન્સ 'એન્ડ ઓફ ચાઇલ્ડહૂડ ઇન્ડેક્સ 2018'** (બાળપણનો અંત સૂચકાંક) અનુસાર, ભારતનો કુપોષણ, શિક્ષણમાંથી બાદબાકી, બાળ મજૂરી અને બાળ લગ્નના પરિણામે સૂચકાંકમાં ભારત 133માં ક્રમે રહ્યુ હતું.

→ **સિંગાપુર તથા સ્લોવેનિયા** આ ઇન્ડેકમાં સંયુક્ત રીતે પ્રથમ ક્રમે છે. જયારે નાઇજર છેલ્લેથી પ્રથમ અર્થાત 175 માં સ્થાને છે.

❖ **1 જુલાઇ, 2018 નો દિવસ 'GST દિન' તરીકે ઉજવાયો ...**

→ ભારત સરકારે ભારતીય કર પ્રણાલીમાં અભૂતપૂર્વ સુધારા ગણાતા ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ અર્થાત GST ના અસ્તિત્વની પ્રથમ વર્ષગાંઠ 1 જુલાઇ, 2018 ના રોજ પૂર્ણ થઇ હોવાથી 1 જુલાઇને GST દિવસ તરીકે ઉજવ્યો છે. GST 1 જુલાઇ, 2017 થી અમલી બન્યો હતો. ભારતમાં 'વન નેશન વન ટેક્સ, વન માર્કેટ' નું સ્વપ્ન સાકાર કરવા લાગુ કરાયેલા GST થી 11 માસમાં સરકારને 10 લાખ કરોડ રૂપિયાની જંગી આવક થઇ છે.

❖ **હવે E-પાન કાર્ડ વિનામૂલ્યે અને 24 કલાકમાં જ મળી જશે ...**

→ CBDT એ કરદાતાઓને વહેલામાં વહેલી તકે તથા વિનામૂલ્યે ઓનલાઇન પાન કાર્ડ 24 કલાક અથવા તેથી પણ ઓછા સમયમાં મળે તેવી જાહેરાત કરી છે. આ વ્યવસ્થા ટૂંક સમયમાં ઇન્કમટેક્સની વેબસાઇટ પર ઉપલબ્ધ થઇ જશે. અત્યારે પાન કાર્ડ કઢાવવા માટે વિવિધ એજન્સીઓ રૂ.110ની ફી વસુલે છે પણ હવે E-પાન કાર્ડ મફતમાં મળી જશે પરંતુ આ માટે કરદાતાઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે.

❖ **રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) એ 5 જૂન, 2018 ના વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) માટે ખાસ કરીને વ્યક્તિગત મોટા નિગમો (કોર્પોરેટ્સ)માં રોકાણ માટેના માપદંડો સરળ બનાવ્યા છે. કેન્દ્રીય બેંકના આ પગલામાંથી બોન્ડમાં વિદેશી રોકાણ આકર્ષવામાં મદદ મળશે.**

→ **કોર્પોરેટ બોન્ડ સેગમેન્ટ** : FPIs ને **1 વર્ષ સુધીની** ઓછામાં ઓછી શેષ પાકતી મુદ્દત સાથે કોર્પોરેટ બોન્ડ્સમાં રોકાણ કરવાની મંજુરી છે. FPIs દ્વારા કોર્પોરેટ બોન્ડ્સમાં ટુંકાગાળાનું મૂડી રોકાણ કોર્પોરેટ બોન્ડ્સમાં FPIs ના કુલ રોકાણના **20% થી વધવું ન જોઇએ.**

→ **ગવર્નમેન્ટ સિક્યુરિટીઝ (G-secs)** : સરકારી જામીનગીરીઓમાં રોકાણ પરની FPIs ની મર્યાદા તે જામીનગીરીના બાકી રહેલા જથ્થાના અગાઉના 20% થી વધારીને 30% કરવામાં આવી છે. FPIs ને ત્રણ વર્ષની લઘુતમ શેષ પાકતી મુદ્દત સાથે સરકારી બોન્ડ્સમાં રોકાણ કરવાની અનુમતિ છે.

➢ **ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટમેન્ટ (FPI) અંગે...**

- FPI માં વિદેશી રોકાણકારો દ્વારા પરોક્ષ રીતે ધરાવવામાં આવતી જામીનગીરીઓ તથા અન્ય નાણાકીય અસ્કયામતોનો સમાવેશ થાય છે. તે રોકાણકારને નાણાકીય અસ્કયામતોની સીધી (પ્રત્યક્ષ) માલિકી પુરી પાડતું નથી. તે બજારની અસ્થિરતાના આધારે પ્રમાણમાં પ્રવાહી છે. ભારતમાં, FPIs ને સરકારી બોન્ડ્સ, ટ્રેઝરી બિલ્સ, રાજ્ય વિકાસ લોન (SDL) અને કોર્પોરેટ બોન્ડ્સ જેવા વિવિધ ઋણ બજારના સાધનોમાં રોકાણ કરવાની છૂટ છે, પરંતુ અમુક ચોકકસ નિયંત્રણો અને મર્યાદાઓ સાથે.

➢ **FPI અને FDI વચ્ચેનો તફાવત...**

- FPI રોકાણકારને વિદેશમાં શેર, બોન્ડ્સ અથવા અન્ય નાણાકીય મિલકતો ખરીદવા દે છે. આ કેસમાં, રોકાણકાર રોકાણ જારી કરતી કંપનીઓ કે સંસ્થાનું સક્રિય રીતે પ્રબંધન કરતો નથી. તેનો જામીનગીરીમાં કે બિઝનેસ પર પણ અંકુશ હોતો નથી. તેનાથી વિપરીત, FDI વિદેશનમાં સીધા જ વ્યાપારી હિત ખરીદી કરવાની રોકાણકારને પરવાનગી આપે છે. રોકાણકાર તેણે જે કંપનીમાં નાણાં રોકયા હોય તેનું સક્રિય રીતે વ્યવસ્થાપન પણ કરી શકે છે અને તેના નાણાકીય રોકાણ પર નિયંત્રણ પણ મેળવી શકે છે. **FPI વધુ પ્રવાહી અને FDI કરતાં ઓછું જોખમી છે.**

## સાયન્સ એન ટેકનોલોજી

❖ **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO) એ સોલિડ ફ્યુઅલ ડક્ટેડ રેમજેટ (SFDR) પ્રોપલ્ઝન ટેકનોલોજીથી સંચાલિત નવી હવાથી હવામાં પ્રહાર કરવા સક્ષમ મિસાઇલ (વિધિવત્ નામ આપવાનું બાકી છે) નું સૌપ્રથમ સફળ પરીક્ષણ હાથ ધર્યું હતું. આ પરીક્ષણે દેશમાં સૌપ્રથમવાર નોઝલ લેસ બુસ્ટરની ટેકનોલોજીનું પણ સફળ પ્રદર્શન કર્યુ હતું.**

→ SFDR એ પ્રોપલ્ઝન ટેકનોલોજી છે જે પરંપરાગત ઘન ઈંધણ અથવા પ્રવાહી ઈંધણથી સંચાલિત મિસાઇલથી અલગ છે. પરંપરાગત મિસાઇલોનો વર્તમાન જથ્થો બુસ્ટર અથવા તો ઘન કે પ્રવાહી પ્રોપેલન્ટ્સ સાથે સાયન્સ કોન્ફિગ્યુરેશનનો ઉપયોગ કરે છે, જેની યુકિતપ્રયુકિત આચરતા છેતરામણા લક્ષ્યાંકો સામે એક મર્યાદા આવી જાય છે.

→ આનું કારણ એ છે કે પરંપરાગત મિસાઇલનું ટર્મિનલ સ્ટેજ લક્ષ્યાંકોને ભેદી કાઢવા માટે જરૂરી ઝડપ જાળવવા માટેની પર્યાપ્ત ઊર્જા પુરી પાડી શકતું નથી. SFDR ટેકનોલોજી આ ત્રુટિને દુર કરે છે.

→ SFDR ની ટેકનોલોજી પ્રદર્શક ફ્લાઇટ ટેસ્ટ ઓડિશાના ચાંદીપુર ખાતેની ઇન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના લોન્ચ સેન્ટર-૩ પરથી યોજવામાં આવી હતી. સંરક્ષણાત્મક મિસાઇલ તેની ઇચ્છિત દિશામાં મેક 3 (અવાજની ગતિથી 3 ગણી ઝડપે) ઉડી હતી અને તેના તમામ મિશન હેતુઓ સિદ્ધ કર્યા હતા.



Banking Academy

→ SFDR ટેકનોલોજી ભારત અને રશિયાએ સંયુક્ત રીતે વિકસાવી છે. તે ભારતની ભૂમિથી આકાશમાં તથા આકાશથી આકાશમાં પ્રહાર કરી શકતી મિસાઇલોને બહેતર પ્રદર્શન કરવામાં તથા તેની પ્રહાર ક્ષમતા વધારીને તેને વધુ ઘાતકી બનાવવામાં સહાય કરશે.

❖ **ભારતે પરમાણુ શસ્ત્રોનું વહન કરવામાં સક્ષમ અને સ્વદેશમાં જ વિકસિત લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઇલ અગ્નિ-5 નું 3 જૂન, 2018 ના ઓડિશાના દરિયાકિનારા પરના ડો. અબ્દુલ કલામ ટાપુ પરથી સફળ પરીક્ષણ કર્યું હતું.**

→ અગ્નિ-5 મિસાઈલ ભુમિથી ભુમિ પર પ્રહાર કરતી મિસાઇલ છે અને તેને અગાઉ વ્હીલર ટાપુ તરીકે ઓળખાતા ડો. અબ્દુલ કલામ ટાપુ ખાતેની ઇન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના મોબાઇલ લોન્ચરની સહાયતાથી છોડવામાં આવી હતી. સ્ટેટ-ઓફ-ધી-આર્ટ અગ્નિ-5 મિસાઇલનું આ છઠ્ઠું પરીક્ષણ હતું.

➢ **અગ્નિ-5 મિસાઇલ વિશે વિસ્તૃત....**

- અગ્નિ-5 બેલેસ્ટિક મિસાઇલ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ આર્ગેનાઇઝેશન (DRDO) નો માનસપુત્ર છે. અગ્નિ શ્રેણીની મિસાઇલોમાં અગ્નિ- 5 સૌથી એડવાન્સ્ડ છે. 3 તબકકાની, 17 મીટર ઊંચી, 2 મીટર પહોળી તથા 20 ટન વજનની અગ્નિ-5 મિસાઇલ બેહદ શકિતશાળી છે અને તેની રેન્જ 5,000 કિ.મી. છે. તે દોઢ ટન પરમાણુ યુદ્ધ સામગ્રી લઇ જઇ શકે છે.
- અગ્નિ-5 માં રિંગ લેસર ગાયરો આધારિત ઇનર્શિયલ નેવિગેશન સિસ્ટમ RINSનો ઉપયોગ કરાયો છે. તે સૌથી આધુનિક છે અને ખુબ ઊંચી ચોકસાઇ પુરી પાડે છે. માઇક્રો નેવિગેશન સિસ્ટમ અથવા મિન્સ (MINS) મિસાઇલને તેના લક્ષ્યાંક સુધી પહોંચવામાં અત્યંત સચોટતા બક્ષે છે. અગ્નિ-5 મિસાઇલથી નાના ઉપગ્રહો પણ છોડી શકાશે. જેનાથી શત્રુ દેશના ઉપગ્રહોના નાશ કરવામાં મદદ મળશે. આ મિસાઇલ એકવાર છુટયા પછી તેને રોકી શકાતી નથી.

❖ **અમેરિકાના વિદેશ વિભાગે ભારતને છ AH-64E અપાચે એટેક હેલિકોપ્ટર તથા સમર્થક સરંજામ વેચવાની મંજુરી આપી દીધી છે. બોંઇંગ દ્વારા નિર્મિત અપાચે ચોપર્સ સૌથી અત્યાધુનિક બહુ આયામી યુદ્ધ હેલિકોપ્ટર છે.**

→ આ હેલિકોપ્ટર **એક મિનિટમાં 128 લક્ષ્યાંકોને** ટ્રેક કરીને નિશાન સાધવામાં સક્ષમ છે. અપાચે હેલિકોપ્ટર **293 કિ.મી. પ્રતિ કલાકની** ઝડપે ઉડી શકે છે. તેની લંબાઇ 18 મીટર તથા વજન 5,165 કિલો છે.

❖ **ભારતની પ્રથમ સ્વદેશી લાંબી રેન્જની આર્ટિલરી તોપ ધનુષે રાજસ્થાનના પોખરણ ખાતે તેનું આખરી પરીક્ષક સફળતાપૂર્વક પાર કર્યું તે સાથે જ ભારતીય સૈન્યમાં તેને દાખલ કરવાનો માર્ગ પ્રશસ્ત થયો છે.**

→ અગાઉ આ તોપ સિક્કિમ અને લેહમાં તીવ્ર ઠંડીની ઋતુમાં તથા ઓડિશાના બાલાસોર અને ઝાંસીના બબિનામાં આકરી ગરમી તથા ભેજવાળા વાતાવરણમાંથી પસાર થઇ ચૂકી છે. ભારતીય સૈન્યએ બોફોર્સ તોપ બાદથી અત્યારસુધીમાં કોઇ નવી આર્ટિલરી તોપ સામેલ કરી નથી.

➢ **ધનુષ આર્ટિલરી ગન ...**

- ધનુષ 155 mm × 45 mm કેલિબરની આર્ટિલરી તોપ છે. તેનો વિકાસ ભારતીય સૈન્યની જરૂરિયાતોના આધારે કોલકાતા સ્થિત ઓર્ડનન્સ ફેકટરી બોર્ડ (OFB) એ કર્યો છે અને તેનું ઉત્પાદન જબલપુર સ્થિત ગન કેરેજ ફેકટરી (GCF) એ કર્યું છે. તે સ્વીડિશ બનાવટની 155 mm બોફોર્સ હોવિત્ઝરની સુધારેલી આવૃત્તિ છે, ભારતે 90 ના દસકના મધ્યભાગમાં ખરીદેલી બોફોર્સ તોપની મૂળ ડિઝાઇન પર આધારિત હોવાથી ધનુષને દેશી બોફોર્સ કહેવાય છે.
- ધનુષની પ્રહાર ક્ષમતા (આયાતી બોફોર્સ તોપ કરતા 11 કિ.મી. વધુ) 40 કિ.મી. છે. તેના 81% ભાગો સ્વદેશી બનાવટના છે અને આ ટકાવારી 2019 સુધીમાં 90 % કરી દેવાશે. આ પ્રત્યેક ગનની કિંમત આશરે રૂા. 14.50 કરોડ જયારે તેના એક ગોળાની કિંમત રૂા.1લાખ છે.

❖ **'ઇસરો' અમદાવાદના વૈજ્ઞાનિકોએ 600 પ્રકાશ વર્ષ દૂર ગ્રહ શોધ્યો ...**

→ એક અકલ્પનીય સિદ્ધિમાં, **અમદાવાદ** સ્થિત ઇસરો (ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન) ની શાખા **ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી** (PRL) ના વૈજ્ઞાનિકોએ સૂર્ય જેવા તારા આસપાસ પ્રદક્ષિણા કરતા દુરસુદૂરના ગ્રહની **ભારતભરમાં સૌપ્રથમવાર** શોધ કરી છે. **પ્રોફેસર અભિજીત ચક્રવર્તીના** નેતૃત્વમાં સંશોધકોની ટીમે **માઉન્ટ આબુ** ખાતે ગોઠવેલા ટેલિસ્કોપની મદદથી આ ગ્રહ શોધી કાઢયો છે.

→ હાલ સંશોધકોએ આ નવા ગ્રહને કામચલાઉ ધોરણે **EPIC 2119452-01b (અથવા K2-236b)** નામ આપ્યું છે.

→ આ નવો ગ્રહ **પૃથ્વીથી 600 પ્રકાશ વર્ષ** દૂર છે અને તેનું દળ **પૃથ્વી કરતાં 27 ગણું** વધારે છે. તેનું કદ **પૃથ્વી કરતા 6 ગણું** વધુ છે. આ નવા ગ્રહની સપાટીનું તાપમાન આશરે 600 ડિગ્રી સેન્ટિગ્રેડ આસપાસ રહેતું હોવાથી ત્યાં જીવન હોવાની કોઇ શકયતા નથી.

→ **શોધની પદ્ધતિ ...**

- આ મહાનતમ શોધ **PRL દ્વારા ડિઝાઇન** PARAS (**PRL એડવાન્સ રેડિયલવેલોસિટી આબુ-સ્કાય સર્ચ) સ્પેકટોગ્રાફનો** ઉપયોગ કરીને કરવામાં આવી છે. આ સ્પેકટોગ્રાફે નવા ગ્રહનું માપ અને દળની પુષ્ટિ કરી હતી. PARAS એ ભારતમાં તેના પ્રકારનું **સૌપ્રથમ સ્પેકટોગ્રાફ** છે જે તારા આસપાસ પ્રદક્ષિણા કરતા ગ્રહનું દળ આપી શકે છે.PARAS ને રાજસ્થાનનાં માઉન્ટ આબુમાં PRL ની ગુરુશિખર ઓબ્ઝર્વેટરી ખાતે ગોઠવાયેલ 1.2 મીટરના ટેલિસ્કોપ સાથે જોડી દેવાયું છે.

→ ગુજરાતના અમદાવાદમાં સ્થિત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની સ્થાપના **નવેમ્બર 1947 માં ડૉ. વિક્રમ સારાભાઇએ** કરી હતી. તે અંતરિક્ષ તથા સંલગ્ન વૈજ્ઞાનિક સંશોધનો માટેની એક રાષ્ટ્રીય સંસ્થા છે. જે ભારત સરકારના **ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસની** મુખ્ય સહાયથી કાર્યરત્ છે.

❖ **ભારતના પ્રથમ રોબોટિક ટેલિસ્કોપ 'ગ્રોથ ઇન્ડિયા' એ અવકાશ સંશોધન શરૂ કર્યું ...**

→ ભારતના સૌથી **નવા ટેલિસ્કોપ 'ગ્રોથ ઇન્ડિયા'** એ અવકાશ સંશાધન કાર્ય શરૂ કરી દીધું છે. **લદ્દાખના હાન્લેમાં ઇન્ડિયન એસ્ટ્રોનોમિકલ ઓબ્ઝર્વેટરી** (IAO) ખાતે ગોઠવાયેલું આ ટેલિસ્કોપ **ભારતનું પ્રથમ રોબોટિક ટેલિસ્કોપ** છે અને બ્રહ્માંડમાં ગતિશીલ અથવા ક્ષણિક ખગોળીય ઘટનાઓના નિરીક્ષણ/અવલોકન માટે સમર્પિત પણ પ્રથમ ટેલિસ્કોપ જ છે.

Banking Academy

→ 14,800 ફુટની ઊંચાઇએ ગોઠવાયેલું આ રોબોટિક ટેલિસ્કોપ **રૂ. 80 કરોડના ખર્ચે બેંગલોર સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA) તથા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, બોમ્બેના** સંયુકત પ્રોજેકટ તરીકે નિર્માણ પામ્યું છે.

→ ગ્રોથ-ઇન્ડિયા તરીકે ઓળખાતું હાન્લે ખાતેનું રોબોટિક, દુરબીન **'ગ્લોબલ રિલે ઓફ ઓબ્ઝર્વેટરીઝ વોચિંગ ટ્રાન્ઝિયન્ટ્સ હેપન'** (GROWTH) તરીકે ઓળખાતી એક બહુરાષ્ટ્રીય સહયોગાત્મક પહેલ છે. જે બ્રહ્માંડમાં આકાર લેતી ક્ષણિક ઘટનાઓનું અવલોકન કરે છે. આ ટેલિસ્કોપ **જગતના સૌથી ઊંચા ટેલિસ્કોપમાં સ્થાન પામે છે.**

❖ **સરકારે નેશનલ ડિજિટલ લાઇબ્રેરી ઓફ ઇન્ડિયા લોન્ચ કરી ...**

→ **કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે** (HRD) નવી દિલ્હીમાં **17** જૂને **ઉજવાતા રાષ્ટ્રીય વાંચન દિવસના** અવસરે **નેશનલ ડિજિટલ લાઇબ્રેરી ઓફ ઇન્ડિયા** (NDLI) લોન્ચ કરી છે. **IIT ખડગપુરે** નેશનલ ડિજિટલ લાઇબ્રેરી ઓફ ઇન્ડિયાનો વિકાસ કર્યો છે.

- NDLI ભારત તથા વિદેશની શૈક્ષણિક સંસ્થાઓમાંથી અધ્યયન સામગ્રી એકત્ર કરવાનું એક પ્લેટફોર્મ છે. આ એક ડિજિટલ પુસ્તકાલય છે, જેમાં 170 થી વધુ સંસ્થાઓમાંથી 200 થી અધિક ભાષાઓમાં પાઠયપુસ્તક, નિબંધ, વીડિયો ઓડિયો પુસ્તકો, વ્યાખ્યાન, નવલકથાઓ તથા અન્ય પ્રકારની 1.70 કરોડથી વધુ પ્રકારની શિક્ષણ સામગ્રી સામેલ છે. તેની વેબસાઇટ www.ndl.gov.in છે.

❖ **ભારત સરકાર રશિયા પાસેથી 200 કામોવ KA-226T હેલિકોપ્ટર ખરીદવાનાં સોદાને ઓકટોબર સુધીમાં આખરી ઓપ આપી શકે છે.**

→ આ સોદો રશિયાની કંપની રશિયન હેલીકોપ્ટર્સ અને ભારતની સરકારી કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. (HAL) વચ્ચે સંયુકત સાહસના માધ્યમથી થશે.

- **કામોવ હેલીકોપ્ટરની વિશેષતા :-**

→ એકવારમાં 600 કિલોમીટર સુધી ઊડવાની ક્ષમતા.

→ ઝડપ 250 કિલોમીટર પ્રતિ કલાક.

→ પર્વતીય ક્ષેત્રોમાં ઉડાન ભરવા હુમલા કરવાની ટેકનિક અને ક્ષમતાથી સજ્જ.

→ 20,000 ફૂટથી વધુ ઊંચાઇએ ઉડવામાં સક્ષમ.

❖ **DRDO એ પિનાકા રોકેટ સિસ્ટમને ગાઇડેડ મિસાઇલમાં પરિવર્તિત કરી ...**

→ **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન** (DRDO) એ **સ્વદેશી પિનાકા રોકેટ સિસ્ટમને** વધારેલી રેન્જ તથા ચોકસાઇ સાથે **સચોટ ગાઇડેડ મિસાઇલમાં** પરિવર્તિત કરી છે. જે તેના લક્ષ્યાંકોને અત્યંત સચોટતાથી ભેદી નાખે છે. ભારતીય સૈન્યને આ મિસાઇલ બે વર્ષમાં સોંપાશે.

➢ **પિનાકા રોકેટ સિસ્ટમ ...**

- તેનો સંયુકત વિકાસ **પુણે સ્થિત આર્મામેન્ટ રિસર્ચ & ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ARDE) ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી, (DRDL) હૈદરાબાદ તથા રિસર્ચ સેન્ટર ઇમારત (RCI)** દ્વારા કરાયો છે. આ રોકેટનું નામ **ભગવાન શિવના ધનુષ્યના નામ પરથી પિનાકા** રખાયું છે.
- તેને **મલ્ટિ બેરલ રોકેટ લોન્ચર (MBRL)** દ્વારા ફાયર કરવામાં આવે છે જે વિસ્ફોટકો ભરેલા 12 **રોકેટ્સ માત્ર 44 સેકન્ડમાં છોડીને 4 ચોરસ કિ.મી.ના** વિસ્તારમાં એક જ સમયે અનેક લક્ષ્યાંકોનો નાશ કરી શકે છે.
- **પિનાકા માર્ક 1 પાકિસ્તાન સામે 1999 ના કારગિલ યુદ્ધમાં** ઉપયોગમાં લેવાયું હતું.

➢ **અપગ્રેડેડ પિનાકા રોકેટનું સફળ પરીક્ષણ ...**

- **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન** (DRDO) દ્વારા તાજેતરામાં ઓડિશાના ચાંદીપુર ખાતેના પ્રૂફ એન્ડ એક્સપેરિમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (PXE) પરથી **પિનાકા રોકેટની** અપગ્રેડેડ ગાઇડેડ આવૃત્તિનું સફળ પરીક્ષણ કરાયું છે.

➢ **અપગ્રેડેડ પિનાકા ...**

- પિનાકા રોકેટની ગાઇડેડ આવૃત્તિ (પિનાકા માર્ક-II) અનગાઇડેડ પિનાકા માર્ક -1 માંથી વિકસાવાઇ છે.
- અપગ્રેડેડ પિનાકા માર્ક -II નેવિગેશન, ગાઇડન્સ અને કન્ટ્રોલ કિટથી સુસજ્જ છે, જે **રિસર્ચ સેન્ટર ઇમારત (RCI)** દ્વારા વિકસિત છે.
- આ અપગ્રેડેશને પિનાકાની રેન્જ અગાઉના **40 થી વધારી 70 કિ.મી. થી** વધુ અને સચોટતા અગાઉની **500 મીટરથી વધારી 50 મીટર** કરી છે.

❖ **ચતુર્થ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ વિશ્વભરમાં ઉજવાયો.....**

→ **21 જૂન, 2018 થીમ : 'યોગ ફોર પીસ' ભારતમાં મુખ્ય ઉજવણી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નૈતૃત્વમાં ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં**

→ પ્રથમવાર ચીનના પાટનગર **બીજિંગમાં શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)** ના વડામથકે તથા **ઓસ્ટ્રેલિયાની સંસદમાં** પણ યોગના કાર્યક્રમો યોજાયા હતા.

→ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાનો વિચાર **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સપ્ટેમ્બર, 2014 માં સંયુકત રાષ્ટ્ર મહાસભા (UNGA)** સમક્ષ રજૂ કર્યો હતો. આ ઠરાવને સંયુકત રાષ્ટ્રના એજન્ડા **'ગ્લોબલ હેલ્થ એન્ડ ફોરેન પોલિસી'** અંતર્ગત અપનાવો હતો. પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સમગ્ર વિશ્વમાં 21 જૂન, 2015 ના રોજ ઉજવાયો હતો.

Banking Academy

→ **રાજસ્થાનના કોટામાં યોગગુરુ બાબા રામદેવ સાથે 2.50 લાખ લોકોએ** યોગ કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. અગાઉ આ વ્લર્ડ રેકોર્ડ મૈસૂરના નામે હતો.

→ **વાસ્તવમાં ઉત્તર ગોળાર્ધમાં 21 જૂન, સૌથી લાંબો દિવસ હોય છે.** આથી વિશ્વના મોટાભાગના દેશોમાં આ દિવસ (21 જૂન) નું ખાસ્સું મહત્વ છે. ભારતીય માન્યતા અનુસાર, **આદિ યોગી શિવે આ દિવસે માનવ જાતને યોગ વિજ્ઞાનનું શિક્ષણ** આપવાનું શરૂ કર્યુ હતું. જે પછી તેઓ **આદિ ગુરુ** બની ગયા હતા. તેથી 21 જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવાય છે.

→ **યોગને ડિસેમ્બર, 2016** માં યુનેસ્કો દ્વારા માનવતાની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની પ્રતિનિધિ સુચિમાં અંકિત કરાયો હતો.

→ ચતુર્થ આંતરરાષ્ટ્રીય યોગ દિનની રાજ્યકક્ષાની ઉજવણી પ્રસંગે **સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ** ખતે મુખ્ય કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ યોગ જ બધા રોગોને ભગાડે છે.

→ ત્રિદિવસીય યોગ ઓલિમ્પિયાડનું ઉદ્ઘાટન નવી દિલ્હીની નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ખાતે ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ, માલદીવ અને શ્રીલંકાના યુનેસ્કોના પ્રતિનિધિ **એરિક ફોલ્ટે** કર્યુ હતું. સતત **ત્રીજા વર્ષે** યોજાયેલા રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડમાં 26 રાજ્યોના આશરે **500 વિદ્યાર્થીઓએ** ભાગ લીધો હતો.

❖ **44માં વિશ્વ પર્યાવરણ દિવસ 2018ની વૈશ્વિક મેજબાની ભારતને પ્રાપ્ત થઈ હતી અને ભારતે પર્યાવરણના રક્ષણ અંગેના અનેકવિધ કાર્યક્રમો યોજીને તેની ઉજવણી કરી હતી.**

→ પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસ **5 જૂન, 1974** ના મનાવાયો હતો અને ત્યારથી આ દિવસ જનતા સુધી વ્યાપક રીતે પહોંચવાનું એક વૈશ્વિક મંચ બની ગયો છે. વિશ્વ પર્યાવરણ દિવસ 2018 ની થીમ **'બીટ પ્લાસ્ટિક પોલ્યુશન'** એ કુદરતી (પ્રાકૃતિક) સ્થળો અને વન્યજીવ પર પ્લાસ્ટિકના પ્રદુષણનું ગંજાવર ભારણ ઓછું કરવા કાર્યવાહી આરંભવાનું આહ્વાન કરે છે.

→ ગુજરાતે **'પ્લાસ્ટિક–વેસ્ટ ફ્રી ગુજરાત'** અભિયાન આરંભ્યુ.

→ ભારતીય શહેર **હૈદરાબાદે 2022 સુધીમાં** તેને એક વખતના ઉપયોગના પ્લાસ્ટિકથી મુક્ત કરવાની ઘોષણા કરી.

❖ અમેરિકાની મિશિગન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ **વિશ્વનુ સૌથી નાનું કમ્પ્યુટર મિશિગન માઈક્રો મોટ વિકસાવ્યું છે** જેનુ કદ માત્ર **0.3 એમએમ** છે. આ ટચુકડુ ઉપકરણ (કમ્પ્યુટર) **કેન્સરના** નિદાન અને સારવારમાં મદદરુપ થઈ શકશે.

❖ **પર્યાવરણ પ્રદર્શન સૂચકાંકમાં ભારત 177 માં સ્થાને...**

→ 5 જૂન, 2018 ના **વિશ્વ પર્યાવરણ દિવસે** જારી કરાયેલા **પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક (EPI)** માં દુનિયાના **180 દેશોમાં ભારતનું સ્થાન છેક** 177 મું છે. વર્ષ 2016 માં ભારતનો ક્રમ આ યાદીમાં **141 મો** હતો. **વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)** દ્વારા આ રેન્કિંગ પ્રતિ વર્ષ જાહેર કરાય છે.

→ આ અહેવાલ **WEF ના સહયોગથી યેલ અને કોલંબિયા યુનિવર્સિટી** દ્વારા તૈયાર કરાયો છે.

→ યાદીમાં **સ્વિટ્ઝરલેન્ડ પ્રથમ, ફ્રાન્સ દ્વિતીય અને ડેન્માર્ક તૃતીય ક્રમે છે.**

❖ **ભારતીય વન સર્વેક્ષણના તાજા આંકડાઓ અનુસાર, દેશના કુલ જમીન વિસ્તારનો 21.34% ભાગ વનાચ્છાદિત છે.**

→ વર્ષ 2009 માં આ પ્રમાણ 20.05% હતું. અહેવાલ અનુસાર, 89% વન વિસ્તાર સાથે મિઝોરમ દેશનું સૌથી અધિક વનાચ્છાદિત રાજ્ય છે. તેની પછીના ક્રમે 84.56% જંગલ વિસ્તાર સાથે **લક્ષદ્વીપ** બીજા ક્રમે, **આંદામાન અને નિકોબાર ટાપુઓ** 82% સાથે ત્રીજા તથા ઈશાન ભારતનું વધુ એક રાજ્ય **અરુણાચલ પ્રદેશ** 80% વનક્ષેત્ર સાથે ચોથા સ્થાને છે. અહેવાલ મુજબ, ભારતના **15 રાજ્યો 33% થી વધુ વન ક્ષેત્ર** ધરાવે છે. આ 15 રાજ્યોમાં 35% વન વિસ્તાર સાથે આસામ સૌથી ટોચના ક્રમે છે. દેશના કુલ ક્ષેત્રફળમાં સઘન વન ક્ષેત્રનું સ્તર 9.59% છે.

→ વર્લ્ડ બેંકના એક અહેવાલ અનુસાર જળવાયુ પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ) ભારતના અર્થતંત્રને ખૂબ ભારે પડશે તથા તેના કારણે 2050 સુધીમાં તેના GDP ને 2.8 ટકાનું ગંજાવર નુકશાન થવાની સંભાવના છે.

❖ **વિશ્વ પર્યાવરણ દિવસના** અવસરે પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય તથા ઊર્જા અને સંસાધન સંસ્થાન (**ધ એનર્જી એન્ડ રિસોસીઝ ઈન્સ્ટિટ્યુટ = TERI**) એ મંત્રાલયમાં સંસાધન દક્ષતા કક્ષ સ્થાપિત કરવા એક MoU પર હસ્તાક્ષર કર્યા છે. આ સંસાધન દક્ષતા કક્ષ (**રિસોર્સ એફિસિયન્સી સેલ**) નો મુખ્ય ઉદ્દેશ જાહેર નીતિમાં મુખ્યધારા સંસાધન દક્ષતા માટે એક મંચ પ્રદાન કરવાનો છે.

❖ **રેલ મંત્રાલયે પ્રવાસીઓની ફરિયાદોના ઝડપી નિવારણ માટે રેલ મદદ એપ લોન્ચ કરી...**

→ ભારતીય રેલવેએ પ્રવાસીઓની ફરિયાદોનું નિરાકરણ સરળ અને ઝડપી બનાવવા રેલ **મદદ (મોબાઇલ એપ્લિકેશન ફોર ડિઝાયર્ડ આસિસ્ટન્સ ડયુરિંગ ટ્રાવેલ)** એપ્લિકેશન લોન્ચ કરી છે. આ એપ કેન્દ્ર સરકારની **ડિજિટલ ઈન્ડિયા** પહેલની તર્જ પર લોન્ચ કરાઇ છે.

→ આ એપથી ભારતીય રેલવેએ પ્રથમવાર **ફરિયાદ પ્રબંધન પ્રણાલીને** સંપૂર્ણ રીતે ડિજિટલ બનાવવાની પહેલ કરી છે. આ એપ પ્રવાસીઓની ફરીયાદો નોંધશે તથા તેના નિવારણની સ્થિતિ અંગે તેમને સતત માહિતી આપતી રહેશે.

Banking Academy


ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલ વિદ્યાર્થીઓ
Gujarat Govt.
Vanita Malali (GPSC)
Sonal Jasoliya (GPSC)
Bipin Rajput (GPSC)
Vibhuti Patel (GPSC)
Dushyantsinh Jadeja (GPSC)
Sweta Sonawane (GPSC)
Ravindra Master (GPSC)
Mayur Prajapati (GPSC)
Mayur Vaiya (GPSC)
Sangita Chauhan (PSI)
Usha Nakum (PSI)
Vishal Dhangan (PSI)
Bhanu Gondaliya (PSI)
Prakash Panara (PSI)
Mitesh Chaudhari (PSI)
Chetna Katariya (PSI)
Hiren Patel (ASI)
Lalita Saini (ASI)
Asha Desai (ASI)
Aamin Sapiya (ASI)
Mukesh Kanani (ASI)
Dipesh Patel (DGVCL)
Hardik Chaudhari (DGVCL)
Deepali Kothari (DGVCL)
Anil Chaudhari (Constable)
Sandip Patil (Constable)
Khushboo Gutpa (Constable)
Usha Vasava (Constable)
Rakesh Gamit (Constable)
Rimple Chaudhari (Constable)
Umesh Gamit (Constable)
Mayur Kataria (Constable)
Jignesh Kachariya (High Court - Clerk)
Dharmesh Patel (High Court - Clerk)
Paresh Chaudhari (High Court - Clerk)
Ketan Vaghani (High Court - Clerk)
Vishal Baldha (High Court - Clerk)
Nilam Dhaduk (High Court - Clerk)
Kanti Katariya (High Court - Clerk)
Vipul Avaiya (High Court - Clerk)
Rajesh Ahir (BinSachivalay - Clerk)
Vipul Ghoghari (BinSachivalay - Clerk)
Priyanka Gamit (BinSachivalay - Clerk)
Mehul Chaudhari (BinSachivalay - Clerk)
Heena Rabari (BinSachivalay - Clerk)
Priyanka Halpati (BinSachivalay - Clerk)
Jignesh Patel (BinSachivalay - Clerk)
Sharda Rabari (BinSachivalay - Clerk)
Fenil Modo (Junior Clerk)
Darshna Patel (Junior Clerk)
Hiren Patel (Junior Clerk)
Ashish Rabari (Junior Clerk)
Minal Suthar (Junior Clerk)
Ankita Patel (Talati cum Mantri)
Ankita Visana (Talati cum Mantri)
Ashmita Gamit (Talati cum Mantri)
Bharat Desai (Revenue Talati)
Paresh Kachariya (Revenue Talati)
Dinesh Rana (Revenue Talati)
Madhuri Gohel (Revenue Talati)
Kajal Gamit (Revenue Talati)
Mahesh Pandav (Revenue Talati)
Hitendra Parmar (Revenue Talati)
And Many More...

❖ **CRIS એ કેશલેસ ટિકિટ માટે 'અટસનમોબાઇલ' એપ વિકસાવી...**

→ ડિજિટાઇઝેશન તથા રોકડરહિત અર્થતંત્રની આગળ ધપતા, **સેન્ટર ફોર રેલવે ઇન્ફર્મેશન સિસ્ટમ** (CRIS) દ્વારા રોકડરહિત (કેશલેસ) રેલ ટિકિટ બુકિંગ માટે મોબાઇલ એપ્લિકેશન **'અટસનમોબાઇલ'** શરૂ કરવામાં આવી છે. આ મોબાઇલ એપની સહાયતાથી બિનઆરક્ષિત (અનરિઝર્વ્ડ) ટિકિટોના બુકિંગ તથા તેને રદ કરવા, સીઝન તથા પ્લેટફોર્મ ટિકિટનું રિન્યુઅલ, આર વોલેટની બાકીની રકમની તપાસ વગેરે કાર્યો કરી શકાશે.

❖ **અમેરિકાની માસાશ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MIT)** ના વૈજ્ઞાનિકોની એક ટીમ રેડિટ દ્વારા ખેંચાયેલી તસ્વીરનો ઉપયોગ કરી વિશ્વના પ્રથમ **મનોરોગી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)** નું નિર્માણ કર્યુ છે. વૈજ્ઞાનિકોએ તેનુ નામ **આલ્ફ્રેડ હિચકોકના પાત્ર નોર્મન બેટ્સના** નામ પરથી **નોર્મન** રાખ્યુ છે. નાર્મન એક વિશિષ્ટ પ્રકારનો આ પ્રોગ્રામ છે જે ચિત્રોને જોઈને તેને સમજી શકે છે અને ત્યારબાદ લખવામાં જે કંઈપણ જોવે છે તેનુ વર્ણન કરી શકે છે.

❖ પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા કરી રહેલા અંતરીક્ષના વિવિધ પ્રકારનાં કચરાને દૂર કરવા અભિનવ ટેકનોલોજીઓની શ્રેણીના પ્રદર્શન માટે **'રિમુવડેબ્રિસ'** નામનો સૌ પ્રથમ ઉપગ્રહ આંતરરાષ્ટ્રિય અંતરિક્ષ મથક (ISS) પરથી તૈનાત કરાયો છે. એપ્રિલ 2018ની શરુઆતમાં સ્પેસેક્સ CRS-14 રોકેટથી તેને ISS પર મોકલાયો હતો.

❖ **પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે (MoES)વરસાદ, ગરમીનું મોજું તથા ઠંડી સહિતની હવામાન સંબંધિત અત્યાંતિક ઘટનાઓની વધુ સચોટ અને ચોક્કસ ક્ષેત્ર સંબંધિત આગાહી કરવા માટે એક નવી પ્રણાલી લોન્ચ કરી છે.**

→ નવી એન્સેબલ પ્રિડિકશન સિસ્ટમ (EPS)ને યુરોપમાં ઉપલબ્ધ આવા પ્રકારની સિસ્ટમ બાદ શ્રેષ્ઠ મોડેલ ગણવામાં આવી રહ્યું છે.

→ નવી EPS પ્રણાલી પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની ત્રણ સંસ્થાઓ **ભારતીય હવામાન વિભાગ** (IMD), **નેશનલ સેન્ટર ફોર મીડીયમ રેન્જ વેધર ફોરકાસ્ટિંગ** (NCMRWF) અને **ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટ્રોપિકલ મીટિયરોલોજી** દ્વારા વિકસાવાઇ છે.

→ નવી EPS ની સૌથી મહત્વની લાક્ષણિકતા તેની ઉચ્ચ ગુણવત્તાયુકત ટુંકી મધ્યમ રેન્જની હવામાન આગાહીઓ છે.

→ નવી પ્રણાલી અંતર્ગત, અવકાશી રિઝોલ્યુશનનો વિસ્તાર હાલના 23 કિ.મી. ગ્રિડ સ્કેલથી ઘટીને 12 કિ.મી. થઇ જશે આનાથી જિલ્લા સ્તરની ચેતવણી અને આગાહીઓ 5 દિવસ અગાઉથી થઇ શકશે.

❖ **ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) મદ્રાસના** વૈજ્ઞાનિકોએ નકામા પ્લાસ્ટિકમાંથી એન્જિનમાં વપરાતું ડીઝલ, ફર્નેસ ઓઇલ બનાવવાની પ્રણાલી વિકસાવી છે આ ઉપકરણનું સૌથી સબળ પાસુ એ છે કે તે **સૌર ઉર્જાથી** ચાલે છે. વળી તે હેરવી ફેરવી શકાય તેવું સાધન છે. તે 1 કિલોગ્રામ પ્લાસ્ટિકમાંથી 0.7 લીટર અર્થાત પોણો લીટર ડીઝલ પેદા કરી શકે છે.

## નિમણૂક, વ્યકિત વિશેષ, એવોર્ડ અને રમત-ગમત

❖ **NIA ના પૂર્વ વડા શરદકુમારની CVC માં વિજિલન્સ કમિશનર તરીકે નિમણુંક ...**

→ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે **નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી** (NIA) ના પૂર્વ વડા શરદકુમાર (62) ની નિમણુંક **સેન્ટ્રલ વિજિલન્સ કમિશન** (કેન્દ્રીય તકેદારી પંચ CVC) **માં વિજિલન્સ કમિશનર** તરીકે કરી છે. તેમનો કાર્યકાળ **4 વર્ષ અથવા તેમની 65 વર્ષની વય** સુધીનો રહેશે.

➢ **સેન્ટ્રલ વિજિલન્સ કમિશન અંગે (CVC) ...**

- CVC સરકારી ભ્રષ્ટાચારને ડામવા કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલી એક સર્વોચ્ચ તપાસ સંસ્થા છે. કેન્દ્ર સરકારે તેની (CVC) ની સ્થાપના **ફેબ્રુઆરી 1964માં** ભ્રષ્ટાચાર નિવારણ અંગેની **કે.સંતાનમ સમિતિની ભલામણોના** આધારે કરી હતી. તેને **વૈધાનિક સ્વાયત્ત દરજ્જો** અપાયો છે તથા તે **સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) એક્ટ, 2003 ની** જોગવાઇઓ મુજબ કોઇપણ વહીવટી સત્તાના નિયંત્રણથી મુકત, સ્વતંત્ર છે.

❖ **વીમા માર્કેટિંગ કંપનીઓ સંબંધિત નિયમોની સમીક્ષા માટે IRDAI એ સુરેશ માથુર સમિતિ રચી ...**

→ **ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (IRDAI)** એ દેશમાં વીમાનો કારોબાર વધારવાના ઉદ્દેશથી વીમા માર્કેટિંગ કંપનીઓ (IMF) સંબંધી નિયમોની સમીક્ષા કરવા **10 સભ્યોની સમિતિ** રચી છે. જેની અધ્યક્ષતા **સુરેશ માથુર** કરશે.

- સમિતિને IRDAI (રજીસ્ટ્રેશન ઓફ ઇન્સ્યોરન્સ માર્કેટિંગ ફર્મ્સ) નિયમનો, 2015 ની પુનઃ ચકાસણી કરવા જણાવાયું છે. તે IMFs ના નિયમનો જ્યાં કામમાં આવતા નથી તે ક્ષેત્રો અંગે માર્ગદર્શિકા ઘડવાની ભલામણ કરશે.

❖ **કેન્દ્ર સરકારે IDBI બેંકના CEO મહેશકુમાર જૈનની નિમણૂક ત્રણ વર્ષના કાર્યકાળ માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) ના નાયબ (ડેપ્યુટી)ગવર્નર તરીકે કરી છે ...**

→ મહેશકુમાર જૈનની નિમણુંક **એસ.એસ.મુંદ્રાના અનુગામી** તરીકે કરાઇ છે. RBI ના અન્ય સેવારત્ ડેપ્યુટી ગર્વનરમાં **વિરલ વી.આચાર્ય, એન.એસ. વિશ્વનાથન તથા બી.પી.કાનુંગોનો** સમાવેશ થાય છે.

→ RBI એક્ટ, 1934 અનુસાર, કેન્દ્રીય બેંકમાં ચાર નાયબ ગવર્નરો હોવા જોઇએ. તેમાંથી બેની પાસે આ રેન્ક (ડે.ગવર્નર) હશે તથા એક વાણિજિયક બેંક અને એક અર્થશાસ્ત્રી હશે. અર્થશાસ્ત્રી બેંકની અંદર નાણાં નીતિ વિભાગના પ્રમુખ હોય છે.

→ RBI એ 4 થી 8 જૂન, 2018 સુધી **નાણાકીય સાક્ષરતા સપ્તાહનું** આયોજન કર્યું હતું. આ નાણાકીય સાક્ષરતા સપ્તાહની થીમ **'ગ્રાહકોનું રક્ષણ' (કસ્ટમર પ્રોટેકશની)** રખાઇ હતી.

Banking Academy

- **સરકારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC કેન્દ્રીય જાહેર સેવા આયોગ) ના એક સભ્ય અરવિંદ સેક્સેનાની નિમણૂંક UPSC ના કાર્યકારી અધ્યક્ષ પદે કરી છે**
  - → તેઓ UPSC નો કાર્યભાર 19 જૂન, 2018 ના નિવૃત થઇ રહેલા **વિનય મિત્તલ** પાસેથી સંભાળશે.
  - → UPSC **એક અધ્યક્ષ** ઉપરાંત **10 સભ્યો ધરાવતી એક બંધારણીય સંસ્થા** છે, જે ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (IAS), ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ (IFS) તથા ઇન્ડિયન પોલીસ સર્વિસ (IPS) તથા અન્ય સેવાઓ માટે પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસીઝ પરીક્ષાઓ યોજે છે. તેની સ્થાપના ભારતના બંધારણની **કલમ 315** હેઠળ કરાઇ છે. બંધારણની **કલમ 316 મુજબ UPSC ના ચેરમેન તથા સભ્યોની નિમણૂંક તથા હકાલપટ્ટી રાષ્ટ્રપતિ** કરે છે. UPSC ના ચેરમેન તથા અન્ય સભ્યોનો કાર્યકાળ 6 વર્ષનો અથવા તેઓની 65 વર્ષની વય, બેમાંથી જે વહેલું બને ત્યાં સુધીનો હોય છે.
- **સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) ના સભ્ય એસ.રમેશની નિમણૂંક તેના આગામી અધ્યક્ષ તરીકે કરી છે.**
  - → CBIC ભારતમાં કસ્ટમ્સ, GST, સેન્ટ્રલ એક્સાઇઝ, સર્વિસ ટેક્સ અને નાર્કોટિક્સનું સંચાલન કરવા માટે જવાબદાર **રાષ્ટ્રીય નોડલ એજન્સી** છે. તે **કેન્દ્રીય નાણાં મંત્રાલય હસ્તકના મહેસુલ વિભાગનો** એક ભાગ છે. તેનું વડુમથક **નવી દિલ્હીમાં** છે. (1855 માં તત્કાલિન બ્રિટિશ ગવર્નર જનરલ ઓફ ઇન્ડિયાએ ભારતમાં કસ્ટમ્સના કાયદાઓનાં સંચાલન તથા ઇમ્પોર્ટ ડ્યુટી / જમીન મહેસુલની વસુલાત માટે તેની સ્થાપના કરી હતી) માર્ચ 2017 માં સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ અને કસ્ટમ્સ (CBEC) માંથી તેનું નામ **સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ** કરાયું હતું.
- ભારતીય મૂળની અમેરિકી મહિલા **દિવ્યા સૂર્યદેવરા** અમેરિકાની સૌથી મોટી ઓટોમોબાઇલ કંપની **જનરલ મોટર્સની પ્રથમ મહિલા મુખ્ય નાણાં અધિકારી** (ચીફ ફાઇનાન્શિયલ ઓફિસર-CFO) તરીકે કરાય છે.
  - → વર્ષ 2016 માં દિવ્યાને ઓટોમોટિવ ક્ષેત્રની **'રાઇઝીંગ સ્ટાર'** નો ખિતાબ મળ્યો હતો.
- વીડિયોકોન ગ્રુપને લોન આપવાના મામલે આંતરિક તપાસ પુરી ન થાય ત્યાં સુધી **ICICI બેંકના CEO ચંદા કોચરને** રજા પર ઉતારી દેવાયા છે તથા **સંદીપ બક્ષીને બેંકના ચીફ ઓપરેટિંગ ઓફિસર** (COO) બનાવાયા છે. સંદીપ બક્ષી વર્તમાનામં ICICI પ્રુડેન્શિયલ લાઇફ ઇન્સ્યોરન્સના MD અને CEO છે.
- **કેન્દ્ર સરકારે તાજેતરમાં દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની ધિરાણકર્તા બેંક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) ના મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે અરિજીત બસુની નિમણૂંક કરી છે.**
  - → રજનીશકુમારને SBI ના અધ્યક્ષ નિયુક્ત કરાયા ત્યારથી MD નું પદ ખાલી હતું.
- મલેશિયાના રાજાએ **ઇસ્લામિક જુથોના વિરોધ પ્રદર્શનને** નજર અંદાજ કરીને દેશના એટર્ની જનરલ પદે ભારતીય મૂળના વકીલ **ટોમી થોમસની** વરણીને મંજુરી આપી હતી.
- **ભારત સરકારે તેની સ્પેશિયલ ઇકોનોમિક ઝોન્સ (SEZ વિશેષ આર્થિક ક્ષેત્ર) નીતિનો અભ્યાસ કરવા અગ્રણી વ્યક્તિઓના એક જુથની રચના કરી છે. 10 સભ્યોના આ સમૂહની અધ્યક્ષતા ભારત ફોર્જના અધ્યક્ષ બાબા કલ્યાણી કરશે.**
  - → SEZ **નીતિ 1 એપ્રિલ, 2000 થી** અમલમાં છે. ત્યારબાદ મે **2005 માં સંસદે વિશેષ આર્થિક ઝોન એક્ટ, 2005** પસાર કર્યો હતો અને તેને **23** જૂન**, 2005** ના રાષ્ટ્રપતિની સ્વીકૃતિ મળી હતી. SEZ કાનૂન, 2005 **10 ફેબ્રુઆરી, 2006 થી** અમલમાં છે.
- **પોર્ટુગલના એન્ટોનિયો મેન્યુએલ ડી કારવાલ્હો ફરેરા વિટોરિનો (61) ની વરણી સંયુક્ત રાષ્ટ્રની માઇગ્રેશન (વસાહતી) સંસ્થા ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશન (IOM) ના નવા વડા તરીકે કરવામાં આવી છે.**
  - → IOM સંયુક્ત રાષ્ટ્રની માઇગ્રેશન એજન્સી છે અને તે એક અગ્રણી આંતર સરકારી સંગઠન છે જે સરકારો તથા શરણાર્થીઓ, આંતરિક રીતે વિસ્થાપિત લોકો તથા વસાહતી કામદારો સહિત વસાહતીઓને સેવા તથા સલાહ સૂચનો આપવાનું કાર્ય કરે છે. તેનું વડુમથક સ્વિટ્ઝરલેન્ડના જીનિવામાં છે. તેની સ્થાપના ઇ.સ. 1951 માં બીજા વિશ્વ યુદ્ધથી વિસ્થાપિત લોકોને પુનર્વસનમાં મદદ કરવા ઇન્ટરગવર્નમેન્ટલ કમિટી ફોર યુરોપિયન માઇગ્રેશન (ICFM) તરીકે કરાઇ હતી.
- તાજેતરમાં યોજાયેલી **તુર્કીના રાષ્ટ્રપતિ** પદની ચૂંટણીમાં વર્તમાન રાષ્ટ્રપતિ **રિસેપ તઇપ એર્ડોગનનો** વિજય થયો છે. એર્ડોગન છેલ્લા (15) વર્ષથી સત્તામાં બિરાજમાન છે.
- દક્ષિણ આફ્રિકામાં ઓસ્ટ્રેલિયાના ક્રિકેટરોના બોલ ટેમ્પરિંગકાંડ બાદ કડક હાથે કામ લેનારા ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) તરીકે ઓળખાતા **ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના CEO જેમ્સ સધરલેન્ડ** રાજીનામું આપી દીધું છે.
- જાણીતા અર્થશાસ્ત્રી **અરવિંદ સુબ્રમણ્યને** 20 જૂન, 2018 ના **ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર** પદેથી રાજીનામું આપી દીધું છે. ચાર મહિના પછી તેમનો કાર્યકાળ પુરો થતો હતો પરંતુ તેમણે એ પૂર્વે અંગત કારણોસર રાજીનામું આપ્યું છે.
- અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા **નાસાની રેકોર્ડ તોડ મહિલા અંતરિક્ષયાત્રી પેગી વ્હિટસને** (58) તેમની આખરી અને સૌથી લાંબી અંતરિક્ષ ઉડાન પરથી પરત આવ્યાના એક વર્ષ કરતાં પણ ઓછા સમયગાળામાં **અંતરિક્ષયાત્રી તરીકે નિવૃત્તિની જાહેરાત** કરી છે. પેગીએ તેમની કારકિર્દી દરમિયાન, અંતરિક્ષમાં **કુલ 665 દિવસો** વિતાવ્યા છે, જે નાસાના અન્ય કોઇપણ અંતરિક્ષયાત્રી દ્વારા પસાર કરાયેલા દિવસોથી વધુ છે તથા વિશ્વભરની મહિલાઓ માટે તે એક રેકોર્ડ છે.

Banking Academy

- સુપ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર, કોલમિસ્ટ, નિષ્ઠાવાન અધિકારી અને પાલનપુરના પનોતા પુત્ર એવા બકુલ બક્ષીનું 77 વર્ષની વયે અવસાન થયું છે.
  - → તેઓ ગુજરાતી ભાષાના પ્રખર સાહિત્યકાર-લેખક **સ્વ.ચંદ્રકાન્ત બક્ષીના નાના ભાઇ** હતા. બકુલ બક્ષીનો **જન્મ** 1941 **માં કોલકાતામાં** થયો હતો.
- **તમિલનાડુની 19 વર્ષીય અનુકૃતિ વાસે** મુંબઇમાં આયોજીત **'ફેમિના મિસ ઇન્ડિયા 2018' નો** ખિતાબ જીતી લીધો છે.
  - → આ સૌંદર્ય સ્પર્ધામાં **મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે** અનુકુતિ વાસને મિસ ઇન્ડિયા 2018 નો તાજ પહેરાવ્યો હતો. આ કોન્ટેસ્ટમાં હરિયાણાની રહેવાસી **મીનાક્ષી ચૌધરી ફર્સ્ટ રનર અપ** રહી હતી જ્યારે **આંધ્ર પ્રદેશની શ્રેયા રાવ સેકન્ડ રનર અપ** બની હતી.
  - → મિસ ઇન્ડિયા કોન્ટેસ્ટની વિજેતા અનુકૃતિ વાસ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરશે. મિસ ઇન્ડિયા 2018 ની બન્ને રનર્સ અપ પણ મિસ ગ્રાન્ડ ઇન્ટરનેશનલ 2018 તથા મિસ યુનાઇટેડ કોન્ટિનેન્ટ્સ 2018 માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ પૂર્વે મિસ ઇન્ડિયા 2017 ની વિજેતા માનુષી છિલ્લર મિસ વર્લ્ડનો તાજ જીતી ચુકી છે.
- **30 જૂન, 2018 ના તમિલનાડુ-પુડુચેરી બાર કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ સત્યશ્રી શર્મિલા દેશની પ્રથમ ટ્રાન્સજેન્ડર વકીલ બની ગઇ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ગત વર્ષે પૃથિકા યશિની દેશની પ્રથમ ટ્રાન્સજેન્ડર પોલીસ સબ ઇન્સ્પેક્ટર બની હતી.**
- **કેન્દ્રીય ઊર્જા મંત્રાલય આગામી જુજ મહિનાઓમાં એર કન્ડિશનરોના ફરજીયાત ડિફોલ્ટ ટેમ્પરેચર તરીકે 24 ડિગ્રી નિર્ધારિત કરવાની વિચારણા કરી રહી છે.**
  - → આપણા શરીરનું સામાન્ય તાપમાન 36 થી 37 ડિગ્રી સેલ્સિયસ હોય છે. પરંતુ મોટાભાગની હોટલો અને ઓફિસોમાં તાપમાન 18 થી 21 ડિગ્રીની વચ્ચે રાખવામાં આવે છે. જે વિજળી તો વધારે વાપરે જ છે પણ સાથો સાથ માનવીના સ્વાસ્થ્યને પણ ભારે નુકશાન કરે છે.
- ચીને તેનું સૌપ્રથમ સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન **ફ્રેન્ડશિપ મેડલ** રશિયન પ્રમુખ **વ્લાદિમીર પુતિન**ને એનાયત કર્યું છે. રાજધાનીના શહેર બીજિંગમાં યોજાયેલા એક ભવ્ય સમારોહમાં ગ્રેટ હોલ ઓફ પીપલ ખાતે ચીનના પ્રમુખ શી જિનપિંગે વ્લાદિમીર પુતિનને વ્યક્તિગત રીતે જ મેડલ પ્રદાન કર્યું હતું. 2015માં મેડલની સ્થાપના બાદ તે ચીને સૌપ્રથમવાર આપ્યું છે. ફ્રેન્ડશીપ મેડલ માત્ર એવા વિદેશી મહાનુભાને અર્પણ કરવામાં આવે છે જેમણે ચીન તથા વિશ્વ વચ્ચે આદાનપ્રદાન અને સહકારને પ્રોત્સાહન આપવામાં અસાધારણ યોગદાન આપ્યું હોય તથા વિશ્વમાં શાંતિ જાળવવા માટે નોંધપાત્ર કામગીરી કરી હોય.
- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે વડાપ્રધાનના સુરક્ષિત માતૃત્વ અભિયાન (PMSMA) અંતર્ગત માતૃ મૃત્યુદરમાં ઘટાડો કરવા બદલ મધ્ય પ્રદેશને એવોર્ડ એનાયત કર્યો છે.
- ભારત સરકારના સંગીત, નૃત્ય, કળા તેમજ રંગમંચની કળાઓના વિભાગ અંતર્ગતની **સંગીત નાટક એકેડમી, ન્યૂ દિલ્હી** દ્વારા **ઇમ્ફાલ** ખાતે તાજેતરમાં યોજાયેલી મીટિંગમાં વર્ષ 2017 માટેના **ઉસ્તાદ બિસ્મિલ્લાખાન યુવા પુરસ્કારોની** જાહેરાત થઇ હતી. તેના માટે દેશભરમાંથી વિવિધ કળાઓના **34 કલાકારોની** પસંદગી થઇ છે. આ એવોર્ડ દર વર્ષે **40 વર્ષથી ઓછી ઉંમર** ધરાવતા કલાકારોને એનાયત કરવામાં આવે છે. ગુજરાતમાંથી જાણીતી અભિનેત્રી **દેવકી માર્કની** પસંદગી આ એવોર્ડ માટે કરાઇ છે.
- **કેરળના કાર્ટૂનિસ્ટ થોમસ એન્ટનીએ** સર્વશ્રેષ્ઠ કેરિકેચર શ્રેણીમાં એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો છે. વર્તમાનમાં **મલયાલમ દૈનિક 'મેટ્રો વાર્થ'** ના કાર્યકારી કલાકાર તરીકે કામ કરી રહેલા એન્ટની પોર્ટુગલના લિસ્બનમાં સ્થિત એક સંગઠન દ્વારા સ્થાપિત વિશ્વ પ્રેસ કાર્ટૂન પુરસ્કારોની 13 મી આવૃત્તિમાં નવ વિજેતાઓ પૈકીના એક છે.
- **કેન્દ્ર સરકારે 'ભારતના પ્રધાનમંત્રી' સંગ્રહાલય પ્રોજેક્ટ માટે 3 પેનલ રચી ...**
  - → કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે રાજધાની દિલ્હીમાં **'ભારતના પ્રધાનમંત્રી' નામના સંગ્રહાલયની** સ્થાપના માટે 5 જૂન, 2018 ના 3 ઉચ્ચસ્તરીય સમિતિઓનું ગઠન કર્યું છે. સંસ્કૃતિ મંત્રાલય દ્વારા **તીન મૂર્તિ એસ્ટેટ (ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુનું સત્તાવાર નિવાસસ્થાન)** માં આધુનિક ટેકનિકના ઉપયોગ વડે ભારતના વડાપ્રધાનો અંગે એક મ્યુઝિયમ બનાવાશે. પ્રસિદ્ધ **તીન મૂર્તિ એસ્ટેટ સરકારી સ્મારક છે.**
  - → જેમાં કન્ટેન્ટ સમિતિનું નેતૃત્વ નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઇબ્રેરીનાં ડાયરેકટર શક્તિસિંહા દ્વારા કરાશે. આ ઉપરાંત શક્તિસિંહા દ્વારા જ સંસ્કૃતિ મંત્રાલય દ્વારા બનાવવામાં આવેલી બીજી સમિતિનું નેતૃત્વ કરાશે. જ્યારે ત્રીજી સમિતિનું નેતૃત્વ રાજ્યસભાના સાંસદ સ્વપન દાસગુપ્તા દ્વારા કરવામાં આવશે.
- **દક્ષિણ સુદાનમાં UN પીસકીપિંગ મિશનના એક ભાગ ભારતીય સૈન્યને સંયુકત રાષ્ટ્રનો મેડલ ...**
  - → 7 ગઢવાલ રાઇફલ્સ ઇન્ફન્ટ્રી બટાલિયન ગ્રુપનો સમાવેશ ભારતીય સૈન્યના દળને નિ:સ્વાર્થ સેવા માટે સંયુકત રાષ્ટ્રનો મેડલ અપાયો છે. સંયુકત રાષ્ટ્રના આદેશ અનુસાર ભારતીય દળને સંપૂર્ણ વ્યાવસાયિકતા તથા સમર્પણ સાથે સંખ્યાબંધ સૈન્ય અભિયાનો હાથ ધરવા બદલ સન્માનિત કરાયું છે.
- **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે** 30 મે, 2018 ના નોબેલ પુરસ્કાર વિજેતા કૈલાશ સત્યાર્થી અને ઇસરોના પૂર્વ વડા **એ.એસ. કિરણકુમારને સંતોકબા હ્યુમેનિટેરિયન એવોર્ડથી** સન્માનિત કર્યા છે. આ એવોર્ડ અંતર્ગત બન્ને મહાનુભાવોને **એક-એક કરોડ રૂપિયાની રકમ અને ટ્રોફી** પ્રદાન કરાઇ હતી. પુરસ્કાર એનાયત કરવાનો કાર્યક્રમ **સુરતના સંજીવકુમાર ઓડિટોરીયમમાં** યોજાયો હતો.

- ❖ **વર્ષ 2018 નું વર્લ્ડ ફૂડ પ્રાઇઝ બ્રિટિશ અર્થશાસ્ત્રી તથા અન્ન નીતિ સંશોધક લોરેન્સ હદ્દાદ** તથા આરોગ્ય અને ભુખમરાના મુદ્દે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) તથા સંયુકત રાષ્ટ્ર (UN) માટે કામ કરનારા **ડો.ડેવિડ નેબેરો**ને ગર્ભવતી મહિલાઓ તથા બાળકોમાં કુપોષણના પ્રભાવને ઓછો કરવા તથા પૌષ્ટિક ભોજનની ઉપલબ્ધતામાં સુધારો કરવા અન્ન સુરક્ષાની ભીતરના તેમના વ્યકિતગત પરંતુ પૂરક પ્રયાસોની કદરરૂપે સંયુકત રીતે પ્રદાન કરાયું છે.
  - → વિશ્વમાં અન્નની ગુણવત્તા, જથ્થો અથવા પ્રાપ્યતામાં સુધારો કરીને માનવીય વિકાસને આગળ ધપાવનારા વ્યકિતઓની સિદ્ધિઓની કદરરૂપે વર્લ્ડ ફૂડ પ્રાઇઝ પ્રદાન કરાય છે. 1986 માં હરિત ક્રાંતિના પિતા ગણાતા નોબેલ પ્રાઇઝ વિજેતા વૈજ્ઞાનિક નોર્મન બોર્લોગે વર્લ્ડ ફૂડ પ્રાઇઝની સ્થાપના કરી હતી. અઢી લાખ ડોલરની ઇનામી રકમ ધરાવતો આ પુરસ્કાર વાર્ષિક ધોરણે અપાય છે.
  - → વર્લ્ડ ફૂડ પ્રાઇઝની શરૂઆતથી અત્યાસુધીમાં 7 ભારતીયો (ડો.સંજય રાજારામ (2014), ડો.મોગાદુગુ વિજય ગુપ્તા (2005), ડો. સુરિન્દર કે. વસલ (2000), ડો. બી.આર. બરવાલે (1998), ડો. ગુરુદેવ ખુશ (1996), ડો. વર્ગીસ કુરિયન (1989), અને પ્રો. એમ.એસ. સ્વામિનાથન (1987), આ પ્રાઇઝના પ્રથમ વિજેતા) એ વર્લ્ડ ફૂડ પ્રાઇઝ જીત્યું છે.
- ❖ ભારતીય સુકાની **વિરાટ કોહલી સતત બે સીઝન માટે ક્રિકેટર ઓફ ધ યર** તરીકે પસંદ થયો છે. તેને **પોલી ઉમરીગર ટ્રોફીથી** સન્માનિત કરાયો છે. આ સાથે કોહલી સૌથી વધારે **5 વખત પોલી ઉમરીગર એવોર્ડ** મેળવનાર ખેલાડી બની ગયો છે.
  - → બોર્ડ પ્રથમ વખત મહિલા વર્ગમાં પણ બેસ્ટ ઇન્ટરનેશનલ ક્રિકેટરના એવોર્ડની ઘોષણા કરી છે. મહિલા ટીમની સુકાની **હરમનપ્રીત કૌરને** 2016-17 માટે જયારે **સ્મૃતિ મંધાનાને** 2017-18 માટે આ એવોર્ડ અપાયો છે.
- ❖ નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય મૂળના **અર્થશાસ્ત્રી અમર્ત્ય સેનને બ્રિટનમાં** એક અગ્રણી પ્રકાશક **હાઉસ ઓફ કોમન્સમાં લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ તેમજ બેંગોલ્સ પ્રાઇડ એવોર્ડથી** અલંકૃત કર્યા હતા. અમર્ત્ય સેન ઉપરાંત સ્કોટલેન્ડ યાર્ડની ત્રાસવાદ વિરોધી શાખાના ભારતીય મૂળના વડા **નીલ બસુને જાહેર સેવા માટેના એવોર્ડથી** નવાજવામાં આવ્યા હતા.
- ❖ એડ ગુરુ **પીયુષ પાંડે અને ફિલ્મ નિર્દેશક પ્રસૂન પાંડેને** કાન્સ **લાયન્સ લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ ધ લાયન ઓફ સેન્ટ માર્કથી** સન્માનિત કરાયા છે. આ ઘોષણા કાન્સ આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલ ઓફ ક્રિએટિવિટીએ કરી હતી. આ બન્ને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત કરનારા **એશિયાના પ્રથમ વ્યક્તિઓ છે.**
- ❖ મધ્ય પ્રદેશ સરકારે પ્રતિષ્ઠત રાષ્ટ્રીય કાલિદાસ સન્માન વિઝયુઅલ આર્ટ્સ (દૃશ્ય કળાઓ) સ્વરૂપમાં અસાધારણ યોગદાન બદલ 78 વર્ષીય વિખ્યાત કલાકાર અંજલિ ઇલા મેનનને અર્પણ કર્યું છે.
- ❖ ગુજરાતના ઓપનિંગ બેટ્સમેન **પ્રિયાંક પંચાલને** 2016-17 ની ઘરેલુ રણજી સીઝનમાં સૌથી વધુ રન ફટકારવા બદલ **ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ** (BCCI) **માધવરાવ સિંધિયા એવોર્ડ** એનાયત કર્યો છે.
- ❖ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 9 જૂન, 2018 ના વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠ પારિતોષિક (વર્ષ 2016) જાહેર કરાયા હતા. જેમાં કવિતા શ્રેણી અંતર્ગત દ્વિતીય પારિતોષિક **કવિ કુલદીપ કારીયાના કાવ્યસંગ્રહ 'ભીંત ખખડાવી તો ખુલી'** ને પ્રાપ્ત થયો છે. કુલદીપ કારિયાના પ્રથમ સંગ્રહને ચાલુ વર્ષના આરંભ GLF એવોર્ડ મળ્યાબાદ આ બીજું સન્માન સાંપડયું છે.
- ❖ વૈદિક પરંપરા મુજબ સેંકડો વર્ષોથી ચાલી આવતી **યજ્ઞનારાયણની અગ્નિહોત્રી** પરંપરાના સંરક્ષક, પાઠશાળા દ્વારા સંસ્કૃતનું સવર્ધન કરનારા 92 વર્ષીય **અગ્નિહોત્રી જયોતિષાચાર્ય શુકદેવપ્રસાદ ગૌરી શંકર વ્યાસનું** 16 જૂન, 2018 ના નડિયાદ ખાતે દેહાવસાન થયું.
- ❖ અમદાવાદમાં **રાજપથ કલબ** ખાતે રમાયેલી **અંડર-13 નેશનલ ચેસ ચેમ્પિનશિપમાં ગુજરાતની ધ્યાના પટેલે** ગર્લ્સ કેટેગરીમાં ચેમ્પિયનશિપ જીતીને ઇતિહાસ રચ્યો છે, કેમ કે તે અંડર-13 ચેસ ચેમ્પિયિનશિપની ગર્લ્સ કેટેગરીમાં નેશનલ ચેમ્પિયન બનનારી **ગુજરાતની પ્રથમ ખેલાડી** બની ગઇ છે.
  - → બોય્ઝ કેટેગરીમાં **દિલ્હીનો આર્યન વર્ષનેય** ચેમ્પિયન બન્યો હતો. ગુજરાતની જ ખેલાડી **વિશ્વા વાસણાવાલા** સાતમા ક્રમે રહી હતી.
- ❖ કેન્દ્ર સરકાર દ્વારા ખેલો ઇન્ડિયાની જેમ જે માનસિક ક્ષતિ ધરાવતા ખેલાડીઓ માટે ગાંધીનગરની ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (SAI) ખાતે **દિવ્યાંગ ખેલો ઇન્ડિયાનું** આયોજન કરાયું છે. જે 5 થી 9 જુલાઇ, 2018 દરમિયાન યોજાશે અને તેમાં 26 રાજયના 668 દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લેશે.
- ❖ **દિવ્યાંગ ક્રિકેટરોને પ્રથમ વર્લ્ડ** કપ 16 થી 31 જુલાઇ, 2018 સુધી **ઇંગ્લેન્ડમાં** યોજાશે. જેમાં **10 ટીમ** ભાગ લેશે. ઇંગ્લેન્ડ ફિઝિકલી ચેલેન્જડ ક્રિકેટ એસોસિએશન દ્વારા તેનું આયોજન કરાયું છે. ફિઝિકલી ચેલેન્જડ ક્રિકેટ વર્લ્ડ કપ ICC સાથે સંકળાયેલા નથી. આથી ભારતીય ટીમની પસંદગીમાં **BCCI નો** કોઇ હસ્તક્ષેપ રહેશે નહી.
- ❖ ભારતની **સંજના રમેશને** બાસ્કેટબોલ વિધાઉટ **બોર્ડર્સ** એશિયા 2018 ના ચોથા અને આખરી દિને **મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર એવોર્ડ** જયારે **વૈષ્ણવી યાદવને ગર્લ્સ ગ્રિટ એવોર્ડ** એનાયત કરાયો છે.
- ❖ **વિદેશમાં પિન્ક બોલથી બે ટેસ્ટ જીતનારી પ્રથમ ટીમ બની શ્રીલંકા ...**
  - → પ્રવાસી શ્રીલંકાએ ત્રીજી ટેસ્ટ મેચમાં યજમાન વેસ્ટ ઇન્ડીઝને 4 વિકેટે હરાવી 3 મેચની શ્રેણી 1-1 થી બરાબર કરી લીધી છે. આ જીત સાથે શ્રીલંકાની ટીમ વિદેશમાં પિન્ક બોલ વડે બે ટેસ્ટમાં વિજય મેળવનારી પ્રથમ ટીમ બની છે. અગાઉ, શ્રીલંકાએ ઓકટોબર 2017 માં પાકિસ્તાનને 68 રને હરાવ્યું હતું.



Banking Academy

❖ એટલાન્ટિક મહાસાગરમાં પરચમ લહેરાવનારી **એશિયાની પ્રથમ પેરા સ્વિમર ટીમ** પોરબંદરમાં યોજાતી રાષ્ટ્રીય કક્ષાની સમુદ્રી તરણ સ્પર્ધામાં ભાગ લઇ વિજેતા બની ચુકેલા ચાર પેરા સ્વિમરો એટલે કે દિવ્યાંગ તરવૈયાઓએ 12 કલાક 26 મિનિટમાં ઈંગ્લિશ ચેનલ તરીને વર્લ્ડ રેકોર્ડ કર્યો છે. એટલું જ નહીં, પરંતુ તે ઈંગ્લિશ ચેનલ પાર કરનારી એશિયાની પ્રથમ પેરાસ્વિમર ટીમ બની ગઇ છે.

→ યુ.કે. ના ડોવરથી ફ્રાન્સના ઓડિંધેન સુધીની દરિયાઇ સફર મધ્ય પ્રદેશના સત્યેન્દ્રસિંહે, મહારાષ્ટ્રના ચેતન રાઉત, બંગાળના રિમો સાહા તથા રાજસ્થાનના જગદીશન તેલીએ રિલે સ્વિમિંગ કરીને 12 કલાક 26 મિનિટમાં 24 જૂન, 2018 ના પૂર્ણ કરી હતી. આ સ્વિમિંગ સફર 36 કિ.મી. ની હતી પરંતુ ઝડપી હવાના કારણે S શેપમાં સ્વિમિંગ કરવુ પડયુ હોવાથી તેનું અંતર 45 કિ.મી. નું થયું હતું.

❖ **ભારતીય બોક્સિંગ ટીમે** મોંગોલિયામાં રમાયેલા ઉલાનબાતર કપમાં 1 ગોલ્ડ, 4 સિલ્વર અને 4 બ્રોન્ઝ એમ કુલ 9 મેડલ જીત્યા છે. ભારતના બોકસર **મનદીપ જાંગડાએ** 69 કિલોગ્રામ વર્ગમાં **મોંગોલિયાના બ્યાબાને** હરાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો.

❖ **આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ**(ICC)12 વર્તમાન દેશો સિવાય **નેપાળ, નેધરલેન્ડ, સ્કોટલેન્ડ અને UAE** ને તેના ODI રેન્કિંગ્સ લિસ્ટમાં સામેલ કરી છે.

❖ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની પૂર્વ સુકાની **મિતાલી રાજના આંતરરાષ્ટ્રીય ટી 20 ક્રિકેટમાં 2,000 રન** પૂરાં થઇ ગયા છે. તે આવી સિદ્ધિ મેળવનારી **ભારતની પ્રથમ મહિલા ક્રિકેટર** બની છે.

→ મેન્સ ક્રિકેટમાં ભારત તરફથી ટી20 માં હાઇએસ્ટ રન ફટકારવાનો રેકોર્ડ **વિરાટ કોહલીના** નામે છે, જેણે 1,905 રન કર્યા છે.

❖ **ચેન્નાઇના** રહેવાસી **આર.પ્રજ્ઞાનંદે** 12 વર્ષ, 10 મહિના અને 13 દિવસની ઉંમરમાં **ભારતના પ્રથમ અને વિશ્વનો બીજો સૌથી યુવાન ગ્રાન્ડમાસ્ટર** બનીને ઇતિહાસ રચ્યો છે.

→ ઇટાલીના ઓર્ટિસેઇમાં ગ્રેડાઇન ઓપનમાં **પ્રજ્ઞાનંદે ચેસની અદ્દ્ભુત રમતનું પ્રદર્શન** કર્યું હતું.

❖ **અફઘાનિસ્તાન સામે ભારતનો ઇનિંગ્સ અને 262 રનથી ટેસ્ટમાં સૌથી મોટો વિજય ...**

→ **116 વર્ષમાં પ્રથમ વખત એક દિવસમાં 24 વિકેટ ...**

→ ભારતે **અફઘાનિસ્તાનને** તેની પ્રથમ જ ટેસ્ટ મેચમાં ઇનિંગ્સ અને 262 રને હરાવી ટેસ્ટમાં **અત્યારસુધીનો સૌથી મોટો વિજય** મેળવ્યો છે. ભારતની 87 વર્ષના તેના **ટેસ્ટ ઇતિહાસમાં આ સૌથી મોટી જીત છે.** મેચના બીજા દિવસે 15 જૂન, 2018 ના 24 વિકેટ ખડી હતી. ભારતની 4 તથા અફઘાનિસ્તાનની 20 આવું **116 વર્ષ** બાદ બન્યું છે. અગાઉ, 1902 માં ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેલબોર્ન ટેસ્ટના પ્રથમ દિવસે **25 વિકેટ** પડી હતી. ભારતે આ ઉપરાંત એક બીજો પણ ઇતિહાસ રચ્યો છે. ભારતે તેના ટેસ્ટ ઇતિહાસમાં **પ્રથમવાર બે દિવસમાં** ટેસ્ટ મેચ જીતવાની સિદ્ધિ મેળવી છે. ટેસ્ટ ક્રિકેટના 141 વર્ષના ઇતિહાસમાં આ 21 મી ઘટના હતી કે જયારે ટેસ્ટ મેચ માત્ર બે જ દિવસમાં પુરી થઇ ગઇ.

→ **સંક્ષિપ્ત સ્કોરઃ ભારતઃ 474 રન, અફઘાનિસ્તાનઃ 109 અને 103 રન**

❖ ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન **વિરાટ કોહલી** દુનિયામાં સૌથી વધુ કમાણી કરતા 100 ખેલાડીઓની યાદીમાં 83 મા ક્રમે છે. તે **એકમાત્ર ભારતીય ખેલાડી** છે, જે હાઇએસ્ટ પેઇડ ખેલાડીઓની ટોપ 100 યાદીમાં સ્થાન પામ્યો છે.

→ **પ્રથમ ક્રમાંક : ફ્લોઇડ મેવેધર - બોક્સિંગ - 1,904 કરોડ રૂપિયા**

❖ **બાંગ્લાદેશની મહિલા ટીમ** એશિયા કપ ટી 20 માં પ્રથમવાર ચેમ્પિયન બની છે. બાંગ્લાદેશની મહિલા ટીમે **મલેશિયાના કુઆલાલમ્પુરમાં** રમાયેલી ફાઇનલ મેચમાં 6 વખતની ચેમ્પિયન ટીમ ભારતને 3 વિકેટે હરાવી હતી. આ ટુર્નામેન્ટની આ સાતમી સીઝન હતી. ભારત પ્રથમ વખત જ આમાં ચેમ્પિયન બનવામાં સફળ રહ્યું નથી.

→ **પ્લેયર ઓફ ધ મેચ : રૂમાના અહેમદ (બાંગ્લાદેશ)**

→ **પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ : હરમનપ્રીત કૌર, (ભારત, સુકાની)**

❖ **કેપ્ટન સુનીલ છેત્રીના બે ગોલની મદદથી મુંબઇમાં ભારત ઇન્ટરકોન્ટિનેન્ટલ ફુટબોલ કપમાં કેન્યાને પરાજય આપી ચેમ્પિયન બન્યું છે. આ બન્ને ગોલ છેત્રીએ કર્યા હતા.**

→ ભારતનો કરિશ્માઇ ફુટબોલ ટીમ કેપ્ટન **સુનિલ છેત્રી** (33) સક્રિય ખેલાડીઓમાં **આર્જેન્ટીનાના ફુટબોલ સ્ટાર લાયોનેલ મેસ્સી** સાથે સંયુક્ત રીતે બીજો હાઇએસ્ટ ઇન્ટરનેશનલ ગોલ સ્કોરર બની ગયો છે. સુનીલ છેત્રીએ આ સિદ્ધિ **મહારાષ્ટ્રના મુંબઇમાં ઇન્ટરકોન્ટિનેન્ટલ કપની ફાઇનલ મેચમાં કેન્યા** સામે તેનો 64 મો ગોલ નોંધાવીને મેળવી હતી.

→ ભૂતપૂર્વ સુકાની **બાઇચૂંગ ભૂટિયા** બાદ ભારત વતી **100 ઇન્ટરનેશનલ મેચ રમનારો સુનીલ છેત્રી માત્ર બીજો ભારતીય ખેલાડી** બન્યો છે.

→ ગોલ નોંધાવવાની દ્રષ્ટિએ સુનીલ છેત્રી અને લાયોનેલ મેસ્સી **પોર્ટુગલના સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની** પછીના ક્રમે છે.

❖ **ઈંગ્લેન્ડ** વન-ડે ક્રિકેટમાં સૌથી મોટા સ્કોરનો પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો છે. ઈંગ્લેન્ડની ટીમે 19 જૂન, 2018 ના ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વન-ડે માં પ્રથમ બેટિંગ કરતા **50 ઓવરમાં 6 વિકેટ 481 રન** બનાવ્યા હતા. આ પૂર્વેનો વર્લ્ડ રેકોર્ડ પણ ઈંગ્લેન્ડના નામે જ હતો જે તેણે 30 ઓગસ્ટ, 2016 ના **પાકિસ્તાન સામે નોટિંઘમમાં 3 વિકેટે 444 રન** કરીને નોંધાવ્યો હતો.

❖ ભારતીય ક્રિકેટ ટીમના ઓપનર **શિખર ધવને અફઘાનિસ્તાન** સામેની ટેસ્ટમાં પ્રથમ દિવસે **ભોજન વિરામ પૂર્વે તેની સદી પુરી** કરી હતી. આમ તે લંચ બ્રેક પૂર્વે સદી પૂર્ણ કરનારો **ભારતનો પ્રથમ અને વિશ્વનો છઠ્ઠો બેટ્સમેન** બન્યો છે.

❖ **ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમે** આંતરરાષ્ટ્રીય વન ડે મેચમાં નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ન્યૂઝીલેન્ડની મહિલા ટીમે **આયરલેન્ડની** મહિલા ક્રિકેટ ટીમ સામે **50 ઓવરમાં 4 વિકેટે 490 રન** બનાવ્યા હતા જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સર્વાધિક રનનો વર્લ્ડ રેકોર્ડ છે. આ પૂર્વે સૌથી વધારે રનનો વર્લ્ડ રેકોર્ડ પણ ન્યૂઝીલેન્ડના નામે જ હતો. તેણે **1997 માં પાકિસ્તાન સામે 5 વિકેટ 455 રન** બનાવી આ વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો હતો.



Banking Academy

# ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)

## ભરતી કેલેન્ડર 2018-19

ટૂંક સમયમાં જાહેર થનાર મુખ્ય ભરતીઓ

| અનુ. | જગ્યાનું નામ અને વર્ગ | જગ્યાની સંખ્યા | જાહેરાતની તારીખ | પ્રાથમિક પરીક્ષા | મુખ્ય પરીક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | નાયબ સેક્શન અધિકારી<br>નાયબ મામલતદાર | 287 | September 2018 | 16 December 2018 | 27 / 28 April 2019 |
| 2 | રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ - 3 | 50 | August 2018 | 21 October 2018 | 06 / 07 April 2019 |
| 3 | ગુજરાત વહીવટી સેવા, વર્ગ - 1 અને<br>ગુજરાત મુલ્કી સેવા વર્ગ - 1 તથા વર્ગ - 2 | 100 (અંદાજે) | July 2018 | 07 October 2018 | 17 / 23 / 24 February 2019 |
| 4 | ગુજરાત ઈજનેરી સેવા (સિવિલ), વર્ગ - 1 / 2<br>કાર્યપાલક ઈજનેર, વર્ગ - 1 (માર્ગ અને મકાન વિભાગ) — 05<br>નાયબ કાર્યપાલક ઈજનેર, વર્ગ - 2 (માર્ગ અને મકાન વિભાગ) — 20 | 25 | October 2018 | 06 January 2019 | 22 / 23 June 2019 |
| 5 | મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ - 2<br>(માર્ગ અને મકાન વિભાગ) | 212 | November 2018 | 03 March 2019 | – |
| 6 | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ - 3 | 25 | November 2018 | 03 March 2019 | – |
| 7 | નગરપાલિકા મુખ્ય અધિકારી, વર્ગ - 3 | 07 | July 2018 | 04 November 2018 | 11 / 12 May 2019 |

નવા વર્ગમાં Admission લેવા માટે આજે જ મળો

વર્ગોનો સમય: 8 to 10 | 10 to 12 | 6 to 8

Banking Academy (Creating A Way For Govt. Jobs)

Surat - Varachha
Ph. : 70464 16555
(Silver Business Hub)
Near Yogi Chowk

Ahmedabad
Ph. : 70460 55566
Opp. H.K. College

Vapi
Ph. : 75750 03664
Fortune Mall, G.I.D.C.

SURAT - Head Office
Shree Arc, Opp. Shanidev Temple,
Sosyo Circle, Udhna-Magdalla Road, SURAT
Ph. : 96629 00564

For Latest Vacancies & Updates Kindly visit @
www.bankingacademy.co.in

Follow us on :

Vyara
Ph. : 90998 64658
Opp. New Bus Stand

Navsari
Ph. : 70466 41555
(J.P. Plaza)
Near. Sushrusha Hospital

Vadodara
Up Comming

❖ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (ASI) **ભારતમાં કાંસ્ય યુગ** (200 થી 1800 ઇ.પૂ.) ના **પ્રથમ રથનું** પ્રમાણ **ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના સિનૌલીમાંથી** પ્રાપ્ત થયું છે. આ રથને **તાંબાથી** સજાવાયો છે.

→ ખોદકામમાં તલવાર તથા ડ્રગર્સ પણ હાથ લાગ્યા છે જે એ બાબત સૂચવે છે કે અહીંયા યોદ્ધાઓ વસતા હશે. આ રથોની ખોજે ભારતીય સંસ્કૃતિને **મેસોપોટેમિયા, યુનાની સમકક્ષ** લાવી મૂકી છે જ્યાં રથોનો મોટાપાયે ઉપયોગ થતો હતો.

❖ મહારાષ્ટ્રના સાંગલીની હળદરને ભારતીય પેટન્ટ કાર્યાલય તરફથી 27 જૂન, 2018ના જ્યોગ્રાફીકલ ઇન્ડિકેશન (GI) પ્રદાન કરાયું છે. આ ટેગ મળ્યા બાદ હવે સાંગલીની હળદરને સાંગલી બ્રાન્ડના નામે સમગ્ર ભારત તથા વિદેશોમાં પણ વેચી શકાશે. કોઇપણ અન્ય સંસ્થા, કંપની અથવા વ્યક્તિ 'સાંગલી હલદ' નામથી તેનું વેચાણ કરી શકશે નહી.

❖ **ઓડિશાના કોરાપુટ જિલ્લાની નિવાસી પલ્લવી દારુઓને** ઉત્કલ મંડપમાં આયોજીત આદિરાણી કલિંગ ટ્રાઇબલ ક્વીન સ્પર્ધામાં **ભારતની પ્રથમ ટ્રાઇબલ ક્વીનનો** તાજ પહેરાવાયો હતો. તિતલાગઢની **પંચમી માંઝી** તથા મયૂરભંજની **રશ્મિરેખા હંસદાહને** આ સૌદર્ય સ્પર્ધાની અનુક્રમે પ્રથમ તથા દ્વિતીય રનર્સ-અપ જાહેર કરાઇ હતી. આ સૌદર્ય સ્પર્ધા યોજવાનો મુખ્ય ઉદ્દેશ **આદિવાસી કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો** હતો.

❖ **ફોક્સવેગન ગ્રુપના લક્ઝરી ડિવિઝન ઓડીના CEO રૂપર્ટ સ્ટેડલરની 18 જૂન, 2018 ના રોજ જર્મનીમાં તેમના ઘરેથી ધરપકડ કરાઇ હતી. તેમની ધરપકડ ડીઝલ કારમાં પ્રદુષણ સંબંધિત આંકડામાં હેરાફેરી કરવા બદલ કરાઇ છે.**

## અગત્યના દિવસો

✓ **3 જૂન, 2018 :** વિશ્વ સાઇકલ દિવસ

✓ **4 જૂન, 2018 :** ઘર્ષણનો ભોગ બનેલા નિર્દોષ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ

✓ **8 જૂન, 2018 :** વિશ્વ મહાસાગર દિવસ

✓ **12 જૂન, 2018 :** વિશ્વ બાળ શ્રમ નિષેધ દિવસ (વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસ)

✓ **14 જૂન, 2018 :** વિશ્વ રકતદાતા દિવસ. યજમાન દેસ ગ્રીસ
- **થીમ:** 'બી ધેર ફોર સમવન એલ્સ, ગિવ બ્લડ, શેર લાઇફ'
- મહાન વૈજ્ઞાનિક કાર્લ લેન્ડસ્ટાઇનનો જન્મ 14 જૂન, 1868 માં થયો હતો. તેમણે માનવ રકતમાં ઉપસ્થિત એગ્લ્યુટિનિનની ઉપસ્થિતિના આધારે રકતકણોનું A, B તથા O ગ્રુપમાં વર્ગીકરણ કર્યું હતું. આ મહાન શોધની કદરરૂપે જ કાર્લ લેન્ડસ્ટાઇનને 1930 માં નોબેલ પુરસ્કાર પ્રદાન કરાયો હતો.

✓ **16 જૂન, 2018 :** ઇન્ટરનેશનલ ડે ઓફ ફેમિલી રેમિટન્સીસ

✓ **17 જૂન, 2018 :** વિશ્વ રણીકરણ અને દુષ્કાળ નિવારણ દિવસ

✓ **18 જૂન, 2018 :** વર્લ્ડ સસ્ટેનેબલ ગેસ્ટ્રોનોમી દિવસ
- ગેસ્ટ્રોનોમી એટલે ? અન્ન અને સંસ્કૃતિ વચ્ચેના સંબંધના અભ્યાસને ગેસ્ટ્રોનોમી કહેવાય છે.

✓ **20 જૂન, 2018 :** વિશ્વ શરણાર્થી દિવસ
- થીમ: 'નાઉ મોર ધેન એવર, વી નીડ ટુ સ્ટેન્ડ વિથ રેફયુજીસ'

✓ **29 જૂન, 2018 : આંતરરાષ્ટ્રીય વિષુવવૃત્તીય દિવસ.**

✓ **25 જૂન, 2018 :** નાવિક દિવસ

✓ **27 જૂન, 2018 :** આંતરરાષ્ટ્રીય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના સાહસોનો દિવસ
- થીમ: 'ધ યુથ ડાઇમેન્શન'

✓ **29 જૂન, 2018 :** 'રાષ્ટ્રીય સ્ટેટિસ્ટિક્સ દિવસ'
- **થીમ:** 'ક્વોલિટી એસ્યુરન્સ ઇન ઓફિસિયલ સ્ટેટિસ્ટિક્સ'
- આ દિવસ પ્રસિદ્ધ ભારતીય વૈજ્ઞાનિક તથા આંકડાશાસ્ત્રી પી.સી.મહાલનોબિસે આર્થિક યોજના તથા આંકડાશાસ્ત્રના વિકાસમાં આપેલ ઉલ્લેખનીય યોગદાનના સન્માનમાં ઉજવાય છે.
- કોલકતામાં ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટયૂટની સ્થાપના 1931 માં પ્રો. પી.સી. મહાલનોબિસે કરી હતી.

Banking Academy